ન્યુ રીનોવેટેડ A/c.
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૧૪-૩-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૫, અંક : ૬

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 ✆ 94266 72303 abataknews@gmail.com @abtakmedia

ચણાદાલ.. ચણાદાલ.. ચણાદાલ..
શોર્ટેક્ષ - વિણાટ
એક્સ્ટ્રા ક્વોલીટી
ચણાદાલ
એજન્સી આપવાની છે
પારેવડી ચોક પાસે, રાજકોટ
© 98242 00970
અપ્પુ

મોદીના એક ફોને મિત્રતાની ''ગૂંજ'' સર્જી

# ઈરાને ભારત માટે ક્રૂડ અને ગેસના જહાજોને આપી લીલીઝંડી

## ૧.૯૦ લાખ મેટ્રિક ટન ક્રૂડ ઓઈલનો જથ્થો ભારતીય કિનારેઃ 'એમટી સ્મિર્ની' અને 'જગ પ્રકાશ' જહાજ મુંબઈ તરફ રવાના

**અબતક, નવી દિલ્હી**

ભારત હંમેશા ''વસુધૈવ કુટુંબકમ'' (સમગ્ર વિશ્વ એક પરિવાર છે) ની ભાવનામાં વિશ્વાસ ધરાવે છે, અને વર્તમાન વૈશ્વિક કટોકટીના સમયે આ સિદ્ધાંત ફરી એકવાર ફળદાયી સાબિત થયો છે. પશ્ચિમ એશિયામાં યુદ્ધના વાદળો ઘેરાયા છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ જ માનવીય અભિગમ સાથે ઈરાની નેતૃત્વ સાથે સંવાદ સાધ્યો હતો. પીએમ મોદીના એક પ્રભાવશાળી ફોન કોલે સાબિત કરી દીધું કે ભારત માત્ર પોતાના હિતોનો જ નહીં, પરંતુ પ્રાદેશિક શાંતિ અને સહકારનો પણ પક્ષધર છે. આ મૈત્રીપૂર્ણ મધ્યસ્થતાને કારણે ઈરાને ભારત તરફ આવતા ઉર્જા જહાજો માટે વિશ્વના સૌથી સંવેદનશીલ ગણાતા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' ના દ્વાર

(અનુ. આઠમા પાને)

### નિકાસની નુકસાની સરભર કરવા રાહત પેકેજ જાહેર કરાશે

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે ભારતીય નિકાસકારોને થઈ રહેલા આર્થિક નુકસાનને રોકવા માટે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં મોટા રાહત પેકેજની જાહેરાત કરી શકે છે. વાણિજ્ય મંત્રાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર, યુદ્ધની સ્થિતિને લીધે નૂર ભાડામાં થયેલો વધારો અને વીમા પ્રીમિયમના ઉંચા દરને કારણે નિકાસકારો મુશ્કેલીમાં છે. આ નુકસાની સરભર કરવા માટે સરકાર વીમા સહાય અને વિશેષ આર્થિક પ્રોત્સાહનો આપવા પર વિચાર કરી રહી છે. ખાસ કરીને નાશવંત વસ્તુઓની નિકાસ ન અટકે તે માટે હવાઈ માર્ગના પરિવહનમાં પણ રાહત આપવાની તૈયારીઓ ચાલી રહી છે. નિકાસકારોને નવા બજારો શોધવા માટે પ્રોત્સાહિત કરવાની સાથે, સરકાર અન્ય બંદરો દ્વારા સુરક્ષિત નિકાસ થાય તે માટે પણ પ્રયત્નશીલ છે.

### વૈશ્વિક પડકારો વચ્ચે ભારતનો મજબૂત આર્થિક દબદબોઃ GDP વૃદ્ધિ દર ૭.૫% રહેવાનો અંદાજ

વૈશ્વિક અસ્થિરતા અને ઈરાન સંઘર્ષ છતાં ભારતીય અર્થતંત્ર મજબૂતીથી આગળ વધી રહ્યું છે. ફિચ રેટિંગ્સે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ભારતનો GDP વૃદ્ધિ દર ૭.૪% થી વધારીને ૭.૫% કર્યો છે. આ વૃદ્ધિ પાછળ મુખ્યત્વે મજબૂત સ્થાનિક માંગ, ગ્રાહક ખર્ચમાં ૮.૬% અને રોકાણમાં ૬.૯% નો વધારો જવાબદાર છે. જ્યારે વૈશ્વિક GDP વૃદ્ધિ દર માત્ર ૨.૬% રહેવાનો અંદાજ છે, ત્યારે ભારત વિશ્વના સૌથી ઝડપથી વિકસતા અર્થતંત્ર તરીકે ઉભરી રહ્યું છે. જોકે, જો કાચા તેલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર કરશે તો વૈશ્વિક અર્થતંત્ર પર તેની વિપરીત અસર પડી શકે છે, પરંતુ હાલમાં ભારતની સ્થિતિ ઘણી સાનુકૂળ દેખાય છે.

કાળઝાળ ગરમી વચ્ચે ''વાંછટિયા'' વરસશે!

# વાતાવરણમાં ફરી પલટોઃ ગુરૂવારે સુરેન્દ્રનગર-રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં ''તોફાની'' વરસાદની સંભાવના

## વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર તળે માવઠાની શક્યતા પ્રબળ, જેના કારણે ઉત્તર અને મધ્ય ભારતમાં વાતાવરણ પલટાશે જેની સીધી અસર ગુજરાતમાં જોવા મળશેઃ ગરમીમાં આજથી આંશિક રાહત મળશેઃ માવઠાથી રવિ પાકને નુક્સાનની થવાની ભીતિઃ કેરીને પાકને નુકસાન નહિ થાય

**અબતક, રાજકોટ**

ગુજરાતના કેટલાક જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગે ગુરૂવારે તોફાની માવઠાના સંકેત આપ્યાં છે. ઉલ્લેખનિય છે કે, આજથી એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સર્જાશે, આ સિસ્ટમ મજબૂત હોવાથી માવઠાની શક્યતા પ્રબળ છે.

આ સિસ્ટમના કારણે ઉત્તર ભારત, મધ્ય ભારત સહિતના મોટાભાગના વિસ્તારમાં વાતાવરણ પલટાશે. ગુજરાતની વાત કરીએ તો ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત, કચ્છ,સૌરાષ્ટ્રમાં છૂટછવાયો વરસાદ વરસશે. હવામાન વિભાગની આગાહી મુજબ આ વરસાદ છૂટછવાયો હતો



### ક્યાં જિલ્લામાં કમોસમી વરસાદની આગાહી

માર્ચ મહિનામાં પરંતુ સામાન્ય કરતાં સાત ડિગ્રી વધુ તાપમાન નોંધાઈ રહ્યુ છે અને આકરા ઉનાળાનો લોકો અનુભવ કરી રહ્યા છે. હજુ તો ઉનાળાની શરૂઆત જ છે અને યલો તેમજ ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવી રહયા છે. ત્યારે આજથી ગરમીમાં રાહત મળી શકે તેમ છે અને ગુરૂવારે સુરેન્દ્રનગર, રાજકોટ, બોટાદ, ભાવનગર, અમરેલી, ગીર સોમનાથ, સુરત, ભરુચ, નર્મદા, તાપીમાં માવઠાની આગાહી કરવામાં આવી છે, વાતાવરણમાં બદલાવ આવતા વરસાદની આગાહી કરાઈ છે.

પરંતુ ભારે પવન અને ગાજવીજ સાથે વરસશે. ભરઉનાળે કમોસમી વરસાદની આગાહીથી તૈયાર થયેલા શિયાળુ પાકને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે.

૧૮ અને ૧૯ માર્ચે રાજ્યના અનેક જિલ્લાઓમાં મેઘરાજા ધબધબાટી બોલાવી શકે છે. ૧૮ માર્ચે કચ્છ, બનાસકાંઠા અને પાટણમાં છૂટોછવાયો વરસાદ પડશે. ૧૯ માર્ચે કચ્છ,

(અનુ. આઠમા પાને)

# ચીન અને રશિયાએ ભારતને યુરિયાનો જબરદસ્ત જથ્થો આપ્યો

## યુરિયાની આયાતમાં નોંધપાત્ર વધીને ૩ વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચીઃ ચીનમાંથી ૨૧.૨૪ લાખ ટન યુરિયાની આયાત થઈ

**અબતક, નવી દિલ્હી**

લોકસભામાં શુક્રવારે રજૂ કરવામાં આવેલા સરકારી આંકડાઓ અનુસાર, ચાલુ નાણાકીય વર્ષ દરમિયાન ચીનમાંથી ભારતની યુરિયા આયાત ત્રણ વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ છે. આ સાથે રશિયામાંથી પણ ખાતરની આયાતમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.

અહેવાલ મુજબ, ખાતર રાજ્યમંત્રી અનુપ્રિયા પટેલે લોકસભામાં એક લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ભારતે એપ્રિલ ૨૦૨૫ થી ફેબ્રુઆરી ૨૦૨૬ ની વચ્ચે ચીનમાંથી ૨૧.૨૪ લાખ ટન યુરિયાની આયાત કરી છે. આ આંકડો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના ૦.૯૯ લાખ ટન કરતાં ઘણો વધારે છે અને ૨૦૨૩-૨૪ (૧૮.૬૫ લાખ ટન) તથા ૨૦૨૨-૨૩ (૧૨.૮૦ લાખ ટન) ની આયાતને પણ વટાવી ગયો છે.



ચીનમાંથી માત્ર યુરિયા જ નહીં, પરંતુ અન્ય ખાતરોની પણ મોટા પાયે આયાત કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ચીનમાંથી ૫.૧૧ લાખ ટન ડીએપી, ૦.૨૮ લાખ ટન એમઓપી અને ૯.૬૧ લાખ ટન એનપીકે ખાતરની આયાત કરવામાં આવી છે. આ આંકડાઓને જોતા ચીનમાંથી કુલ ફોસ્ફેટિક અને પોટેશિક ખાતરની આયાત અંદાજિત ૧૫ લાખ ટન જેટલી થવા પામી છે.

ચીનની સાથે રશિયામાંથી પણ ખાતરના પુરવઠામાં સતત વધારો નોંધાયો છે. રશિયામાંથી ફેબ્રુઆરી

(અનુ. આઠમા પાને)


# ટ્રમ્પનું ટિક ટિક... ટિક ટોક પાસેથી આશરે રૂ.૧ લાખ કરોડ પડાવશે

## યુએસમાં એપ્લિકેશન ચલાવવા માટે ટ્રમ્પ ચાઈનીઝ એપ પાસેથી તગડી રકમ વસુલ કરશે

**અબતક, નવી દિલ્હી**

જેનો રાજા વેપારી, તેની પ્રજા ભિખારી... આ કહેવત જાણે અમેરિકાને હવે લાગુ પડવા જઈ રહી હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. કારણકે યુદ્ધમાં મોટો આર્થિક બોજ સહન કર્યા બાદ હવે ટ્રમ્પ આર્થિક સ્થિતિ સુધારવા બે બાકળા થયા છે. ટ્રમ્પે ટિક ટોક પાસેથી આશરે રૂ.૧ લાખ કરોડ પડાવવાની તૈયારીઓ શરૂ કરી છે.

રિપોર્ટ અનુસાર, ટિકટોક યુએસ જોઈન્ટ વેન્ચર ડીલથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્ર માટે સામેલ રોકાણકારો તરફથી લગભગ ૧૦ બિલિયન ડોલરની ચૂકવણી થવાની ધારણા છે. ડબ્લ્યુએસજેએ જણાવ્યું હતું કે આ ચૂકવણી એ વ્યવસ્થાનો એક ભાગ છે જેના દ્વારા વહીવટીતંત્રના મિત્ર ગણાતા રોકાણકારોએ બાઈટડાન્સ પાસેથી ટિકટોકના યુએસ ઓપરેશન્સનો નિયંત્રણ મેળવ્યો હતો. આ ફી યુનાઈટેડ સ્ટેટ્સમાં



એપ્લિકેશન ચલાવવા માટે જવાબદાર નવી એન્ટિટી સ્થાપિત કરવા માટે અગાઉ કરવામાં આવેલા રોકાણોથી અલગ છે.

(અનુ. આઠમા પાને)

પસંદગીના નંબરોએ પણ કૌભાંડની 'મોકાણ' સર્જી

# 'ભૂત' થઈ ગયેલી નંબર પ્લેટો જીવિત કરી રૂ.૫૦૦ કરોડનું કૌભાંડ આચરાયું

## રાજસ્થાનમાં ભેજાબાજ અધિકારીઓ અને એજન્ટોએ આરટીઓ કચેરીઓમાં ડિજિટાઈઝેશનની ખામીનો લાભ ઉઠાવી જૂના વિન્ટેજ વાહનોના ફેન્સી નંબરો નવા વાહનો પર ટ્રાન્સફર કર્યા

**અબતક, નવી દિલ્હી**

રાજસ્થાનમાં એક મોટું કૌભાંડ સામે આવ્યું છે, જેમાં આરટીઓ અધિકારીઓ અને એજન્ટોએ મળીને જૂના અને વિન્ટેજ વાહનોના રજીસ્ટ્રેશન નંબર નવા વાહનો પર ગેરકાયદેસર રીતે ટ્રાન્સફર કરી દીધા છે. ટ્રાન્સપોર્ટ વિભાગની તપાસ સમિતિના જણાવ્યા અનુસાર, રેકોર્ડના ડિજિટાઈઝેશન પ્રક્રિયાની ખામીનો લાભ




### કૌભાંડની મોડસ ઓપરેન્ડી

- નિષ્ક્રિય નંબરોની ઓળખ કરવી, જેમાં વર્ષોથી માલિક દ્વારા કોઈ ટ્રાન્ઝેક્શન ન થયું હોય.
- નંબરને કાગળ પરના 'વર્ચ્યુઅલ વાહન' પર ટ્રાન્સફર કરી ડિજિટલ ફૂટપ્રિન્ટ સાફ કરવી.
- ૨ થી ૧૦ લાખ રૂપિયા સુધીની રકમ વસૂલીને આ 'ફેન્સી' અને 'વિન્ટેજ' નંબર નવા વાહન માલિકોને વેચવા.

લઈને આશરે ૫૦૦ કરોડ રૂપિયાનું આ મોટું કૌભાંડ આચરવામાં આવ્યું છે. આ સમગ્ર કૌભાંડમાં ખાસ કરીને ૧૯૯૦ પહેલાંના ૭-ડિજિટના આકર્ષક અને જૂના લાયસન્સ પ્લેટ નિશાન પર હતા.

આ કૌભાંડનો ભોગ બનનારાઓમાં જયપુરના શંકર સિસોદિયા પણ સામેલ છે. જ્યારે તેઓએ પોતાનું રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ રીન્યુ કરવા માટે એક એજન્ટની મદદ લીધી, ત્યારે તેમને જાણવા મળ્યું કે તેમની જાણ બહાર અને સંમતિ વિના તેમનો વિન્ટેજ નંબર જયપુર આરટીઓ ના એક

(અનુ. આઠમા પાને)

### મુખ્ય કાર્યવાહી અને તપાસના પગલાં

- કૌભાંડની ગંભીરતા જોતા ૪ સભ્યોની તપાસ કમિટી બનાવાઈ, જેમાં એડિશનલ ટ્રાન્સપોર્ટ કમિશનર રેણુ ખંડેલવાલ પણ સામેલ હતા.
- એકલા જયપુરમાં ૧,૧૬૦ વાહનોના રજીસ્ટ્રેશન સસ્પેન્ડ અને ૪૯૬ રદ કરાયા.
- ગુનામાં સંડોવાયેલા આરટીઓ કચેરીઓના કર્મચારીઓ, બ્રોકર્સ અને ખાનગી માલિકો સામે પોલીસમાં એફઆઈઆર દાખલ

# અમેરિકા સાથે જોડાયેલા ઓઈલ અને ઊર્જાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ફુરચેફુરચા ઉડાવી દેશુંઃ ઈરાન

## અમેરિકાએ ઈરાનના ખાર્ગ આઈલેન્ડ પર આવેલા ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને મિલિટરી ટાર્ગેટ્સ પર હુમલો કર્યો હોવાનો દાવો કરતા ઈરાનનો વળતો પ્રહાર

**અબતક, તેહરાન**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલો સંઘર્ષ હવે એક અત્યંત વિનાશક વળાંક પર આવી પહોંચ્યો છે. ઈરાને અમેરિકા અને ઈઝરાયેલના હુમલાઓનો વળતો જવાબ આપતા ખુલ્લી ચેતવણી ઉચ્ચારી છે કે જો તેમના પર હુમલા ચાલુ રહેશે, તો તેઓ અમેરિકાના હિતો સાથે જોડાયેલા ઓઈલ અને ઊર્જાના તમામ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને નેસ્તનાબૂદ કરી દેશે. ઈરાની સૈન્ય કમાન્ડરોએ જણાવ્યું છે કે તેઓ અમેરિકાના ઊર્જા પુરવઠા અને આર્થિક કરોડરજ્જુ સમાન તેલના કુવાઓ અને રિફાઈનરીઓને નિશાન બનાવવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે.

છેલ્લા કેટલાક દિવસોથી ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે સીધું સૈન્ય યુદ્ધ ફાટી નીકળ્યું છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશથી શરૂ થયેલા 'ઓપરેશન એપિક ફ્યુરી' બાદ ઈરાને વળતો પ્રહાર તેજ કર્યો છે. ઈરાની નેતૃત્વએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ માત્ર બચાવ નહીં, પણ આક્રમક રીતે અમેરિકી અસ્કયામતો પર હુમલો કરશે. આ આક્રમક વલણને કારણે વૈશ્વિક બજારમાં તેલની કટોકટી ઉભી થઈ છે અને ખાડી દેશોમાં ભયનો માહોલ છે.

ઈરાને તાજેતરમાં સેંકડો બેલેસ્ટિક મિસાઈલો અને આત્મઘાતી ડ્રોન દ્વારા ગલ્ફ દેશોમાં આવેલા અમેરિકી સૈન્ય મથકો અને તેલના કુવાઓને નિશાન બનાવ્યા છે. ઈરાની મીડિયાના અહેવાલ મુજબ, ઈરાને ધમકી આપી છે કે ''અમેરિકા સાથે જોડાયેલા ઓઈલ અને ઊર્જાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના ફુરચેફુરચા ઉડાવી દેશું.'' આ ધમકી બાદ હોર્મુઝની સામુદ્રધુનીમાં તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે, જે વિશ્વના કુલ તેલ પુરવઠાનો મોટો હિસ્સો ધરાવે છે.

બીજી તરફ, ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના ખાર્ગ આઈલેન્ડ પર

(અનુ. આઠમા પાને)



# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ અ,લ,ઈ

વાયુ તત્વ સંબંધિત કોઈ ને કોઈ સમસ્યા કે પ્રતિકૂળતા ઊભી થાય તેવી પૂર્ણ રૂપે સંભાવના. કુટિર એવમ નાના, ઔદ્યોગિક એકમના જાતક થી લઈને મોટા ઔદ્યોગિક એકમના તમામ જાતક માટે આ સપ્તાહ પણ સાવ સરેરાશ અથવા પ્રતિકૂળ નીવડશે તેવી પૂર્વ સંભાવના . રંગ તેમજ રસાયણના જથ્થાબંધ વ્યાપારના જાતક માટે આ સપ્તાહ ચડાવ ઉતાર વાળું જણાશે. આ સિવાયના, અન્ય, વ્યાપારી જાતક માટે લાભકારક સપ્તાહના સંયોગ શક્યતા. સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી એવમ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. મેડિકલ સ્ટુડન્ટ, નિવૃત્ત તથા ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨૦ તથા ૨૧ માર્ચ સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ).

### વૃષભ બ,વ,ઉ

જાહેર ક્ષેત્ર તથા રાજકીય ક્ષેત્રની વ્યક્તિ માટે આ સપ્તાહ સાવ સરેરાશ જણાશે. સૌંદર્ય પ્રસાધન + શૃંગાર એવમ ફેશન સંબંધિત ઔદ્યોગિક + વ્યાપારી એકમના જાતક એવમ પેકીંગ ફૂડ, કેનિંગ ફૂડ તથા ફાસ્ટ ફૂડ તેમજ તેને સંબંધિત ઉદ્યોગ-ધંધા વ્યવસાયના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડે તેવી સંભાવના. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહે અણધાર્યો લાભ થશે, મધ્યમ કદના વ્યાપાર વણિજ તથા સર્વિસ બિઝનેસના જાતક માટે હળવું લાભકારી સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે સરેરાશ સપ્તાહ. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે સાનુકૂળ સપ્તાહ પરિવાર સાથે સુમેળ અકબંધ રહેશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા ઉચ્ચાભ્યાસ કરતા છાત્ર માટે આ સપ્તાહ સારું રહેશે. ૧૯,૨૧ માર્ચ સાધારણ નીવડશે.

### મિથુન ક,છ,ઘ

સરકારી તેમજ ખાનગી શૈક્ષણિક સંસ્થાઓ તથા ટ્રસ્ટની શૈક્ષણિક સંસ્થાઓ, શાળા વિદ્યાલયો, કોલેજ સાથે જોડાયેલા જાતક માટે આ સપ્તાહ સાવ સામાન્ય નીવડશે, દૂષિત તથા નીચસ્થ બુધ વાળા જાતક માટે આ સપ્તાહ દરમિયાન વિશેષ કાળજી લેવી. ઔદ્યોગિક તથા વ્યાપાર-વણિજના એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નાના વ્યાપાર વણિજ તથા છૂટક વ્યાપાર કે ફેરી કરતા જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે અર્ધ-પ્રતિકૂળ સપ્તાહ. સગા તથા સ્નેહીજનો વચ્ચે હળવો ખટારાગ થવાના સંયોગ. વિદ્યાર્થી, ગૃહિણી, મહિલા કર્મી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ હળવું લાભકારક રહેશે. ૧૬ તથા ૧૯ માર્ચ મધ્યમ રહેશે.

### કર્ક ડ,હ

તમામ પ્રકારના સર્વિસ બિઝનેસ તથા કન્સલ્ટીંગ ફર્મસના જાતક તથા વિવિધ પ્રકારના વૈધ સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે તેવી પૂરી શક્યતા. ફાર્મા-કેમિકલ તથા હર્બલ ફાર્મા ના જાતક માટે આંશિક લાભદાયક સપ્તાહ. આ સિવાય અન્ય, ઉદ્યોગ-વ્યાપાર-વણિજ એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ હળવું લાભદાયી જણાશે. નાનાં તથા છૂટક, ફેરી કરતા વ્યાપારી માટે આ સપ્તાહ બહુ જ લાભકારી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ લાભદાયક નીવડશે. આ સપ્તાહ દરમિયાન, જીવનમાં સંવાદિતા તથા સુમેળમાં વધારો થવાના સંયોગ. નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. ૧૮ જાન્યુ સાધારણ જણાશે.

### સિંહ મ,ટ

નાના તથા કુટિર ઔદ્યોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ, અનેક નવી તક વાળું એવમ અતિ લાભદાયક નીવડે તેવી પૂર્ણ સંભાવના. જાહેર ક્ષેત્ર સાથે જોડાયેલ જાતક એવમ સ્ટાર સેલેબલ પર્શન માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. વાણી-બોલીથી નિકટના સંબંધ બગડી જવાની સંભાવના. વ્યાપાર વણિજ તથા વ્યવસાય જોડે સંકળાયેલ જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. સખત પરિશ્રમ વાળા ધંધા વ્યાપારના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. નિવૃત્ત, વિદ્યાર્થી, ગૃહિણી તથા મહિલા કર્મી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૦ તથા ૨૧ જાન્યુ. અર્ધ-પ્રતિકૂળ અથવા સાવ સરેરાશ જણાશે.

### કન્યા પ,ઠ,ણ

આ સપ્તાહે, સર્વિસ બિઝનેસ એવમ કન્સલ્ટીંગ ફર્મસના જાતક માટે આ સપ્તાહ દોડધામ વાળું તેમજ હળવુ લાભકારક નીવડશે. પ્રવાહી જવલનશીલ પદાર્થ સંબંધિત ઔદ્યોગિક એકમના તેમજ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક જણાશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ હળવુ સાનુકૂળ અથવા મધ્યમ રહેશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ લાભકર્તા નીવડે તેવી પૂર્ણ સંભાવના. આ સપ્તાહે, જેટલી આવક થશે તેટલી જ જાવક રહે તેવા સંયોગ તેમજ સંભાવના આથી, યથા મતિ ખર્ચ કરવા. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ લાભકારી જણાશે. વિદ્યાર્થી, નિવૃત્ત,મહિલા કર્મી તથા ગૃહિણી માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. ૧૯ તથા ૨૧ જાન્યુ સામાન્ય જણાશે.

### તુલા ર,ત

આ સપ્તાહે ધંધા વ્યવસાયમાં અણધાર્યા લાભ થવાની પૂર્ણ સંભાવના. પ્લાસ્ટિક, સ્પોંજ તથા અન્ય ફોર્મ એવમ કૃત્રિમ લેધર જેવા મટીરીયલ્સના ઉત્પાદક તેમજ વિક્રેતા માટે આ સપ્તાહ ફાયદાકારક નીવડશે. આ સિવાયના અન્ય, ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડે તેવી પૂર્ણ શક્યતા. વ્યાપાર-વાણિજ્ય એવમ સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ હળવું લાભકર્તા અથવા મધ્યમ રહેશે. રિયાલ્ટી ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ હળવુ પ્રતિકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવુ હળવુ લાભકારક રહેશે. કુટુંબ પરિવારમાં હળવા મનદુઃખ જણાશે. ધાર્મિક ગૃહિણી, નિવૃત્ત એવમ ઉચ્ચાભ્યાસ કરતાં છાત્ર આ સપ્તાહ માટે અત્યાધિક લાભદાયી નીવડશે. ૧૭ તથા ૨૧ માર્ચ સરેરાશ નીવડશે.

### વૃશ્ચિક ન,ય

આ સપ્તાહ દરમિયાન ગત વર્ષના ધંધામાં રહેલ અધૂરા કે લટકતા કામ પૂર્ણ થઈ જશે તેવી પૂર્ણ સંભાવના. ઈલેક્ટ્રીસીટી સંબંધિત વિવિધ ઉત્પાદ એવમ તેના પાર્ટસના ઔદ્યોગિક એકમના જાતક તથા વાણિજ્યક એકમના જાતક માટે લાભદાયક સપ્તાહ, સાથે ભાગદોડ કે પ્રવાસ થવાના સંયોગ.આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અર્ધ લાભદાયક નીવડશે, ધંધા ઉદ્યોગમાં નવી તક મળવાના સંયોગ. સરકારી કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારીઓ માટે આ સપ્તાહ દરમ્યાન આર્થિક લાભ સાથે બઢતીના પણ સંયોગ. મિત્ર સાથે તણાવ વાળું વાતાવરણ રહેવા સંભવ. મહિલા કર્મચારી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ લાભકારી રહેશે. ૨૧ માર્ચ મધ્યમ રહેશે.

### ધન ભ,ફ,ધ,ઢ

આ સપ્તાહ દરમિયાન નિરાંત, રાહત તથા શાંતિના સંયોગ એવમ પૂર્ણ સંભાવના. આ સપ્તાહ દરમિયાન ધંધા હેતું પ્રવાસ થાય તેવી પૂર્ણ સંભાવના. પોલી ક્લોથ્સ એવમ રેડીમેડ ગાર્મેટ્સ ફેશન એસેસરીઝ સંબંધિત તમામ ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. નાના નાના ઔદ્યોગિક એકમના જાતક તથા મોટા વ્યાપાર વણિજ કે જથ્થાબંધ માલના વ્યાપારી જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડવાની પૂર્ણ સંભાવના. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ જણાશે. ૧૮ માર્ચ સાધારણ જણાશે.

### મકર ખ,જ

મરીન રીલેટેડ ઔદ્યોગિક ના જાતક એવમ તે સંબંધિત વ્યાપારી એકમના જાતક માટે આ સપ્તાહ અતિ લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. ઉદ્યોગ ધંધાના નવા કામકાજ માટે આ સપ્તાહ અત્યાધિક લાભદાયક નીવડશે. આ સિવાયના કોઈ પણ કદના ઔદ્યોગિક એકમ વાળા જાતક માટે આ સપ્તાહ સંઘર્ષ વાળું નીવડશે. જથ્થાબંધ વ્યાપારી માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. છૂટક તથા નાના વ્યાપારી, ફેરી કરતા વ્યાપારી જાતક માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તથા સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવુ પ્રતિકૂળ નીવડશે આથી કાર્યક્ષેત્ર, નોકરીમાં વિશેષ સંભાળ રાખવી. મહિલા કર્મી, નિવૃત્ત તથા ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ પણ હળવું લાભકારી રહેશે. ૧૭ માર્ચ સામાન્ય રહેશે.

### કુંભ ગ,શ,ષ

શનિપ્રધાન જાતક એવમ શનિ પ્રધાન સંત, મહંત, કથાકારોએ આ સપ્તાહે, વિશેષ કાળજી રાખવી, અન્યથા વાયરલ થવાના સંયોગ શક્યતા પણ. તમામ પ્રકારના એન્જીનીયરીંગ એકમના જાતક માટે આ સપ્તાહ હળવું હળવું લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય, ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપાર વણિજના તમામ એકમના જાતક માટે આ સપ્તાહ દોડધામ વાળુ તથા સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું હળવું પ્રતિકૂળ નીવડશે, જ્યારે, ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ ભાગ દોડ વાળું નીવડશે. કુટુંબીજન કે સગા દ્વારા સાથ સહકાર અકબંધ રહેશે. યુવાવર્ગ, નિવૃત્ત, વિદ્યાર્થી, તથા ગૃહિણી વર્ગ, પરિશ્રમી કે ઉદ્યમીઓ માટે આ સપ્તાહ પણ હળવું લાભદાયક નીવડશે. ૧૭ માર્ચ મધ્યમ જણાશે. (પન્નોતિનો ઉપાય શ્રમદાન).

### મીન દ,ચ,ઝ,થ

આ સપ્તાહે, ધંધા,વ્યવસાય, ઉદ્યોગ હેતુ લાંબા પ્રવાસ થવાની પૂર્ણ સંભાવના. શેરબજારના જાતક માટે આ સપ્તાહ પ્રતિકૂળ નીવડશે. મશીનરીઝ ઉદ્યોગ સમેત મોટા ઉદ્યોગ-વ્યાપાર-વણિજ ક્ષેત્રના જાતક માટે હળવું પ્રતિકૂળ સપ્તાહ. શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલ જાતક માટે પ્રતિકૂળ સપ્તાહ. ખાનગી સંસ્થા સાથે જોડાયેલ જાતક માટે સરેરાશ સપ્તાહ. આ સપ્તાહે સરકારી કર્મચારી વર્ગ માટે બઢતી બદલીના સંયોગો. અર્ધ સરકારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. આ સપ્તાહે, કુટુંબીજનો સાથે થયેલ વિખવાદનો સુખદ અંત આવવાની પૂરી શક્યતા. નિવૃત્ત, વિદ્યાર્થી, મહિલા કર્મી તથા ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૧૮ માર્ચ અર્ધ-સામાન્ય નીવડશે. (પન્નોતિનો ઉપાય દાન+અભ્યંગ સ્નાન).


---

## જ્ઞાનની ચાવીઃ ગણિત અને વિજ્ઞાન

# ગણિત વિના આધુનિક વિજ્ઞાન, ટેકનોલોજી, અર્થતંત્ર અને દૈનિક જીવનની કલ્પના અશક્ય

**ગણિત એ માત્ર હિસાબ કે અંકગણિત નથી, પરંતુ વિશ્વભરમાં તે વિજ્ઞાન, ટેકનોલોજી, અર્થશાસ્ત્ર અને દૈનિક જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી એક મૂળભૂત ભાષા છેઃ અંકગણિત, બીજગણિત, ભૂમિતિથી લઈને આધુનિક કલનશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર સુધી, ગણિત માનવજાતની પ્રગતિનો આધાર છે**

આજના યુગમાં ગણિત અને વિજ્ઞાન વગર શિક્ષણ અધૂરું ગણાય છે, આજે ગણિતનો પાઈ દિવસ અને ઘણા દેશોમાં વિજ્ઞાનનો દિવસ ઉજવાય રહ્યો છે, ત્યારે આપણા દેશમાં આ બે વિષયો જ વિદ્યાર્થીને અઘરા લાગે છે. ગણિત એ માત્ર હિસાબ કે અંકગણિત નથી, પરંતુ વિશ્વભરમાં તે વિજ્ઞાન, ટેકનોલોજી, અર્થશાસ્ત્ર અને દૈનિક જીવનના દરેક ક્ષેત્રમાં ઉપયોગી એક મૂળભૂત ભાષા છે. અંકગણિત, બીજગણિત, ભૂમિતિથી લઈને આધુનિક કલનશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર સુધી, ગણિત માનવજાતની પ્રગતિનો આધાર છે. વિચારથી શોધ સુધીની ગણિત અને વિજ્ઞાનની સફર છે.




વિશ્વને ... શૂન્યની ભેટ ભારતે આપી હતી, જીવન વિકાસમાં ગણિતનું વિશેષ મહત્વ રહ્યું છે.

ગણિત અને વિજ્ઞાન આપણા રોજિંદા જીવનમાં, ટેકનોલોજીમાં અને આર્થિક વિકાસમાં કેટલું મહત્વનું છે તે સમજાવવાનો આજનો દિવસ છે. વિશ્વના મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈનનો જન્મદિવસ પણ ૧૪ માર્ચ છે અને મહાન ભૌતિકશાસ્ત્રી સ્ટીફન હોકિંગનું અવસાન પણ આ જ દિવસે થયું હતું.ગણિત આપણને અનિશ્ચિતતામાંથી બહાર નીકળવા, જ્ઞાનમાં વિશ્વાસ બનાવવા અને વધુ સમાવિષ્ટ અને ટકાઉ ભવિષ્યની કલ્પના કરવા માટે સજ્જ કરે છે. વૈજ્ઞાનિક અને તકનીકી પ્રગતિને આગળ વધારવા ઉપરાંત, તે સામાજિક એકતા અને સ્થિતિસ્થાપકતામાં પણ ફાળો આપે છે. ઘણા વિદ્યાર્થીઓને ગણિત અને વિજ્ઞાન મુશ્કેલ લાગે છે કારણ કે તેમાં સૂત્રો અને તર્કશક્તિ જરૂરી છે.

ભારતમાં આપણે રાષ્ટ્રીય ગણિત દિવસ ૨૨ ડિસેમ્બર ન ... રોજ શ્રીનિવાસ રામાનુજનની યાદમાં ઉજવીએ છીએ, જ્યારે આજનો દિવસ એ વૈશ્વિક સ્તરની ઉજવણી છે. આ વર્ષની ઉજવણી થીમ ‘‘ગણિત અને આશા‘‘ છે, જેનો હેતુ એ દર્શાવવાનો છે કે ગણિત કેવી રીતે અનિશ્ચિતતાના સમયમાં આપણને જટિલ સમસ્યાઓ સમજવામાં અને ભવિષ્ય માટે આશાસ્પદ ઉકેલો શોધવામાં મદદ કરે છે. આ દિવસ આજેજ કેમ ઉજવાય છે,તેની પાછળનું કારણ ગણિતમાં વર્તુળના પરિઘ અને વ્યાસના ગુણોત્તરને પાઈ કહેવામાં આવે છે, જેની અંદાજિત કિંમત ૩.૧૪ છે.જો આપણે મહિનો તારીખને ક્રમમાં લખીએ તો તે ૩/૧૪ થાય છે, જે પાઈની કિંમત સાથે મેળ ખાય છે. વધુ ચોકસાઈથી જોઈએ તો, બપોરે ૧:૫૯ વાગ્યે આ દિવસની ખાસ ઉજવણી થાય છે, કારણ કે પાઈની કિંમત ૩.૧૪૧૫૯ છે. ગણિત એ રચના, ક્રમ અને સંબંધ અંગેનું વિજ્ઞાન છે. તેનું પ્રાથમિક સ્તર સરવાળા, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર જેને અંકગણિત, તેનું મધ્યમ સ્તરઃ બીજગણિત સમીકરણો, અવયવો, ભૂમિતિ આકારો, પ્રમેયો છે, અને ઉચ્ચ સ્તરમાં કલનશાસ્ત્ર, યાંત્રિક ગણિત, આંકડાશાસ્ત્ર, સંભાવના, સંખ્યા શાસ્ત્ર વગેરેનો સમાવેશ થાય છે.ગણિત વિના આધુનિક વિજ્ઞાન, ટેકનોલોજી, અર્થતંત્ર અને દૈનિક જીવનની કલ્પના શક્ય નથી.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આજે ગણિત શીખવા ઘણા ઑનલાઈન કોર્ષ અને મેથેમેટિક્સના સેન્ટરો ઉપલબ્ધ છે.

વિશ્વ ગણિતનો વિકાસ પ્રાચીન ભારતમાં આર્યભટ, બ્રહ્મગુપ્ત, ભાસ્કરાચાર્ય જેવા વિદ્વાનો દ્વારા શૂન્ય, દશાંશ પદ્ધતિ, બીજ ગણિતના મૂળભૂત સિદ્ધાંતો મળ્યા, ગ્રીસમાં યુક્લિડ દ્વારા ભૂમિતિના પ્રમેયો, ઈસ્લામિક વિશ્વમાં અલ-ખ્વારિઝમી દ્વારા ‘‘અલ્જેબ્રા‘‘ શબ્દ અને પદ્ધતિ અને યુરોપમાં ન્યુટન અને લાઈબ્નિઝ દ્વારા કલનશાસ્ત્ર સાથે આજના આધુનિક યુગઃ કમ્પ્યુટર વિજ્ઞાન, કૃત્રિમ બુદ્ધિ, ડેટા સાયન્સમાં ગણિતનો વ્યાપક ઉપયોગ થયો છે.

ઈતિહાસ જોઈએ તો ગણિત અને વિજ્ઞાન જ પ્રગતિના સાચા પાયા છે, તે જ્ઞાનની ચાવી સાથે ભવિષ્યની રચનામાં આધારસ્તંભ ગણાય છે. આશરે ૨૦૦૦ બીસીઈમાં સૌથી પહેલા અસ્તિત્વમાં રહેલા ગાણિતિક ગ્રંથો પ્લિમ્પટન ૩૨૨ જેવી બેબીલોનીયન માટીની ગોળીઓ અને રિંડ મેથેમેટિકલ પેપિરસ જેવી ઈજિપ્તીયન પેપિરી અંકગણિત, ભૂમિતિ અને સમીકરણો ઉકેલવા માટેની લેખિત પદ્ધતિઓ આવી, આશરે ૨૫૦ બીસીઈ આર્કિમિડીઝ ભૂમિતિ અને પાઈને આગળ ધપાવે છે.૨૬૩ સીઈમાં લિયુ હુઈ ચીનમાં પાઈના મૂલ્યને સુધારે છે.ચીની ગણિતશાસ્ત્રી લિયુ હુઈ ૧૯૨-ગોન પર બહુકોણ અંદાજ લાગુ કરે છે, ૧૨૦૨માં ફિબોનાકી યુરોપમાં હિન્દુ-અરબી અંકોને લોકપ્રિય બનાવે છે.૧૬૩૭માં ડેસકાર્ટેસ ‘‘લા જીઓમેટ્રી‘‘ પ્રકાશિત કરે છે.




૧૮૪૯ ના દાયકામાં ગણિતમાં પ્રથમ ડોકટરલ ડિગ્રી મહિલાને એનાયત થઈ. રશિયન ગણિત શાસ્ત્રી સોફ્યા કોવાલેવસ્કાયાએ ગોટિંગેન યુનિવર્સિટીમાંથી ગણિતમાં ડોક્ટરેટની પદવી મેળવી, ઉચ્ચ ગણિતમાં મહિલાઓની ભાગીદારી માટે પ્રણેતા બન્યા. ૧૯૫૦-૧૯૬૦નો દાયકો નવું ગણિત અને યુદ્ધ પછીના ગણિત શિક્ષણનો વિસ્તરણ થયું હતું. શીત યુદ્ધની ચિંતાઓ અને સ્પુટનિકની શરૂઆતથી ગણિતના અભ્યાસક્રમમાં મોટા સુધારા અને વિશ્વભરમાં શાળાકીય શિક્ષણની પહોંચને પ્રોત્સાહન મળ્યું, જેનાથી અદ્યતન ગણિતનો અભ્યાસ કરનારાઓનો વિસ્તાર થયો. ગણિતના ઈતિહાસને સંપૂર્ણપણે સમજવું મુશ્કેલ છે, કારણ કે તે ફક્ત લેખિત દસ્તાવેજો દ્વારા આપવામાં આવેલા ઈતિહાસ દ્વારા જ શોધી શકાય છે, ભલે આનાથી પ્રાચીન માનવીઓ તેમની ગણતરીઓમાં શું કરતા હતા તેની થોડી સમજ મળી શકે છે. ગણિત વિષય પર ઉપલબ્ધ સૌથી પ્રાચીન લેખિત ગ્રંથો લગભગ ૨૦૦૦ બીસીના છે. મોટાભાગના ઈતિહાસમાં ઘણી સંસ્કૃતિઓમાં પુરુષોનું વર્ચસ્વ રહેલું છે, એવી દુનિયામાં, આજની શિક્ષણ પ્રણાલી છોકરીઓ અને યુવતીઓ માટે ગણિત અને અન્ય વિષયોમાં વધુ સારી પહોંચ પ્રદાન કરી શકે છે.પરંતુ લિંગની વાત આવે ત્યારે ગણિત અને વિજ્ઞાનની દુનિયા હજુ પણ સમાન નથી,અને આ એક મહત્વપૂર્ણ કારણ છે કે આંતરરાષ્ટ્રીય ગણિત દિવસની સ્થાપના સૌ પ્રથમ થઈ. આપણી ભારતીય સંસ્કૃતિમાં વૈદિક ગણિતનું અતિ મહત્વ છે, અંક ગણિત કે બીજ ગણિતની ગણના અને વૈકલ્પિક અને સંક્ષિપ્ત વિધીઓનો એક સમુહ છે. વૈદિક ગણિતમાં મૂળ ૧૬ સૂત્રો આપવામાં આવ્યા છે, જેમાં જટિલ અંક ગણિતીય ગણતરીઓ અત્યંત સરળ, સહજ અને ત્વરીત સંભવ બને છે. ૨૦ મી સદીના પ્રારંભે જ આ પધ્ધતિનો પ્રારંભ થયો હતો.

---

## અબતક પંચાગ

### તા.૧૫-૩ -૨૦૨૬ રવિવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ**: ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ફાગણ વદ અગીયારશ પાપ મોચીની એકાદશી
**નક્ષત્ર** શ્રવણ
**યોગ** પરિઘ **કરણઃ** કૌલવ
**સુર્યોદય** ૭.૫૭ **સુર્યાસ્તઃ** ૬.૫૫
**ચંદ્ર રાશી** મકર
**રાશિ અક્ષર** ખ.જ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા** ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા** શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૪ થી ૧.૨૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | | | | | ૭ | ૮ | ૬ |
| | | ૬ | ૪ | | ૫ | ૩ | | |
| ૩ | | | | ૬ | ૭ | | | ૫ |
| | ૩ | ૪ | ૧ | | | | ૬ | |
| ૨ | | ૭ | ૫ | | | | | |
| | ૧ | | | ૪ | | | | |
| | ૯ | | ૭ | | | ૧ | ૨ | |
| ૧ | ૪ | ૮ | ૯ | | | ૬ | | |
| | | | | ૧ | ૪ | ૯ | ૩ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૮૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૭ | ૧ | ૯ | ૪ | ૩ | ૬ | ૫ | ૨ |
| ૩ | ૫ | ૪ | ૬ | ૨ | ૭ | ૮ | ૯ | ૧ |
| ૬ | ૨ | ૯ | ૮ | ૫ | ૧ | ૩ | ૭ | ૪ |
| ૫ | ૬ | ૩ | ૪ | ૯ | ૮ | ૧ | ૨ | ૭ |
| ૭ | ૪ | ૮ | ૫ | ૧ | ૨ | ૯ | ૬ | ૩ |
| ૧ | ૯ | ૨ | ૩ | ૭ | ૬ | ૫ | ૪ | ૮ |
| ૯ | ૩ | ૫ | ૨ | ૮ | ૪ | ૭ | ૧ | ૬ |
| ૨ | ૮ | ૭ | ૧ | ૬ | ૫ | ૪ | ૩ | ૯ |
| ૪ | ૧ | ૬ | ૭ | ૩ | ૯ | ૨ | ૮ | ૫ |

## કાર્યક્રમોની યાદી

अब तक CHANNEL

**તારીખ ૧૪-૦૩-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (હું અને તું)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (માં કી દાલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ફાલ્ગુની સુરેજા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૫-૦૩-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ફક્ત પુરુષો માટે)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (પારસ પાંધી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઢોકળી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃ આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (બૈરાઓનો બાહુબલી)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૬-૦૩-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ શિવ કથા (પૂ.ગીરીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

## આવતીકાલનું રાશિફળ

**તા.૧૫.૩.૨૦૨૬ રવિવાર, સંવંત ૨૦૮૨, ફાગણ વદ અગિયારસ, શ્રવણ નક્ષત્ર, શિવ યોગ, બાલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ મકર (ખ,જ) રહેશે**



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

**મેષ** (અ,લ,ઈ) : વિચારોનું આદાન પ્રદાન કરી શકો,મનોમંથન કરી શકો, કાર્ય માટે નવી યોજના બનાવી શકો.
**વૃષભ** (બ,વ,ઉ) : તમારા કાર્યમાં ઈશ્વરી સહાય મળે, ધાર્યા કામ પર પડી શકો, નાના યાત્રા પ્રવાસ કરી શકો.
**મિથુન** (ક,છ,ઘ) : ધીમે ધીમે પરિસ્થતિ તરફેણમાં આવે, મિત્રોની મદદ મળી રહે, વિચારોમાં પરિવર્તન જોવા મળે.
**કર્ક** (ડ,હ) : સંયુક્ત સાહસો માં સારું રહે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે,શુભ દિન.
**સિંહ** (મ,ટ) : તમને વારંવાર દુઃખ હશે, અમુક સંબંધોમાં યોગ્ય પ્રતિભાવ ના મળે, નકારાત્મક વિચારો દૂર કરી આગળ વધશો તો લાભ થશે.
**કન્યા** (પ,ઠ,ણ) : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને આગળ સારું રહે, વિદેશ બાબત વિચારી શકો, મધ્યમ દિવસ.
**તુલા** (ર,ત) : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, નવી વસ્તુ વસાવી શકો, લાભ દાયકદિવસ.
**વૃશ્ચિક** (ન,ય) : ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદથી કાર્ય સિદ્ધ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**ધન** (ધ,ભ,ફ,ઢ) : સામાજિક કૌટુંબિક કાર્ય કરી શકો,તમારા વિચારોની સરાહના થાય, દિવસ શુભ રહે.
**મકર** (ખ,જ) : તમારી જાતને સમજવાની તક મળે,એકાંતથી લાભ થાય, મનોમંથન કરવું જરૂરી બને.
**કુંભ** (ગ,સ,શ) : વાણી વર્તનમાં વિશેષ કાળજી રાખવી પડે, કોઈને તમારાથી દુઃખના થાય તે કાળજી રાખજો, દિવસ મધ્યમ રહે.
**મીન** (દ,ચ,ઝ,થ) : મિત્રો સાથે હળવાશની પળો વિતાવી શકો, અણધાર્યા લાભ થઈ શકે, ખુશીનો માહોલ રહે, આનંદદાયક દિવસ.

# ઘેડ વિસ્તારમાં ભારે પુરમાં ધોવાઈ જતા ખેતરોને સુરક્ષિત કરવા રૂ.૧૪૨૩ કરોડ ફાળવાયા

## કેન્દ્રીય મંત્રી ડૉ.મનસુખ માંડવિયા, વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયા તેમજ સ્થાનિક ધારાસભ્યના સતત પ્રયત્નોથી સમસ્યાનો કાયમી હલ આવશે

### ફેઝ-૧ અને ફેઝ-૨ હેઠળ સોરઠી ઘેડ વિસ્તારમાં રૂ.૧૧૮૪.૧૮ કરોડ અને બરડા ઘેડ માટે રૂ.૩૫૦.૦૧ કરોડ મળી કુલ રૂ.૧૫૩૪.૧૯ કરોડની યોજનાથી બન્ને ઘેડ વિસ્તારના પ્રશ્નોનો ઉકેલ આવશે



**અબતક, દર્શન જોશી જૂનાગઢ**

સૌરાષ્ટ્રમાં સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી ઉકેલ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં આ કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન ઘેડ વિસ્તારમાં ભરાતા વરસાદી પાણીના કાયમી નિકાલ અને જળસંગ્રહ માટે મુખ્યમંત્રી દ્વારા ફેઝ-૨ના કુલ રૂ. ૧,૪૨૩.૪ કરોડની યોજનાને મંજૂરી આપવામાં આવી છે. આ પ્રોજેક્ટ અંતર્ગત ઘેડ વિસ્તારના ૬ તાલુકાના ખેડૂતોને આ યોજનાનો લાભ મળશે. જેમાં ફેઝ - ૧ ના ૧૭ અને ફેઝ -૨ ના ૧૨ કામો આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન છે. ગત એપ્રિલ-૨૦૨૫માં ફેઝ-૧ના કુલ રૂ. ૧૩૯.૪૨ કરોડના કામોને મંજૂરી અપાઈ હતી, જે કામો પ્રગતિ હેઠળ છે.

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી તેમજ પોરબંદરના સાંસદ ડૉ.મનસુખ માંડવિયા, વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડીયા, કેશોદના ધારાસભ્ય દેવાભાઇ માલમ, માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણી તેમજ માંગરોળના ધારાસભ્ય ભગવાનજી કરગટીયા સહિત સ્થાનિક આગેવાનોના સતત પ્રયત્નોથી આ વિસ્તારની સમસ્યાનો કાયમી હલ આવશે જેનો સૌથી વધુ ફાયદો ખેડૂતો અને નાગરિકોને થશે.

જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે આ પ્રોજેક્ટ અંગે વધુ વિગતો આપતાં કહ્યું હતું કે, ઘેડ વિસ્તારમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે પોરબંદરના ધારાસભ્ય અને વન-પર્યાવરણ મંત્રી અર્જુનભાઇ મોઢવાડિયા તેમજ આ વિસ્તારના ધારાસભ્યો દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે જેને આગામી સમયમાં સફળતા મળશે.

રાજ્યના ઘેડ વિસ્તારના પાણી નિકાલના અભ્યાસ માટે સેકોન કન્સલટન્ટ એજન્સી દ્વારા સર્વેનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. એજન્સી દ્વારા રજૂ કરાયેલ પ્રાથમિક અહેવાલ મુજબ ઘેડ વિસ્તારના પાણી નિકાલના કામો માટે રાજ્ય સરકાર દ્વારા સોરઠી ઘેડ માટે ગત જાન્યુઆરી- ૨૦૨૫માં રૂ. ૧૧૮૪.૧૮ કરોડ અને બરડા ઘેડ માટે રૂ. ૩૫૦.૦૧ કરોડ એમ કુલ અંદાજીત રૂ. ૧૫૩૪.૧૯ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી હતી.

જૂનાગઢ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી વહેતી ભાદર, ઓઝત, મધુવંતી, મીણસાર, વર્તુ, સાની અને સોરઠી વગેરે નદીના મુખ ત્રિકોણ પ્રદેશથી સોરઠી ઘેડ અને બરડા ઘેડ વિસ્તાર બનેલો છે. આ નદીઓના મુખ પાસે બધી નદીઓ સપાટ, છીછરી અને કાંઠા વગરની હોવાથી પૂરના પાણી કાંઠા બહાર ફેલાઈ સમગ્ર ઘેડ વિસ્તારમાં ફરી વળે છે. ખાસ કરીને ચોમાસાની શરૂઆતથી લગભગ ચાર-પાંચ મહિના સુધી આખો વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ રહે છે તેથી આ વિસ્તારના ખેડૂતોને ચોમાસા દરમિયાન ખેતી કરવામાં મુશ્કેલી અનુભવાય છે તથા ચોમાસાના સમય સિવાય સિંચાઈના પાણીની મુશ્કેલી ઉભી થાય છે.

ઘેડ વિસ્તારની સમસ્યાના નિવારણ માટે ત્રણ તબક્કામાં એટલે કે ફેઝ ૧, ૨ અને ૩ માં કામોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સોરઠી અને બરડા ઘેડ વિસ્તારમાં વરસાદી પાણીનાં નિકાલ માટેના આયોજન પૈકી ફેઝ- ૧ના કામો માટે રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ-૨૦૨૫ના રોજ કુલ અંદાજીત રકમ રૂ. ૧૩૯.૪૨ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી હતી. જેમાં હયાત નદી/કેનાલનું ડીસીલ્ટીંગ કરવું, પાણીના પ્રવાહને અવરોધરૂપ ઝાડી ઝાંખરા/વૃક્ષોનું જંગલ કટીંગ કરવું, પાણીના વહેણમાં અવરોધ

(અનુ. આઠમા પાને)

### ચોમાસામાં સમગ્ર વિસ્તાર થઇ જાય છે જળ બંબાકારઃ હવે સમસ્યા ભૂતકાળ બનશે

જૂનાગઢ જિલ્લાના કેશોદ, માણાવદર અને માંગરોળ તાલુકા તથા પોરબંદર જિલ્લાના પોરબંદર, રાણાવાવ અને કુતિયાણા તાલુકામાં સૌરાષ્ટ્રની ભાદર, ઓઝત, મધુવંતી, મીણસાર વગેરે નદીના મુખત્રિકોણ પ્રદેશથી બનેલા વિસ્તારને ઘેડ વિસ્તાર તરીકે ઓળખાય છે. આ ઘેડ વિસ્તારમા મુખ્યત્વે સોરઠી ઘેડ જૂનાગઢ તેમજ પોરબંદર અને બરડા ઘેડ- પોરબંદર વિસ્તારનો સમાવેશ થાય છે.

આ ત્રિકોણકાર પ્રદેશની બધી નદીઓ સપાટ, છીછરી અને કાંઠા વગરની હોવાથી પૂરના પાણી કાંઠા બહાર ફેલાઈ જતા આ વિસ્તારમાં ફરી વળે છે અને ચોમાસાની શરૂઆતથી લગભગ ચાર-પાંચ મહિના સુધી આખો વિસ્તાર જળબંબાકાર થઈ જતા ગામડાઓ સમુદ્રની વચ્ચે આવેલા નાના-નાના ટાપુ જેવા લાગે છે. પરિણામે આ વિસ્તારના આજુ બાજુના ગામડાઓ તેમજ બહારના વિસ્તાર સાથેનો બધો જ વ્યવહાર કપાઈ જાય છે અને નાગરિકોને મુશ્કેલી પડે છે. ઘેડના મોટા વિસ્તારમાં ભરાઈ રહેતા પૂરના પાણીના કારણે ચોમાસુ પાક તો લઈ શકાતો નથી એટલું જ નહીં

(અનુ. આઠમા પાને)

---

રેલવેની માલ પરિવહન ક્ષમતામાં થશે મોટો વધારો

# હાપા યાર્ડમાં રૂ.૩૫.૪૧ કરોડના ખર્ચે અત્યાધુનિક વેગન શેડ તૈયાર





### માલગાડીના ડબ્બાની મરામત ક્ષમતા દરરોજ ૧૨ થી વધીને ૫૬ થશે; ૧૦ દિવસનું કામ હવે માત્ર ૩ દિવસમાં પૂર્ણ થશે, ગતિ શક્તિ યુનિટે રેકોર્ડ સમયમાં પ્રોજેક્ટ પૂર્ણ કર્યા

**અબતક, રાજકોટ**


પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન દ્વારા રેલવેના માળખાગત વિકાસમાં એક નવો સીમાચિહ્ન પ્રસ્થાપિત કરવામાં આવ્યો છે. જામનગર નજીક આવેલા હાપા યાર્ડમાં રૂ૩૫.૪૧ કરોડના તોતિંગ ખર્ચે માલગાડીના વેગનની જાળવણી અને મરામત માટે અત્યાધુનિક 'સંયુક્ત વેગન શેડ'નું નિર્માણ ગતિ શક્તિ યુનિટ દ્વારા રેકોર્ડ બ્રેક સમયમાં પૂર્ણ કરવામાં આવ્યું છે. આ પ્રોજેક્ટના સાકાર થવાથી સૌરાષ્ટ્રમાં રેલવેના માલ પરિવહનની ક્ષમતામાં ધરખમ વધારો થશે અને ઉદ્યોગોને માલસામાનની હેરફેર માટે વેગનની ઉપલબ્ધતા અત્યંત ઝડપી બનશે.પશ્ચિમ રેલવેના મુખ્ય વહીવટી અધિકારી (રોડ સેફ્ટી) અમિત મનુવાલ અને રાજકોટના ડીઆરએમ ગિરિરાજ કુમાર મીનાના સીધા માર્ગદર્શન હેઠળ મુખ્ય પ્રોજેક્ટ મેનેજર સુધીર દુબે અને તેમની ટીમ દ્વારા આ જટિલ ગણાતા પ્રોજેક્ટનું ૯૫ ટકાથી વધુ કામ માત્ર દોઢ વર્ષના ટૂંકા ગાળામાં પૂરું કરી લેવામાં આવ્યું છે. આ નવો શેડ કાર્યરત થવાથી રેલવેની કાર્યક્ષમતામાં ક્રાંતિકારી પરિવર્તન આવશે. અત્યાર સુધી હાપા યાર્ડમાં દરરોજ માત્ર ૧૨ વેગનની મરામત કરવાની મર્યાદિત ક્ષમતા હતી, જે હવે આધુનિક ટેકનોલોજી અને નવા શેડને કારણે સીધી વધીને ૫૬ વેગન પ્રતિ દિવસ થઈ જશે. આમ, વેગન મરામતની ક્ષમતામાં પાંચ ગણો વધારો જોવા મળશે.આ પ્રોજેક્ટની વિશેષતા તેની અત્યાધુનિક ડિઝાઈન છે. ૧૭૨ મીટર લાંબો અને ૨૫ મીટર પહોળો આ શેડ ૧૬.૫ મીટરની ઊંચાઈ ધરાવે છે, જેમાં ટ્રસ વગરની પ્રોફ્લેક્સ રૂફ શીટનો ઉપયોગ કરવામાં આવ્યો છે જે વજનમાં હળવી છતાં અત્યંત મજબૂત છે. શેડની અંદર ત્રણ અલગ-અલગ રેલવે ટ્રેક નાખવામાં આવ્યા છે અને ભારે મશીનરીના ઉપયોગ માટે ખાસ હાર્ડોનાઈટ ફ્લોરિંગ કરવામાં આવ્યું છે. કર્મચારીઓની સુરક્ષાને પ્રાધાન્ય આપતા, વેગનના ઉપરના ભાગના નિરીક્ષણ માટે ખાસ ઈન્સ્પેક્શન ગેન્ટ્રી અને દર ૧૭ મીટરે પ્લેટફોર્મ બનાવવામાં આવ્યા છે, જેથી રેલવે કર્મીઓ કોઈપણ જોખમ વગર ઊંચાઈ પર જઈ વેગન ચેક કરી શકશે.

માત્ર ટેકનિકલ જ નહીં, પણ વહીવટી દ્રષ્ટિએ પણ આ પરિસરને આધુનિક બનાવાયું છે. અહીં ૨૨ રૂમનું ભવ્ય વહીવટી ભવન તૈયાર કરાયું છે, જેમાં ગ્રાઉન્ડ ફ્લોર અને પ્રથમ માળે સ્ટાફ માટે તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. ખાસ કરીને મહિલા કર્મચારીઓ માટે અલગ વિશ્રામ ખંડ અને સમગ્ર પરિસરમાં સીસી રોડ, વોટર ટેન્ક

(અનુ. આઠમા પાને)

---

# વડીલોને માન આપવાથી આયુષ્ય, વિદ્યા, યશ અને બળ વધે છેઃ પૂ. મોરારિબાપુ



**અબતક, સમીર વિરાણી બગસરા**

બગસરામાં બગસરામાં કથા ચાલતી હતી ત્યારે બાપુએ નોંધ્યું હતું કે દરેક કથામાં શ્રોતાજનો શાંતિ જાળવતા હોય છે પરંતુ બગસરાની

### બગસરામાં પૂ. મોરારિબાપુના વ્યાસાસને આયોજીત રામકથા માનસ મેઘાણીમાં શ્રોતાઓ બન્યાં રસમગ્ન

આયોજીત માનસ મેઘાણી રામકથાના સાતમા દિવસે બહોળી સંખ્યામાં ભાવિકો ઉમટ્યા હતા. કથાના પ્રારંભે મોરારીબાપુએ બગસરાની ભૂમિને અસ્મિતાપૂર્ણ ભૂમિ ગણાવી હતી. શરૂઆતમાં કેટલાંક સર્જકોના પુસ્તક વિમોચન થયાં, નીતિન વડગામા દ્વારા કથાના સારદોહનરૂપ ગ્રંથનું પણ વિમોચન થયું. ઉદઘોષણા કરતાં હરિશચંદ્ર જોશીએ કહ્યું હતું કે જેની ધૂળમાં રમીને મેઘાણીજી મોટા થયા એવા બગસરામાં કથા ચાલી રહી છે તેનો આનંદ છે.

કથામાં શ્રોતાજનોએ સૌથી વિશેષ શાંતિથી કથા માણી છે પંખાનો પણ અવાજ સંભળાય એટલી શાંતિથી શ્રોતાજનો કથાને માણે છે એ જ બગસરાના લોકોનો વિવેક અને સાહિત્યપ્રીતિ બતાવે છે. કથાના સંદર્ભમાં બાપુએ જણાવ્યું હતું કે મોટા એ હંમેશા નાનાને માથા પર રાખવા જોઈએ, તેનું સન્માન કરવું જોઈએ જેવી રીતે પર્વત તણખલાઓને માથા પર રાખે છે અને સમુદ્ર ફીણને માથા પર ધારણ કરે છે એવી રીતે નાનામાં નાના માણસનું સન્માન થવું જોઈએ. મેઘાણીના સાહિત્યના સંદર્ભમાં બાપુએ કહ્યું હતું કે મેઘાણી પાસે શબ્દ છે, સ્પર્શ છે, ગંધ છે એમ ઈન્દ્રિયોને દરેક રીતે સંતપર્ક એવું સાહિત્ય મેઘાણીજીનું છે પરંતુ બાપુએ વિશેષ ઉમેર્યું હતું કે મેઘાણીનો શબ્દ છે એમાં વિશેષ સ્પર્શ છે એ દરેકને સ્પર્શે છે. અને એટલે જ આજ સુધી મેઘાણીનો શબ્દ આ રીતે નિત્યનુતન છે.મેઘાણી જીએ વર્ણના વાડાને તોડી નાખ્યા છે બભેદુની ભીંતોને ભાંગી નાખી છે અને દરેક વર્ણના માણસની અસ્મિતાનું વર્ણન મેઘાણીએ પોતાના સાહિત્યમાં કર્યું છે.તેવું બાપુએ ઉમેર્યું હતું . તો વડીલોને માન આપવું જોઈએ તેઓ શાસ્ત્રનો આધાર લઈને બાપુએ કહ્યું હતું કે વડીલોને માન આપવાથી ચાર ફાયદા થાય છે. ઉંમર વધે છે,વિદ્યા વધે છે,પ્રતિષ્ઠા વધે છે અને બળ એટલે કે પ્રાણ તત્વ વધે છે. રામકથાના પ્રવાહને આગળ વધારતા આજે સતીએ દક્ષ મહારાજના યજ્ઞમાં દેહ ત્યાગ્યો ત્યાંથી ફરી હિમાલયને ત્યાં જન્મ લેશે.શિવજીની પ્રાપ્તિ માટે તપ કરે છે અને પરિણામ સ્વરૂપે શિવજીના અને પાર્વતીના વિવાહ થાય છે પ્રસંગ માનસના અદભુત પ્રસંગોમાંનો એક છે તેનું ખૂબ જ રસપૂર્ણ વર્ણન કથામાં થયું અને તમામ શ્રોતાઓ રસમગ્ન બન્યા હતા. મેઘાણીને બાપુએ જીવવાનો કવિ ગણાવ્યા હતા.મેઘાણીના સાહિત્ય માટે જીવનભર ખર્ચનાર રણછોડભાઈ મારુંના પુસ્તકોનું પણ વ્યાસપીઠ પરથી વોમોચન થયું હતું. રણછોડભાઈ હંમેશા મેઘાણીની વેષભુષામાં રહે છે તેની નોંધ પણ લીધી હતી.



### રામકથા સાથે મેઘાણી ગાથા પ્રદર્શનનો રસિકોને મળ્યો લ્હાવો



બગસરામાં મોરારિબાપુના વ્યાસાસને રામકથા 'માનસ મેઘાણી' સાથે ઝવેરચંદ મેઘાણી સંદર્ભે સુંદર ઉપક્રમ યોજાયો છે, આ રામકથા સાથે મેઘાણીગાથા પ્રદર્શનનો રસિકોને લાભ મળ્યો છે.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની પૈતૃકભૂમિ બગસરામાં સનાતન સંસ્કૃતિ અને શાસ્ત્રોના મહિમાસભર સંદેશા સાથે મોરારિબાપુના વ્યાસાસને રામકથા યોજાયેલ છે. આ રામકથા 'માનસ મેઘાણી' સાથે ઝવેરચંદ મેઘાણી સંદર્ભે સુંદર પ્રદર્શન ઉપક્રમ યોજાયો છે. આ રામકથા શ્રવણ સાથે મેઘાણીગાથા પ્રદર્શનનો રસિકોને લાભ મળ્યો છે સાહિત્યકાર અને લોકસાહિત્યના સંશોધનકાર સાથે પત્રકાર અને સ્વાતંત્ર્ય સેનાની ઝવેરચંદ મેઘાણીની પૂણ્યસ્મૃતિ સાથેની રામકથામાં પિનાકી મેઘાણી દ્વારા આ પ્રદર્શનનું આયોજન થયું છે.

### પૂ. મોરારિબાપુની ઉપસ્થિતિમાં સમસ્ત ત્રિપાંખ સાધુ સમાજનું સ્નેહમિલન યોજાયું




બગસરા વૈષ્ણવ સાધુ સમાજના સમાધિસ્થાન રામવાડી ખાતે બગસરા તેમજ ગ્રામ્ય સાધનો સમાજની ત્રણેય પાક એટલે વૈષ્ણવ સાધુ સમાજ રામાનંદી સાધુ સમાજ દશનામ સાધુ સમાજ એમ ત્રણેય પાંખ. ના સાધુ સમાજનું સ્નેહમિલન યોજાયું હતું જેમાં બાપુ દ્વારા ત્રણેય પાંખને એક તાંતણે બાંધવી હોય તો સત્યમ શિવમ સુન્દરમ જેમાં સત્યમ એટલે રામાનંદી સાધુ સમાજ જે રામજીના ઉપાસક છે શિવમ એટલે દશનામ સાધુ સમાજ જે સિંહ ઉપાસક છે સુંદરમ એટલે કૃષ્ણ જે વૈષ્ણવ સાધુ સમાજ છે આમ ત્રણેય પાંખ ને એક તાતણે બાંધવી એટલે સત્યમ શિવમ સુન્દરમ આવી સુંદર વ્યાખ્યા કરી હતી સ્નેહમિલન માં બાપુની હાજરી થી સમસ્ત સાધુ સમાજ હર્ષ ની લાગણી જોવા મળી હતી

### જ્ઞાન અને વિજ્ઞાનનો સમન્વય

# વી.વી.પી. એન્જિનિયરિંગ કોલેજમાં 'શૌર્ય-૨૦૨૬'ના ૩૩ ઈવેન્ટ્સમાં વિદ્યાર્થીઓએ બતાવ્યું કૌશલ્ય

## રોબો સોકર અને બ્લાઈન્ડ કોડિંગ જેવી સ્પર્ધાઓ બની આકર્ષણનું કેન્દ્રઃ વિજેતાઓને ૧ લાખના ઈનામો એનાયત






**અબતક, રાજકોટ**

રાજકોટની ખ્યાતનામ વી.વી.પી. એન્જિનિયરિંગ કોલેજ ખાતે આઈએસટીઈ વિદ્યાર્થી ચેપ્ટર અને ટેકનિકલ ઈવેન્ટ્સ કમિટી દ્વારા સંસ્થાકીય સ્તરના ટેકફેસ્ટ 'શૌર્ય-૨૦૨૬' નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટી ડો. નવીનભાઈ શેઠ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ટેકફેસ્ટનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ટેકનિકલ જ્ઞાનનો વ્યાપ વધારવાનો હતો, જેમાં વિવિધ વિભાગોના ફેકલ્ટી સભ્યોના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ ટેકફેસ્ટમાં ટેકનિકલ કૌશલ્યને કસવા માટે કુલ ૩૩ જેટલી વિવિધ ઈવેન્ટ્સ યોજાઈ હતી. જેમાં ઈલેક્ટ્રિકલ વિભાગ દ્વારા 'રોબો સોકર', ઈસી વિભાગ દ્વારા 'આરડુઈનો શો ડાઉન' અને આઈટી વિભાગ દ્વારા 'બ્લાઈન્ડ કોડિંગ' જેવી રસપ્રદ સ્પર્ધાઓ યોજાઈ હતી. આ ઉપરાંત, કોમ્પ્યુટર એન્જિનિયરિંગમાં 'કોડ રિલે' અને સિવિલ વિભાગમાં 'કોલરફ્સ' જેવી સ્પર્ધાઓએ વિદ્યાર્થીઓની તર્કશક્તિ અને પ્રોગ્રામિંગ ક્ષમતાની આકરી કસોટી કરી હતી.વિવિધ એન્જિનિયરિંગ શાખાઓ દ્વારા વિજ્ઞાન અને ટેક્નોલોજીના સિદ્ધાંતો પર આધારિત વિશિષ્ટ સ્પર્ધાઓનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. બાયોટેકનોલોજી વિભાગ દ્વારા લેબોરેટરીના રસાયણો સાથેની 'લિક્વિડ લક ચેલેન્જ', કેમિકલ વિભાગ દ્વારા ઔદ્યોગિક પ્રક્રિયા સમજાવતી 'ફ્લો ધ ફેક્ટરી' અને મિકેનિકલ વિભાગ દ્વારા ભૌતિક વિજ્ઞાનના નિયમો પર આધારિત 'ટ્રિગર ટેન્શન' સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓ દ્વારા વિદ્યાર્થીઓને પ્રાયોગિક દૃષ્ટિ અને ઔદ્યોગિક સમજ પ્રાપ્ત થઈ હતી.

આ સફળ આયોજન બદલ વિજેતાઓને અંદાજે ૧ લાખ રૂપિયાના રોકડ પુરસ્કારો અને ભેટ સોગાદો એનાયત કરવામાં આવ્યા હતા. સંસ્થાના પ્રિન્સિપાલ ડો. પીયૂષ વણઝારાના માર્ગદર્શન હેઠળ અને ડો. શિલ્પા કાથડ તથા પ્રો. એચ. એ. ખુંટના નેતૃત્વમાં ટેકફેસ્ટની સમગ્ર ટીમે આ કાર્યક્રમને સફળ બનાવવા અથાક જહેમત ઉઠાવી હતી. આ પ્રકારના પ્લેટફોર્મ વિદ્યાર્થીઓના નેતૃત્વ ગુણો અને મેનેજમેન્ટ કૌશલ્યને ખીલવવામાં મદદરૂપ સાબિત થાય છે.'શૌર્ય-૨૦૨૬' ની ભવ્ય સફળતા બદલ સંસ્થાના ટ્રસ્ટીઓ કૌશિકભાઈ શુકલ, ડો. સંજીવભાઈ ઓઝા, હર્ષલભાઈ મણીઆર અને ડો. નરેન્દ્રભાઈ દવેએ તમામ સહભાગી વિદ્યાર્થીઓ અને સ્ટાફગણને અભિનંદન પાઠવ્યા હતા. વિવિધ વિભાગોના વડાઓ અને ફેકલ્ટી સભ્યોના પ્રોત્સાહનને કારણે વિદ્યાર્થીઓએ ટેકફેસ્ટની તમામ ઈવેન્ટ્સમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પોતાની ટેકનિકલ ક્ષમતાનો પરિચય આપ્યો હતો.

# દિવ્યાંગોની ગતિશીલતા અને આત્મનિર્ભરતા માટે જિલ્લામાં રૂ.૩૯ લાખના સહાયક ઉપકરણો એનાયત

## ૫૯ લાભાર્થીઓને મોટરાઈઝ્ડ ટ્રાયસિકલ અને જોયસ્ટિક વ્હીલચેરનું વિતરણ





**અબતક રાજકોટ**

ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવાના ઉમદા હેતુ સાથે રાજકોટ જિલ્લામાં રૂ૩૯ લાખના ખર્ચે વિવિધ સહાયક ઉપકરણોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ યોજના હેઠળ ૬૦ ટકાથી વધુ લોકોમોટર દિવ્યાંગતા ધરાવતા કુલ ૫૯ લાભાર્થીઓને આધુનિક સાધનો પૂરા પાડવામાં આવ્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં અને કેબિનેટ મંત્રી ડો. પ્રદ્યુમ્નસિંહ વાજા તેમજ રાજ્યકક્ષાના મંત્રી મનિષાબેન વકીલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમ અંતર્ગત, રાજકોટ જિલ્લાના ૨૯ લાભાર્થીઓને મોટરાઈઝ્ડ ટ્રાયસિકલ અને ૩૦ લાભાર્થીઓને જોયસ્ટિક વ્હીલચેર આપવામાં આવી હતી. આ ઉપકરણોના વિતરણ પૂર્વે એલીમ્કો દ્વારા તમામ લાભાર્થીઓનું ઝીણવટભર્યું એસેસમેન્ટ પણ કરવામાં આવ્યું હતું.

રાજ્ય સરકારના આ સંવેદનશીલ પ્રયાસને કારણે દિવ્યાંગજનોની રોજિંદી ગતિવિધિઓ સરળ બનશે અને તેમને સ્વાવલંબન પ્રાપ્ત થશે. આ આધુનિક સાધનો દિવ્યાંગો માટે માત્ર હરવા-ફરવાનું માધ્યમ જ નહીં.

પરંતુ તેમના જીવનમાં સક્રિય ભાગીદારી વધારવા અને આત્મનિર્ભરતા તરફ આગળ વધવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું સાબિત થશે.

# જિલ્લામાં 'સ્વદેશી મેળા'માં ૧૩ લાખથી વધુ લોકોએ ખરીદી કરી સ્થાનિક કારીગરોને આપ્યું પ્રોત્સાહન

## જેતપુર, ઉપલેટા અને જસદણ સહિતની નગરપાલિકાઓમાં ૧૧ હજારથી વધુ મુલાકાતીઓ ઉમટ્યા; 'વોકલ ફોર લોકલ'ના મંત્ર સાથે હસ્તકલા અને ગૃહ ઉદ્યોગની ચીજવસ્તુઓનું રેકોર્ડબ્રેક વેચાણ



**અબતક રાજકોટ,**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'આત્મનિર્ભર ભારત'ના વિઝનને સાકાર કરવા અને સ્થાનિક કારીગરોને આર્થિક ટેકો પૂરો પાડવા માટે રાજકોટ જિલ્લાની નગરપાલિકાઓમાં યોજાયેલા 'સ્વદેશી મેળા' (શોપિંગ ફેસ્ટિવલ) સુપરહિટ સાબિત થયા છે. રાજ્ય સરકારના શહેરી આજીવિકા મિશન અંતર્ગત જિલ્લાની જેતપુર, ઉપલેટા, જસદણ અને ભાયાવદર સહિતની છ નગરપાલિકાઓમાં આયોજિત આ મેળાઓમાં અત્યાર સુધીમાં ૧૧,૦૦૦થી વધુ મુલાકાતીઓએ ઉમટી પડીને કુલ ૧૩ લાખ રૂપિયાથી વધુની ખરીદી કરી છે.

સ્થાનિક કારીગરો, સ્વસહાય જૂથો અને શેરી ફેરિયાઓને વિનામૂલ્યે પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉમદા હેતુ સાથે યોજાયેલા આ મેળાઓમાં જેતપુર-નવાગઢ નગરપાલિકામાં સૌથી વધુ ૬.૫૦ લાખ રૂપિયાનું વેચાણ થયું છે, જ્યારે ઉપલેટામાં ૫ લાખ અને જસદણમાં ૧.૩૦ લાખથી વધુની વસ્તુઓની ખરીદી નાગરિકો દ્વારા કરવામાં આવી છે. આ મેળાઓમાં કુર્તી, ઓઢણી, હેન્ડીક્રાફ્ટ, આયુર્વેદિક પ્રોડક્ટ્સ અને ઓર્ગેનિક મસાલા જેવી ઘરઆંગણે બનેલી

(અનું.આઠમાં પાને)

# વોર્ડ નં.૧૪માં ભાજપના નવનિયુક્ત હોદેદાર કરાયું અભિવાદન

## સન્માન સમારોહમાં ધારાસભ્ય રમેશ ટીલાળા, ઉદયભાઈ કાનગડ અને પૂર્વ મેયર નયનાબેન પેઢડીયા સહિતના ઉપસ્થિત રહ્યા





**અબતક, રાજકોટ**

રાજકોટ મહાનગર ભારતીય જનતા પાર્ટી સંગઠનની ટીમના હોદ્દેદાર ઓનો અભિવાદન સમારોહ ગાર્ડન રેસ્ટોરન્ટ ખાતે વોર્ડ નં.૧૪કાર્યકર્તાઓનો ભોજન સાથેનો સમારોહ યોજવામાં આવેલ હતો. આ અભિવાદન સમારોહમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા , ઉદયભાઈ કાનગડ, મેયર નયનાબેન પેઢડીયા તેમજ પીઢ આગેવાન કરણાભાઈ માલધારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં રાજકોટ શહેર પ્રમુખ ડો. માધવ દવેહાલમાં નિયુક્ત થયેલ પ્રદેશ યુવા મોરચાના મહામંત્રી ડો. દેવાંગીબેન મૈયડ અને પ્રદેશ યુવા મોરચાના મંત્રી જય શાહ સહિત નવનિયુકત મહામંત્રીઓ વલ્લભભાઈ દુધાત્રા,લલીતભાઈ વાડોલીયા અને યોગેન્દ્રસિંહ જાડેજા તેમજ ઉપપ્રમુખ ઓ મેહુલભાઈ નથવાણી, મહેશભાઈ પીપળીયા, ભાર્ગવભાઈ મિયાત્રા, દીપાબેન કાચા, કેતનભાઈ વાછાણી, કૌશિકભાઈ ચાવડા, સોમાભાઈ ભાલીયા અને મેઘાબેન વૈષ્ણવ, મંત્રીઓ કિશન ટીલવા, ગેલાભાઈ રબારી, સુનીલભાઈ ગોહિલ,

(અનું.આઠમાં પાને)

# રિક્ષાઓ હવે આપશે નશાબંધીનો સંદેશઃ પોલીસ અને કસ્ટમ્સ વિભાગનું સંયુક્ત 'ડ્રગ્સ વિરોધી જાગૃતિ અભિયાન'

## ૨૦૦થી વધુ ઓટોરિક્ષાઓ પર થીમેટિક પોસ્ટરો દ્વારા યુવાધનને ડ્રગ્સની બરબાદીથી બચાવવા નવતર પ્રયોગ





**અબતક રાજકોટ**

રાજકોટ શહેરમાં યુવાધનને નશાના કાળા કારોબાર અને લતથી બચાવવા માટે પોલીસ પ્રશાસન અને કસ્ટમ્સ વિભાગ દ્વારા એક અનોખું જનજાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. રાજકોટ શહેર પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ ભારત સરકારના કસ્ટમ્સ વિભાગ અને સ્થાનિક 'સમજુ દેસી સોસાયટી'ના સંયુક્ત ઉપક્રમે કિશાનપરા ચોક ખાતેથી આ અભિયાનનો પ્રારંભ કરાયો હતો.

આ પ્રોજેક્ટ અંતર્ગત શહેરની અંદાજે ૨૦૦થી વધુ ઓટોરિક્ષાઓની પાછળ ડ્રગ્સ વિરોધી જાગૃતિ ફેલાવતા વિવિધ સ્લોગન અને થીમેટિક પોસ્ટરો લગાવવામાં આવ્યા છે. આ રિક્ષાઓ શહેરના ખૂણે-ખૂણે ફરીને લોકોમાં નશાકારક પદાર્થો સામે જાગૃતિ લાવવાનું કામ કરશે.ઝોન-૧ના ડીસીપી જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલા આ અભિયાનમાં કસ્ટમ્સ વિભાગના સુપરિન્ટેન્ડન્ટ સંજીવ જાનીએ જણાવ્યું હતું કે, ''ડ્રગ્સ એ માત્ર વ્યક્તિગત સમસ્યા નથી, પણ સમગ્ર સમાજની બરબાદી છે. તે સમય, સંપત્તિ અને શરીર ત્રણેયનો નાશ કરે છે.'' તેમણે વાલીઓને પણ અપીલ કરી હતી કે તેઓ પોતાના સંતાનોની પ્રવૃત્તિઓ અને તેમના મિત્રમંડળ પર ખાસ નજર રાખે.આ કાર્યક્રમને સફળ બનાવવા SOG ટીમના પીએસઆઈ વી.કે. ઝાલા, વી.વી. ધ્રાંગુ, યોગેન્દ્રસિંહ તથા સમજુ દેસી સોસાયટીના સભ્યો ભરત ત્રિવેદી અને અન્ય કાર્યકર્તાઓએ ભારે જહેમત ઉઠાવી હતી. નોંધનીય છે કે, આ તમામ પોસ્ટરોના કન્સેપ્ટ અને ડિઝાઈન સુપરિન્ટેન્ડન્ટ સંજીવ જાની દ્વારા તૈયાર કરવામાં આવ્યા છે, જેનો મુખ્ય હેતુ સમાજને વ્યસનમુક્ત બનાવવાનો છે.

# કાર્યકર્તાઓ જનતા અને સરકાર વચ્ચેનું મહત્વપૂર્ણ માધ્યમઃ ધારાસભ્ય ઉદય કાનગડ







## વિધાનસભા-૬૮ના ૫૦૦થી વધુ કાર્યકર્તાઓએ ગાંધીનગરની મુલાકાત લીધીઃ મુખ્યમંત્રીએ યોજી બેઠક

## કેબીનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી, પ્રદેશ ભાજપ મહામંત્રી ધારાસભ્ય ડો.દર્શિતા શાહ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ

**અબતક,રાજકોટ**

હાલમાં ગુજરાત વિધાનસભા ખાતે રાજ્યનું બજેટ સત્ર ચાલી રહ્યું છે. તે અંતર્ગત રાજકોટ વિધાનસભા-૬૮ (પૂર્વ) ના ધારાસભ્ય ઉદય કાનગડ દ્વારા કાર્યકર્તાઓમાં જનસેવા, વિકાસ અને સંગઠન પ્રત્યે નવી પ્રેરણા જાગે તેવા ઉદ્દેશ સાથે ગાંધીનગર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિધાનસભા-૬૮ ક્ષેત્રમાં સમાવિષ્ટ વોર્ડ નં. ૩, ૪, ૫, ૬, ૧૫ અને ૧૬ ના બુથ પ્રમુખો, શક્તિકેન્દ્ર ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જ તથા વોર્ડ સંગઠનના વિવિધ શ્રેણીના કાર્યકર્તા ભાઈઓ-બહેનો માટે ગાંધીનગર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું.

તેમજ આ પ્રવાસમાં વિધાનસભા-૬૮ વિસ્તારના મહિલા મોરચાના બહેનો, સરદાર પટેલ મહિલા સોશિયલ ગ્રુપ (બેડીપરા) ના બહેનો તેમજ વિવિધ સમાજના આગેવાનો પણ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ આયોજનમાં કુલ ૯ બસોમાં ૫૦૦ થી વધુ કાર્યકર્તા અને આગેવાનો ગાંધીનગરની મુલાકાતે બસ અને ફોર વ્હીલર મારફત ગયા હતા, જે એક ઉત્સાહજનક અને સંગઠનાત્મક દ્રષ્ટિએ મહત્વપૂર્ણ પ્રસંગ બન્યો હતો.

આ પ્રસંગે એમ. એલ. એ. આવાસ ખાતે તમામ કાર્યકર્તા ભાઈ-બહેનો તથા વિવિધ સમાજના આગેવાનો સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ની શુભેચ્છા મુલાકાત યોજાઈ હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલએ કાર્યકર્તાઓ સાથે સૌહાર્દપૂર્ણ સંવાદ કરીને સંગઠનાત્મક માર્ગદર્શન આપ્યું અને રાજ્યના સર્વાંગી વિકાસમાં કાર્યકર્તાઓની ભૂમિકા મહત્વપૂર્ણ હોવાનું જણાવ્યું હતું. આ મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી દ્વારા ઉપસ્થિત તમામ કાર્યકર્તાઓ સાથે સૌહાર્દપૂર્ણ વાતચીત કરવામાં આવી હતી તેમજ કાર્યકર્તાઓ સાથે ભોજન પણ લીધું હતું, જેના કારણે કાર્યકર્તાઓમાં વિશેષ ઉત્સાહ અને ગૌરવની લાગણી જોવા મળી હતી.

ત્યારબાદ ઉપસ્થિત તમામ કાર્યકર્તા ભાઈઓ-બહેનો માટે ગાંધીનગર સ્થિત પ્રદેશ ભાજપ કમલમ કાર્યાલય ની મુલાકાતનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત પ્રદેશ ભાજપના આ મુખ્ય કાર્યાલય ખાતે પહોંચતા કાર્યકર્તાઓમાં વિશેષ ઉત્સાહ અને ગૌરવની

(અનું.આઠમાં પાને)

# મહાવીર ટ્રેડિંગ પેઢી સાથે સીએની ઠગાઈ : લોનના રૂ.૫૭.૧૦ લાખ ચાઉં કરી લીધા

**વેપારી પાસેથી કોરા કાગળમાં લખાણ કરાવી સ્ટેમ્પ લગાવી લોનના નાણાં મળતીયાના એકાઉન્ટમાં જમા લઈ લીધા**

**વેપારી નીતિનભાઈ સાવલીયાની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી આરોપી સીએ વિરુદ્ધ ગુનો નોંધી શોધખોળ હાથ ધરી**

**અબતક, રાજકોટ**

રેસકોર્ષ રીંગરોડ પર આવેલ મહાવિર ટ્રેડીંગ પેઢીની લોનના રૂ.૫૭.૧૦ લાખ સીએ જતીન જાજલએ વાપરી નાંખી છેતરપીંડી આચરતા પ્ર. નગર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી. વેપારી પેઢીના અને પોતાના તમામ ડોક્યુમેન્ટ અને સ્ટેમ્પ સીએ જતીન જાજલની ઓફિસે રાખતાં જે દરમિયાન રૂ.૭૦ લાખની લોન બેંકમાંથી મળી પણ આરોપીએ વેપારીએ આપેલ કોરા કાગળમાં લખાણ કરી સ્ટેમ્પ મારી લોનના રૂપીયા પોતાના મળતીયાના એકાઉન્ટમાં જમા લઈ ઠગાઈ કરી હતી.બનાવ અંગે કોઠારીયા રોડ પર વિનોદનગર મેઈન રોડ પર રહેતાં નિતિનભાઈ વલ્લભભાઈ સાવલીયા (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે જતીન નરેન્દ્ર જાજલ (રહે.શ્રેયસ સોસાયટી, શેરી નં.-૪, લાઈક બીલ્ડીંગ પાછળ, રેસકોર્ષ રીંગ રોડ, તેમની જુની ઓફીસ સ્ટાર પ્લાઝા કોમ્પલેક્ષ, નવમો માળ ઓફીસ નંબર - ૯૧૦ થી ૯૧૩, હાલ ઓફીસ પ્રાઈડ એમ્પાઈયર ઓફીસ નંબર - ૫૦૧ થી ૫૦૫, રેસકોર્સ રોડ, ઈન્ડોર સ્ટેડીમની સામે રેસકોર્સ) નું નામ આપતાં પ્ર. નગર પોલીસે છેતરપીંડી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓને મહાવિર ટ્રેડીંગ કંપની નામથી પ્રોપરાઈટર પેઢી હતી. આરોપી જતીન જાજલ ફરીયાદી તથા તેમના પરીવારનાં વર્ષ ૨૦૧૪ થી સીએ તરીકે કામ કરતા હતા. મહાવિર ટ્રેડીંગ કંપનીનું વર્ષ ૨૦૧૪ થી આરોપી આઈટી રિર્ટન ફાઈલ કરવાનું નિયમીત રીતે કામ કરતો હતો. ફરીયાદી પોતાની પેઢીનાં રબ્બર સ્ટેમ્પ તથા લેટર પેડ તથા ડીજીટલ સીગ્નેચર, પરીવારના સભ્યોનાં પાનકાર્ડ, આધારકાર્ડ, બેન્ક ખાતાને લગતા જરૂરી દસ્તાવેજો આરોપી જતીનની ઓફીસે વિશ્વાસથી રાખતા હતા.

દરમિયાન વર્ષ ૨૦૨૦ ની આખરમાં ફરીયાદીને કઠોળનો ઓટોમેટીક કલીનિંગ પ્રોસેસીંગ પ્લાન્ટ કરવાનો હોય જે બાબતે લોન કરવા માટે આરોપી જતીનને વાત કરતા તેને લોન લેવા સારૂ પ્રપોઝલ તૈયાર કરેલ અને કઠોળનો ઓટોમેટીક કલીનિંગ પ્રોસેસીંગ પ્લાન્ટ હાર્દીક ઈન્ડસ્ટ્રીઝના માલીક નિલેશ પ્રકાશચંદ્ર ધાંધાનાઓ પાસેથી રૂ. ૬૮ લાખનું મશીનરીનું કોટેશન મેળવી બેંકમાં આપેલ હતું. જે કોટેશનના આધારે આરોપી જતીનએ ફરીયાદીની લોન લેવા એકસીસ બેંકમાં એપ્લાય કરતા રાજકોટ રણછોડનગર બ્રાન્ચમાંથી રૂ.૫૦ લાખ ટર્મ લોન તથા રૂ.૨૦ લાખની સી.સી. લોન મંજુર થયેલ અને મહાવિર ટ્રેડીંગ કંપનીના નામની પેઢીનાં એકસીસ બેંક રણછોડનગર બ્રાન્ચના એકાઉન્ટમાં રૂ.૫૦ લાખ તા.૧૭/૦૩/૨૦૨૧ ના ટર્મ લોનના રૂપીયા જમા થયેલ અને સી.સી. એકાઉન્ટમાં રૂ.૨૦ લાખ જમા થયેલ હતાં.જે બાદ ફરીયાદીનાં બેંક એકાઉન્ટમાંથી મશીનરીનાં રૂ.૬૮ લાખ હાર્દીક ઈન્ડસ્ટ્રીઝના એકાઉન્ટમાં જમા થયેલ. તેમ છતા આ ફરીયાદીને કઠોળનો ઓટોમેટીક કલીનિંગ પ્રોસેસીંગ પ્લાન્ટની મશીનરી હાર્દીક ઈન્ડસ્ટ્રીઝમાંથી મળેલ ન હોય જેથી આરોપી જતીનને મશીનરી અપાવો અથવા લોન કેન્સલ કરાવો જે બાબતે વાત કરતા તેને જણાવેલ કે, તમારા પત્ની ગીતાબેન તથા તમારા સાળા નિલેશભાઈ ગજેરાની એકાઉન્ટની જુની ઈન્કમટેકસની રૂ. ૫૦ લાખની એન્ટ્રી સુલટાવો બાદ તમને મશીનરી અપાવીશ.

જેથી આરોપી જતીનના કહેવાથી ફરીયાદીએ પત્ની તથા સાળાની ઈન્કમટ્રેકસની જુની એન્ટ્રી સુલટાવવા સારૂ હાર્દીક ઈન્ડસ્ટ્રીઝના એકાઉન્ટમાંથી રૂ.૫૭.૫૦ લાખ જમા થયેલ બાદ તે રૂપીયામાંથી ફરીયાદીએ તેની પત્ની ગીતાબેનનાં એકાઉન્ટમાં રૂ.૨૦ લાખ તથા સાળા નિલેશભાઈગજેરાનાં એકાઉન્ટમાં રૂ. ૧૬.૬૦ લાખ જમા કરાવેલ હતાં. જે રૂપીયા આરોપીનાં કહેવા મુજબ તેના અલગ અલગ પરીચીતો અને સબંધીઓનાં બેંક એકાઉન્ટમાં કટકે કટકે ટ્રાન્સફર કરેલ હતાં.

બાદમાં ફરીયાદીએ આરોપીને મશીનરી આપવાનું જણાવતા મશીનરી અપાવેલ નહી. આરોપીએ કેન્સલેશન ઓફ મશીન ઓર્ડર બાબતે મહાવિર ટ્રેડીંગના નિતીનભાઈ સાવલીયાના નામથી હાર્દિક ઈન્ડસ્ટ્રીઝના નામે ફરીયાદીની અગાઉથી સહી લીધેલ કોરા પેપર ઉપર તા.૧૮/૦૩/૨૦૨૧ ના ફરીયાદીની જાણ બહાર આરોપીએ કોમ્પુટર લખાણ લખી લેટર તૈયાર ફરીયાદીની સહી ઉપર પેઢીનો સ્ટેમ્પ લગાડેલ કોરા કાગળમાં લીધેલ સહી વાળા કાગળમાં હાર્દિક ઈન્ડસ્ટ્રીઝનાં નામનો રૂ.૬૬.૬૪ લાખનો એગ્રીમેન્ટ ફોર પેમેન્ટ રિસીપ્ટ કનફર્મેશન બાબતનું કોમ્પુટર લખાણ લખીને લેટર તૈયાર કરી ફરીયાદીની સહી ઉપર પેઢીનો સ્ટેમ્પ લગાડી ફરીયાદીનાં પત્ની ગીતાબેન સાવલીયાના નામે તા.૦૨/૦૪/૨૦૨૧ ના રૂ.૩૦૦ નો સ્ટેમ્પ પર ફરીયાદીની જાણ બહાર નોટરી લખાણ કરાવેલ છે.

જેથી આરોપીએ વિશ્વાસઘાત કરવાના બદ ઈરાદાથી ફરીયાદીના આરોપીએ અગાઉથી લીધેલ સહીવાળા કોરા કાગળોમાં બોગસ લખાણ કરી સહી ઉપર ફરીયાદીની પેઢીનો સ્ટેમ્પ મારી કેનસેલેશન ઓફ મશીન ઓર્ડરનો બોગસ લેટર બનાવટી બોગસ દસ્તાવેજો ઉભા કરી આ દસ્તાવેજોનો ખરા તરીકે ઉપયોગ કરી ફરીયાદીના લોનનાં રૂ.૫૭.૧૦ લાખ ઓળવી જતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પ્ર. નગર પોલીસે ગુનો નોંધી પીએસઆઈ ડી.એસ.ગજેરા અને ટીમે તપાસ આદરી હતી.

# નાના મવા સર્કલ નજીક યુવાનને રિક્ષામાં બેસાડી રૂ. ૪૮ હજારની રોકડ સેરવી લેવાઈ : આરોપી ઝબ્બે

**બેંકમાં નાણા જમા કરાવી પરત ફરતા યુવકના પાછળના ખિસ્સામાંથી રોકડ કાઢી રીક્ષામાંથી ઉતારી ચાલક નાસી ગયો'તો**

**અબતક, રાજકોટ**

નાના મવા સર્કલ નજીકથી યુવાનને રિક્ષામાં બેસાડી રૂ. ૪૮ હજારની રોકડ સેરવી લેવાઈ હતી. બેંકમાં નાણાં જમાવી પરત ફરી રહેલા યુવકને રીક્ષામાં ડ્રાયવર સીટની બાજુમાં બેસાડી પાછળના ખિસ્સામાંથી રોકડ કાઢી લઈ યુવકને ઉતારી દઈ રીક્ષાચાલક નાસી ગયો હતો. જે મામલે તાલુકા પોલિસની ટીમે ગણતરીની કલાકોમાં જ રીક્ષાચાલકને દબોચી રૂ. ૨૯ હજારની રોકડ રિકવર કરી હતી.

બનાવ અંગે મૂળ પશ્ચિમ બંગાળના રહેવાસી અને હાલ મવડી-કણકોટ રોડ પર દિવાળીબાગ પાર્ટી લોન્સમાં રહેતા ૨૩ વર્ષીય શ્રમિક યુવાન સુધાન્યા બિમલભાઈ મંડલે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, હું છેલ્લા ચારેક મહીનાથી સુરજ મંડપ સર્વિસ શ્રી દિવાળીબાગ પાર્ટી લોન્સમા મજુર તરીકે કામ કરુ છુ. ગઈ તા. ૦૯/૦૩/૨૦૨૬ ના રોજ મારે વતન જવાનુ હોવાથી મારા સેઠ જીતુભાઈ પટેલ પાસેથી મેં તથા મારી સાથેના મજુરો પીન્ટુ તથા ઈંદ્રજીત, રાજેશ, સુમને મજૂરી પેટે કુલ એક લાખ રૂપિયા મળેલ હતા. જે રૂપિયા અમે બીજે દિવસે તા-૧૦/૦૩/૨૦૨૬ ના રોજ બપોરના બે વાગ્યે મારા સાથી મજુર મિત્ર પિન્ટુ માયરાના પંજાબ નેશનલ બેંક, નાના મવા સર્કલ પાસે એકાઉન્ટમાં જમા કરાવવાં ગયેલ હતો. જ્યા એક લાખ એક સાથે જમા નહિ થતા માત્ર રૂ. ૪૯ હજાર પીન્ટુના



ખાતામાં જમા કરાવેલ હતા અને બાકીના રૂ. ૫૧ હજારમાથી રૂ. ૩ હજાર ખર્ચા માટે સાઈડમાં રાખી બાકીના રૂ. ૪૮ હજાર મે મારા પેન્ટના પાછળના ખીસ્સામા રાખેલ હતા. બાદ રૂમે આવવા નીકળેલ હતો.

**તાલુકા પોલિસેં આજીડેમ નજીક રહેતા ભરત ચંદ્રપાલને પકડી રૂ.૨૯ હજારની રોકડ રિકવર કરી**

નાના મવા સર્કલથી ભીમનગર સર્કલ આવવા માટે રોડ ઉપર એક અજાણ્યા રિક્ષા ચાલકને હાથ ઉંચો કરી ઉભો રાખેલ હતો. જે રિક્ષા ચાલકને ભીમનગર જવાનુ પુછતા તેણે મને હા પાડી રિક્ષામાં ડ્રાઈવરની બાજુની સીટમા આગળ બેસાડેલ હતો. જ્યારે રિક્ષામા પાછળની સીટમાં અન્ય એક અજાણ્યો શખ્સ બેસેલ હતો. નાના મવા સર્કલથી થોડા આગળ જતા શ્રી રામ મસાલા માર્કેટ પાસે રિક્ષા ચાલકે રિક્ષા ઉભી રાખી મને જણાવેલ કે મારી રિક્ષા ભીમનગર નથી જતી કહી મને ઉતારી દીધેલ હતો. બાદ મેં મારા પેન્ટના પાછળના ખીસ્સામા જોતા રૂ. ૪૮ હજાર નહિ મળી આવતા તુરંત મે તે રિક્ષા ચાલકને મારા પૈસા બાબતે પુછતા તેણે તેની રિક્ષા પુરઝડપે ત્યાથી ભગાડી મૂકી હતી. જે રીક્ષાને મેં અટકાવવાનો પ્રયત્ન કરેલ હતો પણ જીજે-૦૩-સીટી-૮૧૪૪ નંબરની રીક્ષાનો ચાલક નાસી ગયેલ હતો.

યુવાને જણાવ્યું હતું કે, મારા ફોનમા રીચાર્જ નહિ હોવાથી આ બનાવ બાબતે મે કોઈ અજાણ્યા વ્યકિતના ફોનમાથી અમારા સુપરવાઈઝર ગીરીશભાઈ ઉર્ફે સોમાભાઈ ચૌહાણ ને જાણ કરેલ હતી. જે તુરંત ત્યા આવી ગયેલ હતા. બાદ ગીરીશભાઈ અને હુ અમારા રૂમે જઈ મારા સાથી મજુર મિત્રો પીન્ટુ, ઈંદ્રજીત, રાજેશ તથા સુમનને બનાવની જાણ કરેલ હતી. ત્યારબાદ તાલુકા પોલિસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

બનાવ અંગે તાલુકા પોલિસ મથકના પીઆઈ ડી એમ હરીપરાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પીએસઆઈ બી આર ભરવાડની ટીમે તપાસ આદરી હતી. દરમિયાન હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેક્નિકલ રિસોર્સથી મળેલી માહિતીના આધારે ભરત મૂળજી ચંદ્રપાલ (ઉવ ૨૦ રહે મ માનસરોવર પર્કની ઢાળે, આજીડેમ પાસે, રાજકોટ)ની ધરપકડ કરી રૂ. ૨૯ હજારની રોકડ રીકવર કરી રીક્ષા કબ્જે કરી હતી.

# કાગદડી નજીક બે ટ્રક ટકરાતા ચાલકનું મોત

**મુન્દ્રાથી ટ્રક લઈ રાજકોટ આવતી વેળાએ ટ્રક સાથે ટ્રક અથડાતા અકસ્માત સર્જાયો**

**અબતક, રાજકોટ**

રાજકોટના કાગદડી અને વાછકપર ગામ વચ્ચે ગઈકાલે સાંજે અજાણ્યા ટ્રકની અડફેટે આવતા પ્રૌઢ ટ્રક ચાલકનું સારવાર બાદ મોત નીપજતા ચકચાર મચી જવા પામી છે. આ બનાવથી મૃતકના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ બિહારના વતની અને હાલ કચ્છના મુન્દ્રા ખાતે રહેતા ઉપેન્દ્રભાઈ હરિહરભાઈ રાય (ઉં.વ. ૩૭) ગઈકાલે સાંજે આશરે ૬:૦૦ વાગ્યાની આસપાસ મુન્દ્રાથી ખાલી ટ્રક લઈને રાજકોટ તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન કાગદડી અને વાછકપર ગામની વચ્ચેના માર્ગ પર અજાણ્યા ટ્રક ચાલકે ઉપેન્દ્રભાઈના ટ્રકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો, અકસ્માતમાં ઉપેન્દ્રભાઈને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેને લઈ પ્રૌઢને તાત્કાલિક સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેનું ચાલુ સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે મૃતક ઉપેન્દ્રભાઈ ડ્રાઈવિંગ કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા હતા. અકસ્માત સર્જીને નાસી છૂટેલા અજાણ્યા ટ્રક ચાલક વિરુદ્ધ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# લોધેશ્વર સોસાયટીમાં શૈલેષ જરીયા પર છરી વડે હુમલો

**જૂની અદાવતમાં પેટના ભાગે છરીનો ઘા ઝીંકી ઝીંકી દેવાયો : આરોપી અર્જુન ઉર્ફે મેરિયાની ધરપકડ**

**અબતક, રાજકોટ**

શહેરના ગોંડલ રોડ પર લોધેશ્વર સોસાયટીમાં ગત રાત્રિના જૂની અદાવતમાં યુવાન પર છરી વડે હુમલો કરાયો હતો. ઘર સામે જ રહેતા શખ્સેં ધસી આવી છરીનો એક ઘા પેટના ભાગે ઝીંકી દેતાં યુવક લોહીલુહાણ થઈ ગયો હતો. જેથી તેને સારવાર અર્થે ખસેડાયો હતો. મામલામાં માલવિયાવનગર પોલિસેં આરોપીને ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે ગોંડલ રોડ પર રામનગર શાક માર્કેટ મેઈન રોડ પર લોધેશ્વર સોસાયટીમાં રહેતો ૩૦ વર્ષીય યુવાન શૈલેષભાઈ ધનસીંગભાઈ જરીયાએ આરોપી તરીકે અર્જુન ઉર્ફે મેરિયાનું નામ આપતાં જણાવ્યું હતું કે, આશરે એકાદ મહિના પહેલા મારા ઘરની સામે રહેતા અર્જુન ઉર્ફે મેરીયો સાથે મારે માથાકૂટ થયેલ હતી. જેથી ગઈ તા. ૧૩/૦૩/૨૦૨૬ના રાત્રીના આશરે દસેક વાગ્યેની આસપાસ હું તથા મારો મોટો ભાઈ શની ઘરની બહાર શેરીમાં ઊભા હતા. ત્યારે અર્જુન ઉર્ફે મેરીયો અમારી પાસે આવેલ અને જૂની બાબતનો ખાર રાખી મને ગાળો આપવા લાગેલ હતો. જેથી મેં તેને ગાળો દેવાની ના પાડતા તે એકદમ વધુ ઉશ્કેરાઈ ગયેલ અને તેના પેન્ટના નેફામાંથી છરી કાઢી મને પેટના ભાગે છરીનો એક ઘા મારી દીધેલ હતો. બાદ તેં કહેવા લાગેલ કે, આજે તો તને જાનથી મારી નાખીશ. દરમિયાન આજુબાજુ માણસોનું ટોળુ ભેગું થઈ જતા અર્જુન ઉર્ફે મેરીયો ત્યાંથી નાસી ગયેલ હતો. મને ઈજા થયેલ હોવાથી કોઈ અજાણ્યા વ્યક્તિએ ૧૦૮માં ફોન કરતા એમ્બયુલન્સ મારફતે મને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો.

બનાવને પગલે માલવિયાનગર પોલિસ મથકના પીઆઈ જે આર દેસાઈ અને પીએસઆઈ કે ડી મારૂના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડની ટીમે ગણતરીની કલાકોમાં જ ગોંડલ રોડ પર સમ્રાટ ઈન્ડસ્ટ્રીયલ ઝોન નજીકથી હુમલાખોર અર્જુન ઉર્ફે મેરિયો પ્રવીણભાઈ ઝરીયા (ઉવ ૨૮ રહે. રામનગર શાક માર્કેટ રોડ, જરીયા ઓટો ગેરેજ સામે, ગોંડલ રોડ, રાજકોટ)ની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આદરી હતી.

# પૂર્વ ભાગીદારે બોગસ સહીઓ કરી રૂ.૨૫ લાખની લોન મેળવી પ્રૌઢ સાથે છેતરપિંડી આચરી

**હપ્તો ચૂકાઈ ગયાનો મેસેજ આવતા ભાગીદારની કારીગરી છતી થઈ : જાણ બહાર ગેરેન્ટતરીકે રાખી લીધાનો ખુલાસો**

**અબતક, રાજકોટ**

કેશોદમાં રહેતા પ્રૌઢે જસદણમાં રહેતા પૂર્વે ભાગીદાર વિરૂધ્ધ યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પ્રૌઢની જાણ બહાર તેમની સહિ કરી ટોપઅપ લોનમાં તેમને ગેરેન્ટ તરીકે રાખી રૂ.૨૫ લાખની લોન લઈ લીધી હતી. હપ્તા ચૂકાઈ ગયાનો મેસેજ મળ્યા બાદ આ કારસ્તાનનો ભાંડાફોડ થયો હતો. કેશોદમાં રહેતા અને ત્યાં જ કમ્પ્યુટરની સંસ્થા ચલાવનાર બીપીનભાઈ જયંતીલાલ પંડ્યા (ઉ.વ.૫૪) દ્વારા યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં જસદણના અક્ષર ઉર્ફે અક્ષય લાલજીભાઈ છાયાણી અને રાજકોટમાં અયોધ્યા ચોક પાસે આવેલ

**કેશોદના બિપીનચંદ્ર પંડ્યાએ જસદણના અક્ષય છાયાણી અને જે.એમ. ફાયનાન્સિયલ લિમિટેડના કર્મચારી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી**

જે.એમ. ફાઈનાન્સિયલ લી.ના જવાબદાર કર્મચારી તથા એજન્ટ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે.બીપીનભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેની પુત્રી રાજવી વડોદરામાં ગેમ એન્ડ ડિઝાઈનિંગનો અભ્યાસ કરતી હતી જેથી તે વડોદરા અવરજવર કરતા હતા. વડોદરામાં અશ્વિનભાઈની રેસ્ટોરન્ટે જતા ત્યારે અક્ષરની મુલાકાત થઈ હતી. ત્યાર પછી તેની સાથે મળી ભાગીદારીમાં એક બંગલો લઈ પીજી શરૂ કર્યું હતું. ૨૦૨૫ માં ભાગીદારી છૂટી કરી નાખી હતી.ભાગીદારી છૂટી કર્યાના થોડા દિવસો બાદ રાજકોટની જે.એમ. ફાઈનાન્સમાંથી અક્ષર હપ્તો ચૂકી ગયાનો મેસેજ આવ્યો હતો. આ બાબતે ફરિયાદી અક્ષરને પૂછતા તેણે કહ્યું હતુ કે, ખાલી ઓળખાણમાં નામ આપ્યું છે એટલું જ નહીં હવે પછી નામ નીકળી જશે તેમ પણ કહ્યું હતું. પરંતુ ત્યારબાદ પણ ફરિયાદીને સતત મેસેજ આવતા રહ્યા હતા.

બાદમાં ફરિયાદીએ અમદાવાદ સ્થિત ફાઈનાન્સ કંપનીની બ્રાન્ચમાં તપાસ કરતા અક્ષર ઉર્ફે અક્ષય લાલજીભાઈ છાયાણીએ,લાલજીભાઈએ તથા હંસાબેન છાયાણીએ પોતે લીધેલ લોનમાં ટોપઅપ લોન કરાવવા ગેરેન્ટર તરીકે ફરિયાદીની ખોટી સહીઓ વાળા તારીખ ૨/૮/૨૦૨૫ ના ડોક્યુમેન્ટ ફરિયાદીની જાણ બહાર જે.એમ. ફાઈનાન્સિયલની ઓફીસ અયોધ્યા સર્કલ ખાતે રજુ કર્યાનું માલુમ પડ્યું હતુંફરિયાદીએ બાદમાં રાજકોટમાં અયોધ્યા સર્કલ પાસે વિરલ હાઈટ્સમાં આવેલી જે એમ ફાઈનાન્સની ઓફિસે જઈ તપાસ કરતા રૂપિયા ૧૨.૯૦ લાખ અને રૂપિયા ૧૨.૧૦ લાખ મળી ૨૫ લાખની લોન અક્ષરે આ ડોક્યુમેન્ટના આધારે લઈ લીધી હોવાનું માલુમ પડ્યું હતું.

આમ આરોપી અક્ષર ઉર્ફે અક્ષયે અગાઉ વડોદરા ખાતે ફરિયાદી સાથે કરેલા ભાગીદારી કરાર રદ કરી નાખ્યો હોવા છતાં તેમની જાણ બહાર રાજકોટ સ્થિત જે.એમ. ફાઈનાન્સ માંથી લોન લીધી હોય જેમાં ફરિયાદીની જાણ બહાર તેમને ગ્રરેન્ટર તરીકે રાખ્યા હોય અને તમામ ડોક્યુમેન્ટોમાં ફરિયાદીની ખોટી સહી કરી રજૂ કર્યા હોય જેથી આ અંગે ફરિયાદીએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# બનાવટી ચલણી નોટ પ્રકરણમાં નૈતિક સાથે મળી છાપકામ કરનાર 'કારીગર' ઝડપાયો

**રાધેશ્યામ ગૌશાળાના સંચાલકે કુખ્યાત નૈતિક સહિતના બે શખ્સોને રૂ.૧ લાખ પ્રિન્ટર સહિતની વસ્તુ લેવાં આપ્યા 'તાં: જેના રૂ.૫ લાખની નોટ બનાવવાની હતીઃ નૈતિક અને ગૌ શાળા સંચાલક ચાર દી'ના રિમાન્ડ પર**

**ડુપ્લીકેટ નોટનો ગૌશાળામાં જ ઉપયોગમાં કરવાનો હતો તેવું આરોપીઓનું રટણ : દેશના અર્થતંત્રને હચમચાવી નાખે તેવા કૌભાંડના મૂળ સુધી પહોંચવા ક્રાઈમ બ્રાન્ચની કવાયત**

**અબતક, રાજકોટ**

શહેરના રૈયાધાર વિસ્તારમાંથી એસઓજીની ટીમે બનાવટી ચલણી નોટ છાપવાના કૌભાંડનો પર્દાફાશ કરી કુખ્યાત શખ્સની ૩૮ બોગસ નોટ સાથે ધરપકડ કરી હતી. આર્થીક ભીંસમા આવી ગયેલ શખ્સને રાધેશ્યામ ગૌશાળાના સંચાલકે રૂ.૧ લાખ આપી રૈયાધાર મફતીયાપરામાં ગૌશાળાની બાજુમાં એક ઓરડીમાં રૂ.૧૦૦ અને રૂ.૨૦૦ ની નોટ છાપવાનું કારખાનું શરૂ કરી દિધું હતું. જે તપાસમાં વધું એક કારીગરનું નામ ખુલતાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે તેને પણ સકંજામાં લીધો હતો.

દરોડાની વિગત મુજબ, એસઓજી પીઆઈ એસ.એમ.જાડેજાની રાહબરીમાં ટીમે શીતલ પાર્કથી આગળ મફતીયાપરા ખાતે આવેલ એક કાચી પાકી ઓરડીમાં નૈતિક મહેન્દ્રભાઈ અગ્રાવત નામનો શખ્સ ભારતીય દરની બનાવટી ચલણી નોટો છાપે છે તેવી મળેલ ચોક્કસ બાતમીના આધારે એસઓજીની ટીમે સરકારી પંચો સાથે રૈયાધાર મફતીયાપરામાં ગૌશાળાની બાજુમાં એક ઓરડીમાં દરોડો પાડી ત્યાં હાજર એક શખ્સને અટકમાં લઈ તેનું નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ નૈતીક મહેન્દ્ર અગ્રાવત (ઉ.વ.૨૯ ધંધો, ડ્રાઈવીંગ રહે- રૈયા ધાર મફતીયાપરામાં શિતલ પાર્ક પાસે ગૌ શાળાની બાજુમાં ઓરડીમાં રાજકોટ) હોવાનુ જણાવેલ હતુ.

એસઓજીની ટીમે તે શખ્સ પાસેથી પ્રીન્ટર કમ સ્કેનર, એક ફુટપટી, એક કટર , એક પેન્સીલ, એક સંચો તથા અજ સાઈઝના કોરા કાગળનુ પેકેટ તથા ભારતીય ચલણની બનાવટી રૂ.૧૦૦ અને ૨૦૦ ના દરની નોટ ડબલ સાઈડ પ્રીન્ટવાળી નોટો સહિતનો મુદામાલ કબ્જે કર્યો હતો. વધુમાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સ આર્થીક દેણામાં આવી ગયો હતો. જેથી અઠવાડિયા પહેલા જ તેને યુટ્યુબમાં સર્ચ કરી બનાવટી નોટો છાપવા અંગેના વિડીયો જોયા હતા. તેમાંથી દુષ્પ્રેરિત થઈ ત્રણ દિવસ પહેલા બે નોટ છાપી હતી, જેમાં તેને સફળતા મળતા બનાવટી નોટો છાપવાનું કોભાંડ શરૂ કર્યું હતું. જો કે હાલ છપાયેલી ૩૮ નોટો તે બજારમાં ફરતી કરે તે પહેલા જ એસઓજી ની ટીમે તેને દબોચી લીધો હતો. હાલ આ બનાવટી નોટો કોઈ ગ્રાહકને આપવાની હતી કે અન્ય કોઈ ઈરાદામાં સામેલ કરવાની હતી, તે અંગે ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ આર.કે.ગોહિલ અને ટીમે વધુ તપાસ હાથ ધરી હતી.આરોપીએ કબુલાત આપી હતી કે, તેને આ બનાવટી ચલણી નોટ બનાવવા માટે રાધે શ્યામ ગૌશાળાના સંચાલક ભગવાનજી લાલજી સંચાણિયા નામના શખ્સે રૂપિયા એક લાખ આપ્યા હતા, જે એક લાખ રૂપિયાની કલર પ્રિન્ટર સહિતની વસ્તુઓ લીધી હતી અને એક લાખના બદલે ભગવાનજીભાઈને રૂ.૫ લાખની ફેક કરન્સી સામે આપવાની હતી. જેથી ક્રાઈમ બ્રાન્ચની ટીમે ગૌશાળાના સંચાલક ભગવાનજીને પકડી બંનેને રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરાતા ૪ દિવસના રિમાન્ડ મંજુર થયાં બાદ પૂછતાછ કરતાં તેમની સાથે અન્ય એક શખ્સ પણ સંડોવાયેલો હોય અને નૈતિક સાથે મળી તેં ડુપ્લીકેટ નોટ છાપતો હોવાની કબુલાત આપતા ક્રાઈમ બ્રાન્ચની ટીમે તે શખ્સને પણ સકંજામાં લઈ આકરી પૂછતાછ હાથ ધરી છે.વધુમાં મળેલ વિગત મુજબ, ફેક કરન્સી ગૌશાળામાં જ ઉપયોગમાં લેવાની હતી તેવી આરોપીએ કબૂલાત આપતાં ક્રાઈમ બ્રાન્ચની ટીમે મૂળિયા સુધી પહોંચવા તજવીજ આદરી હતી.

**જાહેર નોટીસ**

કેસ.નં.જન્મ-મરણ/૧૬/૨૦૨૬

શ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા.
રહે. સામતપરા, તા. ભેસાણ, જી. જુનાગઢ ..........વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - સામતપરા
તા. ભેસાણ, જી. જુનાગઢ ..........પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા દવારા તેઓના પરદાદાશ્રી ભોજાભાઈ કાળાભાઈ રાતડીયાનું અવસાન તા.૨૭-૭-૧૯૬૯ના રોજ ગામ મોજેઃ સામતપરા, તા.ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, સામતપરા તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૭ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સીકકો

(આઈ. આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેસાણ

**જાહેર નોટીસ**

કેસ.નં.જન્મ-મરણ/૧૫/૨૦૨૬

શ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા,
રહે, સામતપરા, તા. ભેંસાણ, જી. જુનાગઢ ..........વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - સામતપરા
તા. ભેસાણ, જી. જુનાગઢ ..........પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા દ્વારા તેઓના પરદાદીશ્રી જેતીબેન ટપુભાઈ રાતડીયાનું અવસાન તા.૩૧/૦૯/૧૯૭૮ના રોજ ગામ મોજેઃ સામતપરા, તા.ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, સામતપરા તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી..

આજ તારીખ :- ૭ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સીકકો

(આઈ. આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેસાણ

**જાહેર નોટીસ**

કેસ.નં.જન્મ-મરણ/૧૭/૨૦૨૬

શ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા.
રહે. સામતપરા, તા. ભેસાણ, જી. જુનાગઢ ..........વાદી

વિરૂધ્ધ

જન્મ-મરણ રજીસ્ટ્રારશ્રી,
ગ્રામ પંચાયત કચેરી - સામતપરા
તા. ભેસાણ, જી. જુનાગઢ ..........પ્રતિવાદી

જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩ (૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ દ્વારા આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી મહેશભાઈ ગોબરભાઈ રાતડીયા દવારા તેઓના પરદાદાશ્રી ભોજાભાઈ કાળાભાઈ રાતડીયાનું અવસાન તા.૦૧/૦૨/૧૯૫૮ના રોજ ગામ મોજેઃ સામતપરા, તા.ભેંસાણ, જિ. જુનાગઢ મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તેમની મરણ નોંધ ગ્રામ પંચાયત કચેરી, સામતપરા તા.ભેંસાણ, જિ.જુનાગઢના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોય, મરણની નોંધ કરાવવા અરજી કરેલ છે. આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર પુરાવાઓ સાથે વાંધો રજૂ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ તારીખ :- ૭ મી માહે : ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા સિકકા કરી આપ્યા.

કોર્ટનો સીકકો

(આઈ. આર. પારગી)
મામલતદાર અને
એકઝીક્યુટિવ મેજીસ્ટ્રેટ
ભેસાણ

# જગતાત ખેતરના શેઢે વૃક્ષો વાવી 'ગ્રીન કવર' વધારેઃ મુખ્યમંત્રીનું આહવાન

## ગાંધીનગરમાં પીએમ. કિસાન ઉત્સવની ઉજવણીઃ રાજયના ૪૯.૫૯ ખેડુતોના ખાતામાં જમા થયા રૂ.૧૦૨૮ કરોડ






**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આસામના ગુવાહાટી ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાનો ૨૨મો હપ્તો રિલીઝ કરીને દેશના ૯.૩૨ કરોડ ખેડૂતોના બેંક ખાતામાં કુલ રૂ. ૧૮,૬૪૦ કરોડથી વધુની સહાય જમા કરી છે. ગુજરાતના ૪૯.૫૯ લાખ ધરતીપુત્રોને પણ રૂ. ૧,૦૨૮ કરોડથી વધુની સહાય પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના ૨૨માં હપ્તા હેઠળ મળી છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો પી.એમ. કિસાન ઉત્સવ દિવસ કાર્યક્રમ યોજાયો હતો.

આ સમારોહમાં મુખ્યમંત્રીના વરદ હસ્તે ખેડૂત લાભાર્થીઓને કૃષિ, બાગાયતની વિવિધ ખેતીલક્ષી યોજનાઓની સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાનુભાવો સહિત રાજ્યના હજારો ખેડૂતોએ વડાપ્રધાનના સંબોધનનું જીવંત પ્રસારણ નિહાળ્યુ હતું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખેડૂત હિતલક્ષી શાસનનો મંત્ર દોહરાવતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ તેમણે ખેડૂતોની સમસ્યાઓને સંવેદના સાથે વાચા આપી છે. ભૂતકાળમાં આપણે પાણીની જે વિકટ પરિસ્થિતિઓ જોઈ છે, તેમાંથી ખેડૂતોને બહાર લાવવાનું ભગીરથ કામ વડાપ્રધાનએ કર્યું છે.

વરસાદી પાણીના સંગ્રહ અને ભૂગર્ભ જળના સ્તર ઊંચા લાવવા માટે સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રીશ્રીએ માહિતી આપી હતી કે, રાજ્ય સરકારે દરેક ધારાસભ્યને રૂ. ૫૦ લાખની વિશેષ ગ્રાન્ટ ફાળવી છે, જેનો ઉપયોગ માત્ર જળ સંચય અને પાણીને જમીનમાં ઉતારવાના કામો માટે કરવાનો રહેશે. આનાથી ભવિષ્યમાં ખેડૂતોને પાણીની અછતનો સામનો કરવો નહીં પડે.

રાસાયણિક ખાતરો અને દવાઓના વધતા ઉપયોગ સામે ચિંતા વ્યક્ત કરતા મુખ્યમંત્રીએ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વળવા ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે, નાની ઉંમરે જોવા મળતા કેન્સર, ડાયાબિટીસ અને હાર્ટ એટેક જેવા રોગો પાછળ રાસાયણિક ખેતી એક મોટું કારણ હોઈ શકે છે.

પર્યાવરણના પરિવર્તન અને ગ્લોબલ વોર્મિંગના પડકારોનો સામનો કરવા માટે મુખ્યમંત્રીશ્રીએ 'એક પેડ માં કે નામ' અભિયાનને વધુ વેગ આપવા જણાવ્યું હતું. તેમણે ખેડૂતોને પોતાના ખેતરના શેઢે વધુમાં વધુ વૃક્ષો વાવી 'ગ્રીન કવર' વધારવા અપીલ કરી હતી, જેથી વાતાવરણમાં આવતા અનિયમિત ફેરફારો સામે રક્ષણ મેળવી શકાય.

વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિનો ઉલ્લેખ કરતા મુખ્યમંત્રીએ નાગરિકોને અપીલ કરી હતી કે ગેસ સિલિન્ડર કે અન્ય આવશ્યક ચીજવસ્તુઓની અછત અંગેની અફવાઓથી દોરવાવું નહીં. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ' ના મંત્ર સાથે આપણે આગળ વધી રહ્યા છીએ. મજબૂત નેતૃત્વ હેઠળ 'વિકસિત ગુજરાત' થકી 'વિકસિત ભારત'ના સંકલ્પને સાકાર કરવામાં ખેડૂતો પાયાની ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

આ તકે કૃષિ રાજ્ય મંત્રી રમેશભાઈ કટારાએ પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે, ખેડૂત દેશના અર્થતંત્રનું હૃદય છે અને તેમની સુખાકારી એ અમારી સરકારની પ્રાથમિકતા છે. રાત-દિવસ મહેનત કરી સમગ્ર પરિવારનું ભરણપોષણ કરતા ખેડૂતોને આર્થિક ટેકો આપવા માટે આજે 'પીએમ કિસાન સન્માન નિધિ' યોજના અંતર્ગત ૨૨મો હપ્તો સીધો જ ખેડૂતોના ખાતામાં જમા કરવામાં આવ્યો છે. કુદરતી આફત હોય કે અન્ય કોઈ મુસીબત, સરકાર હંમેશા ખેડૂતોની પડખે રહી છે.

# કોસ્મોપ્લેક્ષ થીયેટરમાં આગ ભભુકી : સદનસીબે કોઈ જાનહાની નહિ

## બપોરના સવા વાગ્યાં આસપાસ પર્પલ અને લોન્જ સ્ક્રીન વચ્ચેની લોબીમાં આગ લાગી : કર્મચારીઓએ જ ફાયરના સાધનો વડે મહદઅંશે કાબુ મેળવી લીધો

### મવડી-કાલાવડ રોડ ફાયર સ્ટેશન ખાતેથી બે ફાયર ફાઈટર દોડી ગયા : સાવચેતીના ભાગરૂપે થીયેટર ખાલી કરાવાયુ, એસીમાં શોર્ટ સર્કિટ થતાં આગ લાગ્યાનું પ્રાથમિક તારણ

**અબતક, રાજકોટ**

કાલાવડ રોડ ઉપર આવેલ કોસ્મોપ્લેક્સ થિયેટરમાં બપોરના અરસામાં આગ ભભૂકી ઉઠતા અફરાતફરી મચી જવા પામી હતી. જોકે થિયેટરના કર્મચારીઓએ સમય સૂચકતા વાપરી ફાયરના સાધનો વડે મહદઅંશે આગ પર કાબુ મેળવી લેતા મોટી ઘટના ટળી હતી. દરમિયક ફાયર બ્રિગેડની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ પર સંપૂર્ણપણે કાબુ મેળવ્યો હતો.

આગની ઘટનામાં ફાયર બ્રિગેડના સૂત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર આજે બપોરે આશરે ૧:૧૬ વાગ્યે ફાયર કંટ્રોલ રૂમને કાલાવડ રોડ પર કટારીયા ચોકડી નજીક આવેલા કોસ્મોપ્લેક્સ થિયેટરમાં આગ લાગ્યાનો કોલ મળ્યો હતો. જે કોલને પગલે મવડી અને કાલાવડ રોડ ફાયર સ્ટેશન ખાતેથી બે ફાયર ફાઈટરને તાત્કાલિક ઘટના સ્થળે રવાના કરવામાં આવ્યા હતા.

થિયેટરમાં પર્પલ અને લોન્જ સ્ક્રીન વચ્ચેની લોબીમાં લાગેલી આગ પર થિયેટરના કર્મચારીઓએ સમયસૂચકતા વાપરી ફાયરના સાધનો વડે મહદઅંશે કાબુ મેળવી લીધો હતો. બાદમાં ફાયર બ્રિગેડની ટીમે આગ પર સંપૂર્ણપણે કાબુ મેળવ્યો હતો. આગની ઘટનાને પગલે પીઓપી સહિતમાં નુકસાની સર્જાઈ હતી.

થિયેટરમાં જે બંને સ્ક્રીન વચ્ચેની લોબીમાં આગ લાગી હતી તેં બંને સ્ક્રીન બંધ હોવાથી મોટી દુર્ઘટના ટળી હતી. ફાયર બ્રિગેડની ટીમે સાવચેતીના ભાગરૂપે તમામ દર્શકોને થિયેટરમાંથી બહાર કાઢી આખેઆખું થિયેટર ખાલી કરાવ્યું હતું.

# જયરાજ પ્લોટના કોલેજીયન યુવાનને ખૂનની ધમકી

## અગાઉ આપેલી સોનાની લક્કી પરત માંગતા મંથન મુંધવા ઉશ્કેરાયો : ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

કેનાલ રોડ પર આવેલા જયરાજ પ્લોટ વિસ્તારમાં રહેતા અને મારવાડી કોલેજમાં અભ્યાસ કરનાર ૨૧ વર્ષીય યુવક મીતભાઈ દીપકભાઈ શાહને તેના પરિચિત શખ્સે ફોન પર ગાળો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અગાઉ સોનાની લક્કી પરત માંગવા બાબતે થયેલી બોલાચાલીનું મનદુઃખ રાખી ધમકી આપતા આ અંગે ફરિયાદ નોંધવવામાં આવી છે.

બનાવ અંગે ગઈ તા. ૦૮ ના રોજ મીત દિપકભાઈ શાહ (ઉ.વ.૨૧, રહે. જયરાજ પ્લોટ ૮/૧૩ કેનાલ રોડ) પાસેથી તેનો પરિચિત મંથન મનીષભાઈ મુંધવા નામનો શખસ સોનાની લક્કી પહેરવા માટે લઈ ગયો હતો. બાદમાં જ્યારે મીતે પોતાની લક્કી પરત માંગી ત્યારે મંથને તે આપવાની આનાકાની કરી હતી. મીતભાઈએ આ બાબતે પોલીસ ફરિયાદ કરવાની ચીમકી આપતા મંથને લક્કી પરત તો કરી દીધી હતી, પરંતુ આ બાબતે દાઝ રાખી હતી.

ગઈકાલે તા.૧૩/૦૩/૨૦૨૬ના રોજ બપોરે ત્રણ વાગ્યાની આસપાસ યુવાનને મંથને ફોન કરીને ઉશ્કેરાઈને વાત કરવાનું શરૂ કર્યું હતું. મંથને ફોન પર કહ્યું હતું કે, તું તારા ઘરની બહાર નીકળીને બતાવ, હુ મારી ગાડી લઈને તારા ઘરની બહાર જ ઉભો છું.

મીતે આ અંગે તેમના મોટાબાપુ અનિલભાઈને જાણ કરી હતી.જ્યારે ફરી મંથનનો ફોન આવ્યો ત્યારે સ્પિકર પર વાત કરતા તેણે વડીલની મર્યાદા પણ જાળવી નહોતી. મંથને ઉશ્કેરાઈને કહ્યું હતું કે, તે પોલીસ સ્ટેશન જવાની વાત કેમ કરી હતી? હવે ઘરની બહાર આવ, તને જીવતો નહીં છોડું અને તારા બહુ ખરાબ હાલ કરીશ. સતત મળી રહેલી ગાળો અને જાનથી મારી નાખવાની ધમકીઓને પગલે મીત દ્વારા આ મામલે એ.ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી હતી.

# કોઠારીયા સોલવન્ટમાં રહેતા રાજસ્થાની દંપતીનો સગીર પુત્ર ભેદી રીતે ગુમ

## માતા-પિતા વતનમાં હોય અને ભાઈ બજારમાં શાકભાજી લેવા જતા સગીર ઘરેથી લાપતા થઈ ગયો : ચાર દિવસ બાદ પણ પતો ન લાગતા પરિવાર ચિંતામાં

**અબતક, રાજકોટ**

શહેરના કોઠારીયા સોલવન્ટ વિસ્તારમાં શુભમ પાર્કમાં રહેતા રાજસ્થાની પરિવારનો ૧૬ વર્ષનો પુત્ર ઘરેથી કંઈ કહ્યા વગર ચાલ્યા ગયા બાદ પરત ન આવતા પરિવારજનો તપાસ શરૂ કરી હતી. બાદમાં આ અંગે પોલીસને જાણ કરતા પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો છે. ચાર દિવસ બાદ પણ સગીરના કોઈ સગડ ન મળતા પરિવારજનો ચિંતામાં મુકાયા છે.

જાણવા મળતી વિગતો મુજબ, મૂળ રાજસ્થાનના જોધપુર જિલ્લાના વતની ચાંદનીબેન ઉર્ફે ભારતીબેન મનોજભાઈ સાવરીયા (ઉ.વ.૩૬) નમના મારવાડી પરિણીતા દ્વારા આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં ત્રણ પુત્ર છે સૌથી મોટો પુત્ર ગણેશ (ઉ.વ. ૨૧) રાજસ્થાન ખાતે રહે છે ત્યારબાદ વિવેક (ઉ.વ. ૧૮) તથા નાનો પુત્ર દિપક(ઉ.વ.૧૬) અહીં રાજકોટ કોઠારીયા સોલવન્ટ ખાતે સાથે રહે છે.ગઈ તા. ૧૧/૩ ના ફરિયાદી તથા તેમના પતિ સાતમના તહેવાર માટે રાજસ્થાન ગયા હતા અને મૂળ વતનમાં રોકાયા હતા. બાદમાં રાત્રિના પુત્ર ગણેશનો ફોન આવ્યો હતો અને કહ્યું હતું કે, મને આઠ વાગ્યે નાનાભાઈ વિવેકનો ફોન આવ્યો છે અને વાત કરી હતી કે, આજે બપોરના ચારેક વાગ્યે હું શાકભાજી લેવા માટે ઘરની બહાર ગયો હતો ત્યારે દીપક ઘરે સૂતો હતો બાદમાં સાંજના છ વાગ્યે આસપાસ ઘરે પરત આવીને જોતા દિપક ઘરે ન હોય તેને ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો.

આજુબાજુમાં તપાસ કરી પરંતુ દીપકનો ક્યાંય પતો લાગ્યો નથી. બાદમાં સગીરના માતા-પિતા અહીં રાજકોટ આવ્યા હતા અને પુત્રની શોધખોળ શરૂ કરી હતી પરંતુ તેનો કોઈ પતો ન લાગતા અંતે પોલીસને જાણ કરી હતી જેથી આજીડેમ પોલીસે અપહરણ અંગેનો ગુનો નોંધી સગીરના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે બનાવ અંગે વધુ તપાસ પી.એસ.આઈ એમ.જે.વરૂ ચલાવી રહ્યા છે.

# અનિલ મકવાણાને શોકોઝ નોટિસ ફટકારતા શહેર ભાજપ પ્રમુખ ડો.માધવ દવે

## બાંધકામ માટે નાણાં લીધાનો વિડીયો વાયરલ થયા બાદ પક્ષની આકરી કાર્યવાહીઃ ત્રણ દિવસમાં જવાબ આપવા તાકીદ



**અબતક રાજકોટ**

ભાજપના પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણાએ બાંધકામ માટે એક અરજદાર પાસેથી લાખો રૂપિયાની માગણી કરી હોવાનો વિડિયો ગઈકાલે વાયરલ થયા બાદ આજે શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે તેઓને નોટિસ ફટકારી ત્રણ દિવસમાં ખુલાસો રજૂ કરવા તાકીદ કરી હોવાનું જાણવા મળી રહ્યો છે.

ભાજપના પૂર્વ કોર્પોરેટર અનિલ મકવાણા શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ચાલતા બાંધકામો અંગે ટીપી શાખામાં ફરિયાદ કરી બાદ મોટો તોડ કરતા હોવાની ઘટના સામે આવી છે.

બાંધકામ માટે એક અરજદાર પાસેથી લાખો રૂપિયાની માગણી કર્યાનો વિડીયો ગઈકાલે વાયરલ થયા બાદ શાસક પક્ષ ભાજપ શરમજનક સ્થિતિમાં મુકાય ગયું છે.

આ મામલે આજે શહેર ભાજપ પ્રમુખ દ્વારા અનિલ મકવાણાને શોખ જ નોટિસ ફટકારી ત્રણ દિવસમાં ખુલાસો રજૂ કરવા તાકીદ કરી છે.

# તું મરી જા નહીંતર હું તને મારી નાખીશ કહી પરિણીતા સાથે પતિ મારકૂટ કરતો

## તું દવા પી લે નહિ તો અમે પીવડાવી દઈશું કહેતા પરિણીતાએ ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ લીધા : સારવાર અર્થે ખસેડાઈ

### પતિ, સાસુ-સસરા, બંને જેઠએ સતત ત્રાસ આપતાં ધરમનગરની પરિણીતાએ ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

શહેરના ઓમનગર સર્કલ નજીક ધરમનગરમાં રહેતી પરિણીતાએ પતિ સહિતના સાસરિયાએ શારીરિક-માનસિક ત્રાસ આપ્યાની ફરિયાદ નોંધાવી છે. પતિ ઘરખર્ચના પૈસા આપતો ન હોય અને પૈસા માંગતા મારકૂટ કરી મરી જવાનું કહેતો હોય પરિણીતાએ ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ લેતા સારવાર અર્થે ખસેડાઈ હતી. બનાવ અંગે તાલુકા પોલિસેં ગુનો નોંધ્યો હતો.

બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઓમનગર સર્કલ નજીક ધરમનગર શેરી નં.-૧ માં રહેતી ૩૨ વર્ષીય પરિણીતા સંગીતાબેન રમેશભાઈ મેરીયાએ આરોપી તરીકે પતિ રમેશભાઈ વિનોદભાઈ મેરિયા, સસરા વિનોદભાઈ નારણભાઈ, સાસુ મંજુબેન, જેઠ નરેશભાઈ અને દિલીપભાઈનું નામ આપતાં જણાવ્યું હતું કે, હું મારા પતિ, સાસુ-સસરા, મોટા જેઠ નરેશભાઈ, જેઠાણી શિલ્પાબેન, તેનાથી નાના જેઠ દિલીપભાઈ તથા જેઠાણી શીતલબેન અને મારી દીકરી માનસી (ઉં.વ.૧૧) તથા દીકરો નિશાંત (ઉં.વ.૦૯) સાથે રહુ છુ. મારા લગ્ન ૧૨ વર્ષ પહેલા ૨૦૧૪ માં જ્ઞાતિના રીત રીવાજ મુજબ થયેલ હતા. મારા સસરા વિનોદભાઈ ભૂગર્ભ ગટર પાઈપલાઈન નો કોન્ટ્રાકટ રાખે છે અને મારા પતિ તેમાં મજૂરીકામ કરે છે. અમારા ઘરનો તમામ વહીવટ મારા સાસુ-સસરા ચલાવે છે. જેથી ઘરમા પૈસાની જરૂરીયાત હોય ત્યારે તેમની પાસેથી માંગણી કરવાની રહે છે. પરિણીતાએ જણાવ્યું હતું કે, લગ્નના આશરે એકાદ વર્ષ બાદથી જ મારા અને મારા પતિ વચ્ચે મનમેળ રહેતો ના હોય જેથી નાની નાની વાતમાં ઝઘડાઓ થતા રહે છે. પતિએ મારા સસરા અને જેઠ સાથે કામ કરતા હોય તેમની પાસે કામના પૈસા માંગતા આપતા ન હતા. મારા જેઠ દિલીપભાઈ માતાજીના ભુવા હોય જ્યારે તેની પત્ની માસિક સ્ત્રાવમા હોય ત્યારે તેના માટે રસોઈ બનાવવા માટે મારા સાસુ મને શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા હતા જેથી મારે રસોઈ બનાવવી પડતી હતી. જેથી અમે છેલ્લા પાંચ વર્ષથી રસોઈ અલગ બનાવીએ છીએ. બાદથી મારા પતિ "તે અને તારા બાપે મને મારા મા-બાપ થી અલગ કરેલ છે' કહી અવારનવાર મારી સાથે ઝઘડો કરીને મને માર મારે છે. મારા માતા-પિતાને અપશબ્દો બોલે છે અને કહે છે કે, તારી છોકરીને લઈ જા મારે નથી જોઈતી.

વધુમાં પરિણીતાએ જણાવ્યું હતું કે, ગઈ તા.૦૨/૦૩/૨૦૨૬ ના રોજ હોળીનો તહેવાર હોય મે મારા પતિ પાસે અમારા સંતાનો માટે હોળીના રંગો અને પીચકારી લેવા માટે રૂપિયા માંગતા તેને મને કહેલ કે મારી પાસે અત્યારે પૈસા નથી. ત્યારબાદ બીજા દિવસે મે રૂપિયા માંગતા મારા પતિએ મને ઢીકા પાટુનો માર મારેલ અને મને કહેલ કે, તુ મરી જા નહીતર હુ તને મારી નાંખીશ. મારા સાસુ મંજુબેન, સસરા વિનોદભાઈ તથા બંન્ને જેઠ દિલીપભાઈ અને નરેશભાઈએ અમારા રૂમમા આવી મને જેમ ફાવે તેમ ગાળો આપી કહેલ કે તુ અહિથી જતી રહે, આ અમારૂ ઘર છે. મારા પતિ, બંને જેઠ, સાસુ-સસરા મારા માવતર વિશે જેમફાવે તેમ ખરાબ શબ્દો બોલી મને ઘર છોડીને જતા રહેવાનુ કહી અવારનવાર શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતા હતા. તેમણે મને કહેલ કે, તુ દવા પી જા નહીતર હું તને દવા પીવડાવી દઈશ તેમ કહેતા મને લાગી આવતા મેં જિંદગીથી કંટાળી ગત તા. ૦૪-૦૩-૨૦૨૬ ના રોજ

સાંજના પાંચેક વાગ્યે મે ઘઉંમા નાંખવાના ટીકડા પી લીધેલ હતા. જે બાદ હુ બેભાન થઈ જતાં મને સારવાર અર્થે ખસેડાઈ હતી.

બનાવ અંગે તાલુકા પોલિસેં પતિ સહિતના સાસરિયા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ આદરી હતી.

# સર્કિટ હાઉસ ભ્રષ્ટાચારનો અડ્ડોઃ કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ-કાર્યકરોની અટકાયત

## તપાસ સમિતિની રચના કરવાની અને જવાબદારો સામે કાયદાકીય પગલા ભરવાની માંગ





**અબતક,રાજકોટ**

સર્કિટ હાઉસ જાણે ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયો હોય તેવું લાગી રહ્યું છે. આજે શહેર કોંગ્રેસના કાર્યકરો દ્વારા ઉગ્ર વિરોધ પ્રદર્શન કરાયું હતુ. પોલીસ દ્વારા કાર્યકરોની અટકાયત કરી લેવામાં આવી હતી.

રાજકોટના હૃદય સમાન અને સરકારી ગરિમા ધરાવતું 'સર્કિટ હાઉસ' હાલ વિવાદોના ઘેરામાં આવ્યું છે. તાજેતરમાં સોશિયલ મીડિયામાં ભારતીય જનતા પાર્ટીના પૂર્વ નગરસેવક દ્વારા સર્કિટ હાઉસના રૂમમાં બેસીને લાંચ માંગતો વીડિયો વાયરલ થતા રાજકીય ગરમાવો આવી ગયો છે. આ ઘટનાના વિરોધમાં આજે કોંગ્રેસે સર્કિટ હાઉસ ખાતે ઉગ્ર સૂત્રોચ્ચાર અને વિરોધ પ્રદર્શન કરી તંત્રને જગાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સર્કિટ હાઉસ માત્ર સરકારી અધિકારીઓ અને પદાધિકારીઓના સત્તાવાર રોકાણ માટે છે. તો પછી કયા નિયમ હેઠળ નગરસેવકો કે રાજકીય કાર્યકરો આ રૂમોનો ઉપયોગ પોતાના અંગત 'વહીવટ' માટે કરી રહ્યા ?

વાયરલ વીડિયો જોતા સ્પષ્ટ થાય છે કે સરકારી સંકુલ હવે જનતાના કામના બદલે સત્તાધારી પક્ષના આર્થિક સૌંદાબાજી અને ભ્રષ્ટાચારનું કેન્દ્ર બની ગયું છે.

પ્રોટોકોલ મુજબ ચાલતા આ સ્થળે આવી અનૈતિક પ્રવૃત્તિઓ ચાલતી હોવા છતાં વહીવટી તંત્ર અને સુરક્ષા એજન્સીઓ કેમ મૌન સેવી રહી છે?

કોંગ્રેસ મુખ્ય માંગણીઓ કરી છે કે સર્કિટ હાઉસના મેનેજમેન્ટ અને જવાબદાર અધિકારીઓ સામે બેદરકારી બદલ તુરંત તપાસ સમિતિ નીમી કડક પગલાં લેવામાં આવે.

છેલ્લા ૬ મહિનાના સીસીટીવી ફૂટેજ તપાસીને જાહેર કરવામાં આવે કે કયા કયા રાજકીય તત્વોએ ગેરકાયદેસર રીતે રૂમોનો ઉપયોગ કર્યો છે.

સરકારી સંકુલનો ભ્રષ્ટાચાર માટે ઉપયોગ કરનાર તમામ તત્વો વિરુદ્ધ કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવામાં આવે.

"જો આગામી દિવસોમાં આ મામલે કોઈ નક્કર તપાસ કે કાર્યવાહી કરવામાં નહીં આવે, તો જનતાને સાથે રાખીને આગામી સમયમાં વધુ ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે."

આ વિરોધ પ્રદર્શનમાં અલ્પેશભાઈ સાધારીયા, દીપભાઈ ભંડેરી, ગૌરવભાઈ ખીમસુરીયા, બ્રિજરાજસિંહ રાણા, હિલાબેન રાઠોડ, જયદીપ મયાત્રા, દીપુબેન રાવિયા, જયદીપ મકવાણા, યજ્ઞેશભાઈદવે, અક્ષાંશ ગૌસ્વામી, દીપક કાકારેલીયા, રાહુલ સોલંકી, મયુરભાઈ સાવલીયા, પરેશભાઈ પટેલ, નરેન્દ્ર પટેલ, હિમોન ચાવડા, જીત ખોપકર, કાવ્ય કોઠીયા, દર્શ ખુમાણ, મોહિતસિંહ ગોહિલ અને રાજ પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

## (પહેલા પાનાનું ચાલું)
## ભારત માટે ક્રૂડ...

ખોલી દીધા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન સાથે ફોન પર થયેલી મંત્રણામાં ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત ઈરાનનું જૂનું અને વિશ્વાસુ મિત્ર છે. આ વાતચીત બાદ ઈરાની વહીવટીતંત્રે ભારત પ્રત્યે નરમાશ દાખવી છે. ઈરાને સ્પષ્ટ કર્યું છે કે તેઓ ભારતીય જહાજોને કોઈ પણ અડચણ વગર પસાર થવા દેશે, જે ભારતની વધતી જતી વૈશ્વિક શાખનું પરિણામ છે.

**૨. ભારતીય LPG અને ક્રૂડ ટેન્કરો માટે લીલી ઝંડી**

વ્યૂહાત્મક રીતે અત્યંત જોખમી ગણાતા આ માર્ગ પરથી ઈરાને ભારતીય ધ્વજ ધરાવતા બે મોટા LPG ટેન્કરો - 'શિવાલિક' અને 'નંદા દેવી' - ને સુરક્ષિત રીતે નીકળવાની મંજૂરી આપી છે. આ ઉપરાંત, રશિયા અને લાઈબેરિયાથી ક્રૂડ ઓઈલ ભરીને ભારત તરફ આવી રહેલા 'એમટી સમયારની' અને 'જગ પ્રકાશ' જેવા મોટા ટેન્કરો પણ હવે સુરક્ષિત રીતે ભારતીય બંદરો તરફ આગળ વધી રહ્યા છે.

ભારતમાં ઈરાનના રાજદૂત મોહમ્મદ ફતહાલીએ ભારતને 'ખાસ મિત્ર' ગણાવતા કહ્યું હતું કે, ''અમે માનીએ છીએ કે ભારત અને ઈરાનનું હિત એકસમાન છે. ભારતની જનતાની સુખ-શાંતિ એ જ અમારી પ્રાથમિકતા છે.'' આ નિવેદન દર્શાવે છે કે ઈરાને અમેરિકા અને અન્ય પશ્ચિમી દેશોના જહાજો પર કડક નિયંત્રણો હોવા છતાં ભારત માટે એક મોટો અપવાદ સર્જ્યો છે.

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ એવો દરિયાઈ માર્ગ છે જ્યાંથી ભારતની તેલ અને ગેસની આયાતનો મોટો હિસ્સો પસાર થાય છે. જો આ માર્ગ બંધ થાય, તો ભારતમાં રસોઈ ગેસ અને ઈંધણના ભાવ આસમાને પહોંચી શકે તેમ હતા. પરંતુ પીએમ મોદીની આ દૂરોગામી મુત્સદ્દીગીરીને કારણે દેશમાં ગેસ અને તેલનો પુરવઠો યથાવત રહેશે, જે સામાન્ય જનતા માટે મોટી રાહત છે.

બદલાતા સમીકરણો વચ્ચે રશિયાથી આવતા તેલના જહાજોએ પણ પોતાનો માર્ગ ભારત તરફ વાળ્યો છે. અમેરિકા દ્વારા આપવામાં આવેલી કેટલીક આડકતરી છૂટછાટ અને ઈરાન સાથેના સુધરેલા સંબંધોને કારણે રશિયન તેલ લઈને આવતા 'શેડો ફ્લીટ' ટેન્કરો પણ હવે કોઈ પણ ડર વગર ભારતીય સમુદ્રમાં પ્રવેશ કરી રહ્યા છે.

### વાતાવરણમાં ફરી પલટો...

બનાસકાંઠા, પાટણ, વડોદરા અને છોટાઉદેપુરમાં કમોસમી વરસાદ થશે, તો સૌરાષ્ટ્રના રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, બોટાદ, ભાવનગર, અમરેલી અને ગીર સોમનાથ માવઠાની આશંકા છે. જ્યારે ભરૂચ, નર્મદા, સુરત અને તાપીમાં પણ વરસાદ થઈ શકે છે. ઉનાળુ પાક તૈયાર છે, ત્યારે જ માવઠાનું સંકટ ખેડૂતોના મોં સુધી આવેલો કોળિયો છીનવી શકે છે.

આજથી એક મજબૂત પશ્ચિમ વિક્ષેપ આવશે. જેની અસર ગુજરાતના ભાગો ઉપર પડવાની શક્યતા છે. ૨૨ માર્ચ સુધીમાં એક મધ્યમ કક્ષાનો વિક્ષેપ આવતા તેની અસર ગુજરાતના ભાગો ઉપર થવાની શક્યતા છે. દેશના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદ થશે. આ સાથે ગુજરાતના હવામાનમાં પણ પલટો આવશે. ગરમીની સાથે પશ્ચિમી વિક્ષેપ આવે ત્યારે કરા પડવાની શક્યતા રહેતી હોય છે. જેથી ગુજરાતમાં આ તારીખોમાં હવામાનમાં પલટા સાથે કરા પડવાની શક્યતા છે.જમ્મુ-કાશ્મીર, લદ્દાખ, હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડના વિવિધ વિસ્તારોમાં ૧૭ માર્ચ સુધી વરસાદ અને બરફવર્ષાની શકયતા વ્યકત કરવામાં આવી છે. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે વરસાદ અને ૩૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં કરા પણ પડી શકે છે.હાલ રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાત સહિતના રાજ્યોમાં ગરમીનો પ્રકોપ અનુભવાઈ રહ્યો છે, ગુજરાતના મોટાભાગના વિસ્તારમાં તાપમાનનો પારો ૪૦ને આંબી ગયો છે. ત્યારે આ દરમિયાન અંબાલાલ પટેલે ફરી એકવાર કમોમસમી વરસાદના સંકેત આપ્યાં છે. હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે જણાવ્યું કે, ''આગામી દિવસોમાં ઘણા ભાગોમાં પ્રિમોન્સૂન એકટિવિટીના ભાગરૂપે માવઠું થઈ શકે છે. ૧૫ માર્ચ બાદ રાજ્યના વાતાવરણમાં પલટો આવશે. ૧૪ માર્ચની આસપાસ દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં પશ્ચિમી વિક્ષેપ આવશે. જેની અસરથી કમોસમી વરસાદનું અનુમાન છે.

### યુરિયા...

મહિના સુધીમાં યુરિયાની આયાત ૧૩.૯૯ લાખ ટન સુધી પહોંચી છે, જે અગાઉના વર્ષ ૨૦૨૪-૨૫ માં નોંધાયેલા ૯.૨૩ લાખ ટન કરતા વધુ છે. આ ઉપરાંત ચાલુ નાણાકીય વર્ષમાં ભારતે રશિયામાંથી ૭.૫૫ લાખ ટન ડીએપી, ૧૨.૯૭ લાખ ટન એમઓપી અને ૨૧ લાખ ટન એનપીકે ખાતરની આયાત કરી છે.

ફેબ્રુઆરી મહિના સુધીના આંકડાઓ પર નજર કરીએ તો ચીન અને રશિયામાંથી કુલ મળીને આશરે ૩૫.૨૩ લાખ ટન યુરિયાની આયાત કરવામાં આવી છે. જ્યારે ગત નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અન્ય દેશોમાંથી યુરિયાની કુલ આયાત ૫૬.૪૭ લાખ ટન નોંધાઈ હતી. ફોસ્ફેટિક અને પોટેશિક ખાતરો ઓપન જનરલ લાયસન્સ સિસ્ટમ હેઠળ આવે છે, જે કંપનીઓને તેમના વ્યાપારી આકલનના આધારે આ ખાતરોની આયાત અથવા ઉત્પાદન કરવાની મંજૂરી આપે છે.દેશમાં ખાતરની સ્થાનિક ઉપલબ્ધતા અંગે માહિતી આપતા મંત્રી અનુપ્રિયા પટેલે જણાવ્યું હતું કે, દેશમાં ૩૭૦.૮૪ લાખ ટન યુરિયાની અંદાજિત જરૂરિયાત સામે હાલમાં ૪૩૨.૪૪ લાખ ટન યુરિયાનો જથ્થો ઉપલબ્ધ છે. ડાયરેકટ બેનિફિટ ટ્રાન્સફર સિસ્ટમ દ્વારા આ વર્ષે અત્યાર સુધીમાં ૩૮૧.૫૯ લાખ ટન યુરિયાનું વેચાણ થઈ ચૂક્યું છે. આ આંકડાઓ દર્શાવે છે કે આયાતમાં વધારો થયો હોવા છતાં દેશમાં ખેડૂતો માટે પૂરતા પ્રમાણમાં ખાતરનો સ્ટોક ઉપલબ્ધ છે.

### ટ્રમ્પનું ટિક ટિક...

વહીવટીતંત્રના અધિકારીઓએ આ ફીનો બચાવ કરતા જણાવ્યું છે કે તે ટિકટોકની કામગીરીને બચાવવામાં, ચીન સાથે વાટાઘાટો કરવામાં અને રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતાઓને દૂર કરવામાં ડોનાલ્ડ ટ્રમ્પની ભૂમિકાને દર્શાવે છે. આ કરાર ટિકટોક યુએસડીએસ જોઈન્ટ વેન્ચર એલએલસીની રચના પર કેન્દ્રિત છે, જે જાન્યુઆરીમાં બાઈટડાન્સ દ્વારા બહુમતી અમેરિકન માલિકી ધરાવતા જોઈન્ટ વેન્ચરની રચના બાદ સ્થાપિત કરવામાં આવી હતી. ૨૦૦ મિલિયનથી વધુ યુએસ વપરાશકર્તાઓ ધરાવતા આ પ્લેટફોર્મને સંભવિત પ્રતિબંધથી બચાવવા અને ડેટા સુરક્ષિત રાખવાના ઉદ્દેશ્યથી આ પગલું લેવામાં આવ્યું છે.

ગત વર્ષે સપ્ટેમ્બરમાં, યુએસ વાઈસ પ્રેસિડેન્ટ જેડી વાન્સે જણાવ્યું હતું કે નવી રચાયેલી યુએસ કંપનીનું મૂલ્ય આશરે ૧૪ બિલિયન ડોલર હશે.

આ ડીલમાં સામેલ રોકાણકારોમાં ઓરેકલ, સિલ્વર લેક અને અબુ ધાબી સ્થિત એમજીએક્સ સહિત અન્ય ટેકેદારોનો સમાવેશ થાય છે. અહેવાલો મુજબ, આ રોકાણકારોએ ડીલ ફાઈનલ થવા પર યુએસ ટ્રેઝરી વિભાગને લગભગ ૨.૫ બિલિયન ડોલરની ચૂકવણી કરી હતી અને ભવિષ્યમાં આ રકમ ૧૦ બિલિયન ડોલર સુધી પહોંચે ત્યાં સુધી વધારાની ચૂકવણી કરે તેવી અપેક્ષા છે.

આ ડીલ સામે કાનૂની પડકારો પણ ઉભા થયા છે. આ મહિનાની શરૂઆતમાં, ટિકટોકની હરીફ સોશિયલ મીડિયા કંપનીઓ સાથે સંકળાયેલા રિટેલ રોકાણકારો દ્વારા ડોનાલ્ડ ટ્રમ્પ અને યુએસ એટર્ની જનરલ પામ બોન્ડી સામે દાવો માંડવામાં આવ્યો હતો. રોઈટર્સના અહેવાલ મુજબ, આ કેસ પબ્લિક ઈન્ટિગ્રિટી પ્રોજેક્ટ દ્વારા કોર્ટ ઓફ અપીલ્સમાં દાખલ કરવામાં આવ્યો છે. વાદીઓનો તર્ક છે કે ડીલને આપવામાં આવેલી મંજૂરી ગેરકાયદેસર છે અને તે ૨૦૨૪ના કાયદાની શરતોનું પાલન કરતી નથી, જેથી તેઓ આ ડીલ પર ફરીથી વાટાઘાટો કરવાની માંગ કરી રહ્યા છે.

### ભૂત થઈ ગયેલી નંબર પ્લેટો...

અધિકારીના નામે ટ્રાન્સફર થઈ ગયો હતો. રાજ્યના સવાઈ માધોપુર, ઝુંઝુનુ, દૌસા, રાજસમંદ અને જોધપુર જેવા વિવિધ જિલ્લાઓમાં આવા સમાન કિસ્સાઓ જોવા મળ્યા છે જ્યાં જૂના વાહનોના રજીસ્ટ્રેશન સાથે ચેડાં થયા છે.

આ કૌભાંડની કાર્યપદ્ધતિ ખૂબ જ આયોજનબદ્ધ હતી. સૌથી પહેલાં, સિસ્ટમમાં જૂના વાહનના નંબરને માત્ર કાગળ પર અસ્તિત્વ ધરાવતા 'વર્ચ્યુઅલ વાહન' સાથે જોડીને સક્રિય કરવામાં આવતો હતો. ત્યારબાદ આ આકર્ષક નંબરને નવા વાહન ખરીદનાર અન્ય વ્યકિતને ઊંચી કિંમતે વેચી દેવામાં આવતો હતો. મળતી માહિતી મુજબ, આ ફેન્સી નંબરોની કિંમત ૨ લાખથી ૧૦ લાખ રૂપિયા સુધીની આંકવામાં આવતી હતી. ઓનલાઈન હિસાબ બરાબર રાખવા માટે નવા વાહનનો સામાન્ય ૧૦-ડિજિટનો નંબર જૂના વાહનના રેકોર્ડમાં દર્શાવી દેવામાં આવતો હતો.

આ કૌભાંડ માર્ચ ૨૦૨૫ માં જયપુર આરટીઓની તપાસ દરમિયાન પકડવામાં આવ્યું હતું. જયપુર ના રિજનલ ટ્રાન્સપોર્ટ ઓફિસર રાજેન્દ્ર સિંહ શેખાવત ના ધ્યાનમાં આવ્યું કે ૧૨, ૧૫ અને ૨૨ માર્ચના રોજ રોજિંદા ૨ થી ૩ બેકલોગ ટ્રાન્ઝેક્શનની જગ્યાએ સિસ્ટમમાં ૮૦ થી વધુ ટ્રાન્ઝેક્શન નોંધાયા હતા. આ શંકાસ્પદ ગતિવિધિ સામે આવતા શરૂઆતમાં બે અધિકારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા અને એપ્રિલ ૨૦૨૫ માં આ ગેરરીતિની તપાસ માટે ૪ સભ્યોની તપાસ સમિતિની રચના કરવામાં આવી.

તપાસ આગળ વધતા ટ્રાન્સપોર્ટ વિભાગના એડિશનલ કમિશનર ઓ પી બુંકર દ્વારા નવેમ્બર ૨૦૨૫ માં એક આદેશ જારી કરવામાં આવ્યો, જેમાં આ કૃત્યને સત્તાવાર રીતે છેતરપિંડી અને ગુનાહિત કાવતરું ગણાવવામાં આવ્યું. આ આદેશ બાદ જાન્યુઆરી ૨૦૨૬ માં જયપુર આરટીઓ દ્વારા પ્રથમ એફઆઈઆર દાખલ કરવામાં આવી અને ૨,૧૨૮ જૂના વાહનોની સઘન તપાસ બાદ ૧,૧૬૦ વાહનોના આરસી સસ્પેન્ડ તેમજ ૪૯૬ આરસી રદ કરવામાં આવ્યા. આ ઉપરાંત ઝુંઝુનુ, સવાઈ માધોપુર અને ચિત્તોડગઢમાં પણ સંબંધિતો સામે એફઆઈઆર નોંધવામાં આવી છે.કૌભાંડના કુલ આંકડાઓ અંગે હજુ પણ તપાસ ચાલુ છે. શરૂઆતમાં એવો અંદાજ હતો કે ૩૦,૦૦૦ થી ૪૦,૦૦૦ નંબરો સાથે ચેડા થયા છે. જોકે, બાદમાં રાજયવ્યાપી તપાસમાં આ આંકડો ૧,૦૦૦ થી ૧,૫૦૦ નંબરો અને ૧૦૦ જેટલા કર્મચારીઓની સંડોવણી સુધી હોવાનું વિભાગે જણાવ્યું હતું. ટ્રાન્સપોર્ટ કમિશનર પુરુષોત્તમ શર્માના જણાવ્યા મુજબ, વાહન પોર્ટલની ખામીઓ અંગે માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયને પત્ર લખીને ભવિષ્યમાં આવા બનાવો અટકાવવા સિસ્ટમમાં ફિઝિકલ વેરિફિકેશન કે ઓડિટની કડક જોગવાઈ કરવા રજૂઆત કરવામાં આવશે.

### ઈરાન...

સ્થિત મુખ્ય તેલ નિકાસ ટર્મિનલને તોડી પાડવાનો દાવો કર્યો છે. આ વળતા હુમલામાં ઈરાનને આર્થિક રીતે પાયમાલ કરવાની અમેરિકાની રણનીતિ સામે ઈરાને હવે સીધી 'ઊર્જા યુદ્ધ'ની ચેતવણી આપી છે. ઈરાનનો દાવો છે કે તેમની પાસે એવી મિસાઈલો છે જે પશ્ચિમ એશિયામાં કોઈપણ ઊર્જા પ્લાન્ટને સેકન્ડોમાં રાખ કરી શકે છે.

ઈરાનની આ ધમકી અને હુમલાઓને કારણે આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલના ભાવમાં વિક્રમી ઉછાળો જોવા મળ્યો છે. દુબઈ, કતાર અને સાઉદી અરેબિયાના આકાશમાં મિસાઈલોના અવાજો સંભળાઈ રહ્યા છે, જેના કારણે હવાઈ પરિવહન ઠપ થઈ ગયું છે. જો ઈરાન ખરેખર ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર મોટા પાયે હુમલો કરે છે, તો તેની અસર માત્ર અમેરિકા પર જ નહીં, પણ સમગ્ર વિશ્વના અર્થતંત્ર પર પડશે.

## (ત્રીજા પાનાનું ચાલુ)
## રૂ.૧૪૨૩ કરોડ ફાળવાયા

રૂપ ચેકડેમ તેમજ અન્ય બાંધકામોને દૂર કરવા જેવા કામો હાથ ધરવામાં આવશે.

મંત્રી ઈશ્વરસિંહે જણાવ્યું હતું કે, હાલની સ્થિતિએ ફેઝ-૧ ના કામો પૈકી જૂનાગઢ જિલ્લાના સોરઠી ઘેડ વિસ્તારમાં કુલ-૩ કામ, પોરબંદર જિલ્લાના સોરઠી ઘેડ વિસ્તારમાં કૂલ-૭ કામ અને બરડા ઘેડ વિસ્તારમાં કૂલ-૭ કામ મળીને કૂલ-૧૭ કામો જેમાં નદી/વોંકળા/કે નાલાોના ખોદાણની કામગીરી પ્રગતિ હેઠળ છે. જે આગામી ચોમાસા-૨૦૨૬ પહેલા પૂર્ણ કરવાનું આયોજન છે.

મંત્રીશ્રીએ ફેઝ-૨ના કામોના આયોજન અંગે જણાવ્યું હતું કે, સોરઠી અને બરડા ઘેડ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટેના આયોજન પૈકી ફેઝ ૨ના કામો માટે કન્સલટન્ટ દ્વારા કરેલ રીપોર્ટને આઈઆઈટી, ગાંધીનગર પાસે રીવ્યુ કરાવી રાજ્ય સરકાર દ્વારા સોરઠી ઘેડ માટે રૂ. ૧૧૧૮.૫૪ કરોડ અને બરડા ઘેડ માટે રૂ. ૩૦૪.૮૬ કરોડ એમ કુલ અંદાજીત રૂ.૧૪૨૩.૪ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવી છે.

જેમાં નદી કાંઠાઓના બેન્ક પ્રોટેક્શનના કામો, નદી, કેનાલ, વોંકળાના ડિસિલ્ટીંગ, જંગલ કટીંગ, બંધ વોંકળાઓ પુનજીવિત કરવા, નદી પરના નાના/સાંકળા ગાળાવાળા સી.ડી. વર્કર્સને તોડીને તેની જગ્યાએ નવા મોટા ગાળા વાળા સી.ડી. વર્કર્સ બનાવવા તેમજ જરૂરિયાત મુજબ વોટર ડીવાઈડ સ્ટ્રક્ચર બનાવવા, હયાત ટાઈડલ રેગ્યુલેટરની જગ્યાએ વધુ પાણી નિકાલની ક્ષમતાવાળું ટાઈડલ રેગ્યુલેટરનું આયોજન જરૂરી હોય ટાઈડલ રેગ્યુલેટરની નવીનીકરણની કામગીરી કરવામાં આવશે. વધુમાં પાણીનો વ્યય અટકાવવા અને પાણીની ઉપયોગીતાઓ વધારવા હયાત સ્ટ્રકચરો જેવા કે તળાવ અને ટાઈડલ રેગ્યુલેટરને ઉંડા-પહોળા કરી જળ સંગ્રહ શકિત વધારવાના કામો કરવામાં આવશે.

### હવે સમસ્યા ભૂતકાળ બનશે

પણ ચોમાસાના પાછલા ભાગમાં પુર આવે તો શિયાળુ પાક માટે પણ વાવેતર કરવામાં મોડું થવાથી પાકનો ઉતારો બહુ ઓછો આવે છે.વધુમાં ઘેડ વિસ્તારમાં દરિયાના પાણીથી જમીન વધુ પ્રમાણમાં ખારી બનતી જાય છે અને પૂરના ધોવાણથી જમીનનો કસ ધોવાઈ જતા ખેતીલાયક જમીન નબળી બનતી જાય છે.આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી પાણી ભરાવાની સમસ્યાનો કાયમી ઉકેલ આવશે જેનો સૌથી વધુ ફાયદો આ વિસ્તારના ખેડૂતો અને ગામોને થશે.

### હાપા યાર્ડ

તથા પાર્કિંગની વ્યવસ્થા પણ સુનિશ્ચિત કરવામાં આવી છે.

આ સુવિધાનો સૌથી મોટો ફાયદો રેલવેના ટર્ન-અરાઉન્ડ ટાઈમમાં જોવા મળશે. અગાઉ જે વેગન ખામીયુકતથતા તેને ફરીથી ફિટ કરવામાં સરેરાશ ૧૦ દિવસનો સમય જતો હતો, જે હવે ટેકનિકલ સુવિધાઓને કારણે માત્ર ૩ દિવસમાં પૂર્ણ થઈ જશે. આનાથી યાર્ડમાં થતી ભીડ ઘટશે અને ટ્રેનોનું સંચાલન વધુ સરળ બનશે. રાજકોટ ડીઆરએમ મીનાના જણાવ્યા અનુસાર, આ પ્રોજેક્ટથી માત્ર રેલવેની માલ પરિવહન ક્ષમતા જ નહીં વધે, પરંતુ સ્થાનિક સ્તરે જ ઓવરહોલિંગ થવાથી સમય અને ખર્ચની મોટી બચત થશે. અંતે આનો સીધો લાભ પશ્ચિમ ગુજરાતના વેપારીઓ અને ઉદ્યોગોને મળશે, કારણ કે તેમને માલ લોડિંગ માટે હવે વેગન વધુ ઝડપથી અને વધુ સંખ્યામાં ઉપલબ્ધ થશે.

## (ચોથા પાનાનું ચાલુ)
## 'સ્વદેશી મેળા'

વસ્તુઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. સરકારની આ પહેલથી નાના કારીગરોને વચેટિયાઓ વગર સીધું બજાર મળતા તેમના આત્મવિશ્વાસમાં વધારો થયો છે.

સ્વદેશી વસ્તુઓના વેચાણની સાથે સાથે આ મેળાઓમાં મનોરંજન અને જનજાગૃતિનો સમન્વય પણ જોવા મળી રહ્યો છે. લોકોમાં સ્વદેશી ચીજવસ્તુઓના વપરાશ પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિશેષ 'સેલ્ફી પોઈન્ટ' તૈયાર કરવામાં આવ્યા છે, જે યુવા વર્ગમાં લોકપ્રિય બન્યા છે. આ ઉપરાંત લોકસંસ્કૃતિને જીવંત રાખવા માટે લોકડાયરા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજવામાં આવી રહ્યા છે. આગામી ૧૮ માર્ચ સુધી ચાલનારા આ શોપિંગ ફેસ્ટિવલ ખરા અર્થમાં 'વોકલ ફોર લોકલ' અભિયાનને વેગ આપી રહ્યા છે અને સ્થાનિક પરિવારોના પરિશ્રમને આર્થિક સમૃદ્ધિ તરફ દોરી રહ્યા છે.

### અભિવાદન

ધર્મિષ્ઠાબેન વાઘેલા, ચાંદનીબેન ગોંડલીયા, નિશાબેન રાણપરા અને અરુણાબેન પરમાર, કાર્યાલય મંત્રી હિતેષ ઢોલરીયા, સહકાર્યાલય મંત્રી શૈલેષભાઈ દવે તથા શહેર બક્ષીપંચ મોરચાના મહામંત્રી મહેશભાઈ મિયાત્રા સહિતના હોદ્દેદારોનું વોર્ડ નં.૧૪ ના હોદ્દેદારો દ્વારા સન્માનીત કરવામાં આવેલ હતા. આ કાર્યક્રમમાં વોર્ડ નં. ૧૪ ના કોર્પોરેટર નિલેશભાઈ જલુ, કેતનભાઈ પટેલ, વર્ષાબેન રાણપરા, ભારતીબેન મકવાણા, વોર્ડ પ્રભારી જીજ્ઞેશભાઈ જોષી, વોર્ડ નં.૭ ના પ્રભારી શૈલેષભાઈ હાપલીયા, વોર્ડ પ્રમુખ પવનભાઈ સુતરીયા, મહામંત્રી માણસુરભાઈ વાળા, કેયુરભાઈ મશરૂ, મહિલા મોરચાના ઉપપ્રમુખ વૈશાલીબેન મહેતા, શિક્ષણ સમિતિના સભ્ય જયદીપભાઈ જલુ, કિશાન મોરચાના ભનુભાઈ પટેલ, બક્ષીપંચ મોરચાના મહામંત્રી જે.પી.ધામેચા સહિતના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

આ કાર્યક્રમમાં સ્વાગત પ્રવચન કોર્પોરેટર નિલેશભાઈ જલુ દ્વારા અને પ્રાસંગિક ઉદબોધન શહેર ભાજપ પ્રમુખ ડો. માધવ દવે, ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા, ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, મેયર નયનાબેન પેઢડીયાએ ઉપસ્થિત કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું હતુ. આ કાર્યક્મનું સંચાલન વોર્ડ નં. ૧૪ ના પ્રભારી જીજ્ઞેશભાઈ જોષી દ્વારા કરવામાં આવેલ હતું. જયારે આ કાર્યક્રમમાં આભારવિધી જયદીપભાઈ જલુએ કરેલ હતી. આ કાર્યક્રમમાં વોર્ડ નં. ૧૪ ના તમામ શ્રેણીના હોદ્દેદારશ્રીઓ અને કાર્યકર્તાઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.

### ઉદય કાનગડ

લાગણી જોવા મળી હતી. ભારતીય જનતા પાર્ટી ગુજરાત સંગઠનના કેન્દ્રસ્થાન તરીકે ઓળખાતા 'કમલમ' કાર્યાલયની કામગીરી, વ્યવસ્થા અને અહીંથી સંચાલિત થતા વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો વિશે કાર્યકર્તાઓને વિગતવાર જાણકારી આપવામાં આવી હતી.

આ તકે ધારાસભ્ય ઉદય કાનગડએ જણાવેલ કે હાલ વિધાનસભા નું સત્ર ચાલુ છે ત્યારે વિધાનસભાની કાર્યપદ્ધતિ, રાજ્યના વિકાસ માટે લેવાતા મહત્વપૂર્ણ નિર્ણયો અને વિધાનસભાની કામગીરી વિશે કાર્યકર્તાઓને પ્રાથમિક જાણકારી પ્રાપ્ત થઈ. સાથે સાથે કાર્યકર્તાઓને રાજ્યના નેતૃત્વ સાથે સીધી મુલાકાત કરવાનો અવસર પણ મળ્યો, જે તેમના માટે પ્રેરણાદાયી અને ઉત્સાહવર્ધક રહ્યો. આ આયોજનનો એક મહત્વપૂર્ણ આશય સંગઠનને વધુ મજબૂત બનાવવાનો પણ રહ્યો હતો.

આ મુલાકાત દરમ્યાન ગાંધીનગર ખાતે વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી , રાજ્યના કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણી , પ્રદેશ ભાજપ મહામંત્રી અને રાજકોટ શહેર સંગઠનના પ્રભારી અનિરુદ્ધભાઈ દવે, ધારાસભ્યો સર્વે ઉદય કાનગડ,, ભાનુબેન બાબરિયા, રમેશભાઈ ટીલાળા, ડો. દર્શિતાબેન શાહ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

વિધાનસભા-૬૮ ના ગાંધીનગર પ્રવાસને સફળ બનાવવા માટે ધારાસભ્ય ઉદય કાનગડ ના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ મહામંત્રી વલ્લભભાઈ દૂધાત્રા, પૂર્વ મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, કિશોરભાઈ રાઠોડ, મનસુખભાઈ પીપળીયા, ભરત રાદડીયા, ઉત્તમભાઈ જાની, રસિકભાઈ પટેલ સહિતના કાર્યકર્તાઓએ બસ વ્યવસ્થા, સવાર નો નાસ્તો અને બંને ટાઈમનું ભોજન, પ્રવાસ આયોજન તેમજ ગાંધીનગર ખાતે રહેઠાણ,, કાર્યકર્તા માટે પાસ ની વ્યવસ્થા અને ભોજન સહિતની તમામ વ્યવસ્થાઓ સુંદર અને સુચારૂરૂપે સંભાળી હતી.

આ સમગ્ર પ્રવાસ કાર્યકર્તાઓ માટે પ્રેરણાદાયી અને યાદગાર રહ્યો હતો, તેમજ સંગઠનને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ તરીકે નોંધાયો હતો.વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓની ઉપસ્થિતિએ આ પ્રવાસને સંગઠનાત્મક રીતે એક મહત્વપૂર્ણ અને ઉત્સાહજનક પ્રસંગ બનાવી દીધો હતો.

## (૧૨માં પાનાનું ચાલુ)
## મહિલા હોકી ટીમ...

શકિતથી સર્કલમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ઈટાલીએ જબરદસ્ત કાઉન્ટર એટેક કર્યો અને ઘણી વાર ગોલ કરવાની તકો ઊભી કરી. તેમ છતાં, ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ પણ ઉત્તમ રમત બતાવી અને પહેલા ક્વાર્ટરમાં ઈટાલીને એક પણ ગોલ કરવા દીધો નહીં.

બીજા ક્વાર્ટરમાં ભારતે ગોલ કરવા માટે અનેક તકો બનાવી, પરંતુ સફળતા મળી નહીં. ભારતને ૧૮મી મિનિટે પહેલો પેનલ્ટી કોર્નર મળ્યો. તે સમયે ટીમ ઈન્ડિયાની નવનીત કૌરે સારો શોટ માર્યો, પરંતુ ઈટાલીની ગોલકીપર લુસિયા ઈનેસ કારુસોએ તેને અટકાવી દીધો. ૨૭મી મિનિટે ભારતને બીજો પેનલ્ટી કોર્નર મળ્યો, પરંતુ આ વખતે નવનીતનો શોટ ગોલ પોસ્ટથી દૂર રહ્યો. આમ ભારત બંને પેનલ્ટી કોર્નરમાં ગોલ કરી શક્યું નહીં.

બીજા હાફની શરૂઆતમાં ઈટાલીએ જોરદાર વાપસી કરવાનો પ્રયાસ કર્યો. એમિલિયા મ્યુનિટિસે ભારતીય ડિફેન્ડરને પાછળ મૂકી, પરંતુ ગોલકીપર બિચૂ દેવી ખારીબામે શાનદાર બચાવ કર્યો. ૪૦મી મિનિટે ભારતને ફરી એકવાર પેનલ્ટી કોર્નર મળ્યો અને આ વખતે મનીષા ચૌહાણે શક્તિશાળી શોટ મારીને ઈટાલીની ડિફેન્સ લાઈનને ભેદી ગોલ કર્યો. છેલ્લા ક્વાર્ટરમાં ભારતને વધુ બે પેનલ્ટી કોર્નર મળ્યા, પરંતુ તેમાં પણ ગોલ થઈ શક્યો નહીં. અંતિમ મિનિટોમાં ઈટાલીએ મેચ બરાબરી કરવા માટે પૂરો પ્રયાસ કર્યો, છતાં તેઓ ગોલ કરવામાં નિષ્ફળ રહ્યા.

## (છેલ્લા પાનાનું ચાલુ)
## કેરોસીનનો જથ્થો...

કેરોસીન વિતરણ બાબતની કોઈ પણ ફરીયાદ માટે ટેલિફોન નંબર -૦૭૯-૦૨૩૨-૫૨૬૮૦ પર સંપર્ક કરી શકાશે.

વધુમાં રાજ્ય સરકાર દ્વારા હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ પેટ્રોલ તથા ડીઝલની મહત્તમ બચત થાય તે માટે બને ત્યા સુધી પબ્લીક ટ્રાન્સ્પોર્ટનો, ભાગીદારીમાં મુસાફરીનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવે છે.

### એઈમ્સ હોસ્પિટલ...

સમયે તે પરાપીપળીયા પાસે રેલવે ટ્રેક પર આપઘાત કરવા પહોંચ્યો હતો, પરંતુ તે કોઈ અઘટિત પગલું ભરે તે પહેલા જ સ્થાનિક લોકોની સતર્કતાને કારણે પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે તેને ત્યાંથી હેમખેમ બચાવી લીધો હતો. આ ઘટના બાદ તેને સમજાવીને પરિવાર પાસે મોકલાયો હતો, પરંતુ ફરી તે જ સ્થળે પહોંચી તેણે પોતાનું જીવન ટૂંકાવી લીધું છે. ફરી પરાપીપળીયા ફાટક પાસે ટ્રેન નીચે આપઘાત કરી લેતા અનેક તર્ક-વિતર્ક સર્જાયા છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે.અગાઉ હોસ્ટેલના રૂમની તપાસ દરમિયાન પોલીસને ૧૬-૧૭ પાનાની લાંબી સ્યુસાઈડ નોટ મળી આવી હતી. જેમાં તેણે પોતાની અંગત પરેશાનીઓ અને એક સાથી છાત્રા પ્રત્યેની એકતરફી લાગણીનો ઉલ્લેખ કર્યો હતો. તે સતત વિચારોમાં ખોવાયેલો રહેતો હોવાનું પણ તેના સહપાઠીઓએ જણાવ્યું હતું. આજે સવારે ૫ વાગ્યાની આસપાસ તે હોસ્ટેલમાંથી નીકળ્યો હતો પરાપીપળીયા ફાટક પાસે પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું.એઈમ્સ મેડિકલ હોસ્ટેલની સુરક્ષા વ્યવસ્થા સામે પણ સવાલો ઉઠ્યા છે.કોંગ્રેસના આગેવાનોએ આક્ષેપ કર્યો છે કે નિયમ મુજબ રાત્રે ૧૦ વાગ્યે હોસ્ટેલના ગેટ બંધ થવા જોઈએ, છતાં વિદ્યાર્થી વારંવાર ગાયબ કેવી રીતે થઈ જતો હતો? ગાંધીગ્રામ પોલીસે મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

એઈમ્સના સૂત્રોના જણાવ્યા અનુસાર, આશરે દોઢ માસ અગાઉ તેમનું કાઉન્સેલિંગ કરવામાં આવ્યું હતું. કાઉન્સેલિંગ બાદ તેઓ રૂમ ખાલી કરીને ત્યાંથી જતા રહ્યા હતા અને ત્યારબાદ તેઓ ક્યારેય પરત ફર્યા ન હતા. એઈમ્સ તંત્રે અગાઉ પણ તેમણે આપઘાતનો પ્રયાસ કર્યો હોવાની વાતનો સ્પષ્ટ ઈનકાર કર્યો છે.

### ''ગાય''ને રાજમાતા...

કતલખાને જતા અટકાવવા અને તેમના કલ્યાણ માટે રાજ્યના બજેટમાંથી વાર્ષિક રૂ.૧૦૦ કરોડ જેવી રકમ ફાળવવાની દરખાસ્ત પણ મુકવામાં આવી છે. અમિત ચાવડાએ આ બિલ દ્વારા ગૌવંશની સુરક્ષા માટે એક મજબૂત કાયદાકીય માળખું તૈયાર કરવા પર ભાર મૂક્યો છે.

અમિત ચાવડાએ સત્તાધારી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, ભાજપે ગૌમાતા અને સનાતનના નામે મતો મેળવીને સરકાર તો બનાવી દીધી, પરંતુ આજે ગૌમાતાની સૌથી વધુ અવગણના થઈ રહી છે. ગૌભકિતના દાવા કરતી આ સરકારના શાસનમાં આજે ગૌમાતા રસ્તાઓ પર પ્લાસ્ટિક અને કચરો ખાવા મજબૂર છે. તેમણે ગંભીર આરોપ લગાવતા કહ્યું કે, સમગ્ર દેશમાં સૌથી વધુ ગૌવંશની કતલના કિસ્સાઓ અને ગૌમાંસની નિકાસની બાબતો ચિંતાજનક સ્તરે પહોંચી છે, જે ભાજપની કથની અને કરણી વચ્ચેનો તફાવત છતો કરે છે.

હવે જ્યારે આ વિધેયક વિધાનસભામાં લાવવામાં આવ્યું છે, ત્યારે સનાતનના નામે ચૂંટાઈને આવેલા ભાજપના પ્રતિનિધિઓએ ગૌમાતા પ્રત્યેની તેમની નૈતિક પ્રતિબદ્ધતા સાબિત કરવી જ રહી. જો ભાજપ ખરેખર ગૌરક્ષક હોય, તો તેમણે આ બિલને પક્ષપાત વગર સમર્થન આપીને ગૌમાતાને તેમનો હક્ક અને સન્માન અપાવવું જોઈએ. શંકરાચાર્યજીને આપેલું વચન પાળીને અમિત ચાવડાએ હવે આ મુદ્દે ભાજપને ખુલ્લા પડકાર ફેંક્યો છે.

# યુવાનોને સોલર - ઈલેકટ્રીક વ્હીકલની તાલીમ લઈ પગભર થવાની તક


## સરકારી પોલીટેકનીક ઈલે. એન્જી. વિભાગમાં વિનામૂલ્યે તાલીમ અપાશે

**અબતક, રાજકોટ**

રાજકોટ શિયાણી ફાઉન્ડેશન અને ઈન્ડિયન ઓફ ટેકનોલોજી સૌરાષ્ટ્ર દ્વારા ૧૮ વર્ષથી ઉપરના અને ધો. ૧૦ પાસ ઉમેદવારો માટે વિનામૂલ્યે સોલર અને ઈલેકીટ્રક વેહિકલ ની તાલીમ રાજકોટ ખાતે શરુ કરવામાં આવી છે. આ તાલીમ કુલ ૨૭૦ કલાકની છે. તાલીમ પુરી કર્યા પછી સરકાર માન્ય સર્ટિફીકેટ આપવામાં આવશે. તાલીમ બાદ ઉમેદવારને નોકરી કરવામાં અને પોતાનો ધંધો શરુ કરવામાં પણ માર્ગદર્શન આપવામાં આવશે. તાલીમમાં જોડાવા માટે મો. નં. ૯૪૨૬૬ ૦૭૨૩૧ પર સંપર્ક કરવો અથવા તાલીમનું સ્થળ ગવર્નમેંટ પોલીટેકનિક, ઈલેકિટ્રકલ એજીન્યરીંગ વિભાગ, રુમ નં. ૧૦૪ આજી ડેમ ચોકડી પાસે રાજકોટની મુલાકાત લેવા ફાઉન્ડેશનના ડો. તુલસી શિયાણીની યાદીમાં જણાવ્યું છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટ :** નંદવાણા બ્રહ્મસમાજના રામેશ્વરભાઈ હરદેવભાઈ ઉપાધ્યાય (ઉ.વ.૯૨) તે નૂતન પ્રભાત અખબારના તંત્રી જયેશભાઈ ઉપાધ્યાય (એલીગન્ટ હાઉસિંગ ફાઈનાન્સ), માધવભાઈ ઉપાધ્યાયના પિતા, સારા જયેશભાઈ, વિઆન જયેશભાઈ અને જશ માધવભાઈના દાદાનું તા.૧૩ના રોજ અવસાન થયું છે.

**રાજકોટ:** સ્વ. હંસાબેન (ઉં.વ. ૫૭) તે નરેન્દ્રભાઈ કેશુભાઈ શીશાંગીયાના ધર્મપત્ની,દર્શનના માતુશ્રી,સ્વ. થોભણભાઈના પુત્રી, ભરતભાઈ તથા બિપીનભાઈ ભટ્ટીના બહેનનું અવસાન થયુ છે.તેમનું બેસણું આજે તા.૧૪ના રોજ ''આશાપુરા મંદિર'', ખોડીયારનગર શેરી નં-૧, એસ.ટી.વર્કશોપની પાછળ, ગોંડલ રોડ, રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ દરમિયાન રાખેલ છે. મો. નં .૭૦૪૧૧૯૧૫૦૦ છે.

**રાજકોટ:** સોની રમણિકલાલ દામોદરદાસ (ઉ.વ.૮૦) (વવાણિયાવાળા) તે અશોકભાઈ, રાજુભાઈ, મનીષભાઈના પિતા, હેમાક્ષી, ડોલી, પ્રમેય, કેવલ, મૈત્રીના દાદા, ગો.વા. સોની હીરાલાલ ગોવિંદજીભાઈ ફીચડીયા (હડાળાવાળા)ના જમાઈનું અવસાન થયેલ છે. તેમનું બન્ને પક્ષનું બેસણું તા. ૧૪-૩ શનિવારે સાંજે ૩.૩૦ થી ૫.૦૦ દરમિયાન વાઘેશ્વરી વાડી, યુનિટ નં.૪, રામનાથપરા, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. નૈષધભાઈ અમુભાઈ ગણાત્રા (ઉ.વ.૭૩) તે સ્વ. અમુભાઈ શામજીભાઈ ગણાત્રાના પુત્ર, ભારતીબેનના પતિ, હરિતભાઈ (આજકાલ), જયભાઈ (શ્રીરામ ફાઈનાન્સ)ના પિતા, સ્વ. વ્રજલાલ રામજીભાઈ પાબારી (જામજોધપુરવાળા) ના જમાઈ, સ્વ. શૈલેષભાઈ (દેના બેંક), સુનિલભાઈ (સર્વેયર), સ્વ. જતીનભાઈ (આજકાલ), સ્વ. દર્શનભાઈ, ધર્મિષ્ઠાબેન ચંદ્રેશકુમાર ઠકરાર, ચેતનાબેન રોહીતકુમાર કોટેચાના મોટાભાઈ, હિતાર્થ, હીરના દાદાનું તા. ૧૨ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૧૪ ને શનિવાર સાંજે ૫ થી ૬ દરમિયાન ચંદ્રમૌલેશ્વર મીંદર, સાધુ વાસવાણી રોડ, ગંગોત્રી ડેરી વાળી શેરી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** શ્રીમાળી બ્રાહ્મણ (સામવેદી) મુળ જામનગર હાલ અમેરિકા નિવાસી સ્વ. હરેનભાઈ (હરૂભાઈ) ત્રિવેદી (ગુજ.ઈન્ડ. કો. ઓપ. બેંક) (ઉ.વ.૭૬)તે જયંતિલાલ રવિશંકર ત્રિવેદીના પુત્ર, હેમાબેનના પતિ, વિપુલભાઈ, ભાવિકાબેનના પિતા, સ્વ. ધીરેનભાઈ (એસબીઆઈ), જયેશભાઈ (ઈરવીન હોસ્પિટલ), ગીતાબેન દવે (આર્ય સમાજ હાઈસ્કુલ)ના ભાઈ, સ્વ. બીપીનભાઈ, ગુણવંતભાઈ દયાશંકર ત્રિવેદીના જમાઈનું તા. ૧૧-૩ના રોજ અવસાન થયેલ છે. બન્ને પક્ષનું બેસણું તા. ૧૬-૩ ને સોમવારે સાંજે ૫ થી ૬ દરમિયાન જાની કોમ્પ્યુનીટી હોલ (મોઢ બ્રાહ્મણની વાડી) સરકારી કર્મચારી સોસાયટી, ચંદન પાર્ક મેઈન રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** મુકુંદરાય જયંતિલાલ ગાંધી (મહાવીર પ્રીન્ટીંગ પ્રેસ વાળા) (ઉ.વ.૭૬) જે ગૌતમ, પૂર્વીના પિતા, ચારૂલતાબેનના પતિ, પનીતાના સસરા, વિવાનના દાદા, રાકેશકુમાર દોશીના સસરા, કેશ્વી, પ્રીયંકાના નાના, સ્વ. ત્રિલોચન એ. દોશીના જમાઈ, સ્વ. જશવંતરાય , સ્વ. ડોલરભાઈ, સ્વ. જગદીશચંદ્ર, સ્વ. ચંદ્રકાંતના ભાઈ, જયશ્રીબેન કાંતિલાલ લાઠીવાલાના બનેવીનું તા. ૧૩ ને શુક્રવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું ઉઠમણું તા. ૧૬ ને સોમવારે સવારે ૧૦-૩૦ થી ૧૧-૦૦ ભકિતનગર સ્થાનકવાસી જૈન કોઠારી ઉપાશ્રય, એચડીએફી બેંક વાળી શેરી ભકિતનગર સર્કલ પાસે, રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ડાક સેવા છેવાડાના પરિવાર સુધી પહોંચાડવા પોસ્ટલ વોરિયર અભિયાન કારગત બનશે: કૃષ્ણકુમાર યાદવ

## ઉત્તર ગુજરાતની તમામ ૧૯૦૫ બ્રાન્ચને સિલ્વર પોસ્ટલ વોરિયરનું બિરૂદ્ધ અમદાવાદ અને પાટણ મંડળ બની ગોલ્ડ વોરિયર

**અબતક, રાજકોટ**

ઈન્ડિયા પોસ્ટ આધુનિક ટેક્નોલોજી અપનાવીને ડિજિટલ અને આધુનિક સેવાઓ ના ઉપયોગ દ્વારા નાગરિકો ની હયાત સવલત સતત સુધારી રહી છે. જનસેવા ને કેન્દ્રમાં રાખીને વિભાગે પરંપરાગત ટપાલ સેવાઓથીઆગળ વધીને આજે નાણાકીય સમાવેશ વોજિસ્ટિક્સ, ઈ-કોમર્સ સહાય અને ડિજિટલ સેવાઓના ક્ષેત્રોમાં વિશ્વસનીય સંસ્થા તરીકે પોતાનું સ્થાન સ્થાપિત કર્યું છે. આ સુધારા સાથે, પોસ્ટ ઓફિસના કાઉન્ટર અને બ્રાન્ચ પોસ્ટ ઓફિસોમાં પોસ્ટલ વ્યવહારો હવે પહેલાં કરતા ઘણા વધુ ઝડપી અને કાર્યક્ષમ બની ગયા છે, જે સંચાર મંત્રી જ્યોતિરાદિત્ય એમ સિંધિયાના સૂત્ર 'ડાક સેવા જન સેવા' ને સાચા અર્થમાં સાકાર કરે છે

આ ટેકનોલોજીકલ પ્રગતિને આગળ વધારતા. ઉત્તર ગુજરાત પરિક્ષેત્ર અમદાવાદના પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે સાપ્ટેમ્બર ૨૦૨૫માં બાન્ચ પોસ્ટ ઓફિસ સ્તરે એક નવીન અભિયાન ''પોસ્ટલ વોરિયર' શરૂ કર્યું જેને ફેબ્રુઆરી ૨૦૨૬થી સબ પોસ્ટ ખોફિસ અને હેડ પોસ્ટ ઓફિસ સુધી વિસ્તૃત કરવામાં આવ્યું છે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ વધુ નાગરિકોને પોસ્ટલ નેટવર્ક સાથે જોડવાનો તેમજ ગ્રામ્ય વિસ્તાટી



અને અંતિમ સ્તર સુધી વ્યાપારિક તકોનો વાભ લઈ નાણાકીય સમાવેશને પ્રોત્સાહન આપવાનો છે. આ પહેલ દ્વારા ઉત્તર ગુજરાત ક્ષેત્ર ની તમામ બ્રાન્ચ પોસ્ટ ઓફિસોને સક્રિય બનાવી સેવાઓનો વ્યાપ વધારવાનો હેતુ છે પોસ્ટ માસ્ટર કૃષ્ણકુમાર યાદવ ને બ્યુરોકેટ ઓફ ઈન્ડિયા દ્વારા ચેન્જ મેકર ઓફ ઈન્ડિયા ની યાદીમાં સામેલ કરીને તેમની જાહેર સેવા માટે ટેક્નોલોજીના અસરકારક અને નવીન ઉપયોગ ની આવડત અને નાગરિકોના જીવનમાં સકારાત્મક બદલાવ માટે તેમને એવોર્ડ આપવામાં આવ્યો હતો.

પીસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે આ અભિયાન હેઠળ પીસ્ટલ વોરિયરની ચાર કેટેગરી નક્કી કરવામાં આવી છે- સિલ્વર, ગોલ્ડ, ડાયમંડ અને પ્લેટિનમ વોસ્પિર જે બ્રાંચ પીસ્ટ ઓછામાં બોછા ૧૦૦ પોઈન્ટ પ્રાપ્તકરે છે તેમને સિવર વોરિયર ૨૫૦ પોઈન્ટ મેળવનારને ગોલ્ડ વોરિયર, ૫૦૦ પોઈન્ટ મેળવનારને ડાયમડ અને ૧૦૦૦ પોઈન્ટ મેળવનારને પ્લેટિનમ વોરિયર તરીકે માન્યતા આપવામાં આવે છે. જેટલા વધુ નાગરિકોને પોસ્ટ સેવાઓ સાથે જોડવામાં આંવશે, એટલી વધુ ઉપ્પ સ્થિતિ પીસ્ટ વોરિયર્સ શ્રેણીમાં પ્રાપ્ત થશે પોસ્ટ ઓફિસોની કામગીરી ચાર મુખ્ય વ્યવસાયિક માપદંડ ના આધારે મૂલ્યોકિત કરવામાં આવે છે.

એક પોસ્ટ ઓફિસ બચત બેંક ખાતું ખોલવાથી ૧ પોઈન્ટ ૬૦૦ના ડાક જીવન વીમા સ્વામીણ ડાક જીવન વીમા ના પ્રારંભિક પ્રીમિયમ પર ૧ પોઈન્ટ એક સ્પીડ પોસ્ટ અથવા પાર્સલ બુકિંગ પર ૧ પોઈન્ટ અને એક આઈપીપીબી વ્યવસાયિક પ્રવૃત્તિ પર પણ ૧ પોઈન્ટ આપવામાં આવે છે. આ માપદડો મુજબ નિર્ધારિત ન્યૂનતમ વ્યવસાય હાંસલ કરનાર બાચ પોસ્ટ ઓફિસોને પોસ્ટલ વોરિયર તરીકે જાહેર કરવામાં આવશે તમામ મંડળ પ્રમુખ, ઉપ મંડળ પ્રમુખ અને બ્રાય પીસ્ટમાસ્ટરોના સહયોગથી ઉત્તર ગુજરાત પરિક્ષેત્રની તમામ ૧૯૦૫ બાય પોસ્ટ ઓફિસોને સફળતાપૂર્વક સક્રિય બનાવી અને ઓછામાં ઓછા ૧૦૦ બિઝનેસ પોઈન્ટ હાંસલ કરોને સિલ્વર પીસ્ટલ વોરિયર તરીકે જાહેર કરવામાં આવી છે. આ ઉપરાંત માર્ચ મહિનાના મધ્ય સુધીમાં ૧૦૦૦થી વધુ બ્રાંચ પોસ્ટ ઓફિસો ગોલ્ડ વોરિયર, ૧૨૫ બાય પોસ્ટ ઓફિસો ડાયમંડ વોરિયર અને ૨૦ બ્રાંચ પોસ્ટ ઓફિસો પોટિનમ વોરિયર તરીકે ક્વોલિફાય થઈ છે. વધુમાં ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના તમામ ડિવિઝનોને સિલ્વર વોરિયર તરીકે જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે અમદાવાદ અને પાટણ ડિવિઝને ગોલ્ડ વોરિયર શ્રેણી પણ હાસલ કરી છે.

# મવડીમાં ગેરકાયદે દબાણોનો કડુસલો ૧૫ કરોડની જમીન ખુલ્લી કરાવાઈ

## અંદાજે ૧૫ કરોડની ૪૫૦૦ ચોરસ મીટર જમીન ખુલ્લી કરાઈ

**અબતક, રાજકોટ**



સરકારી જમીન ઉપરના દબાણો દૂર કરવાની જિલ્લા કલેકટર ડો. ઓમ પ્રકાશની સૂચના અનુસાર રાજકોટ શહેર દક્ષિણ વિસ્તારમાં મવડીનાં સરકારી સર્વે નંબર ૧૯૪ પૈકીની મવડી કણકોટ રોડ ઉપર સરકારી પડતર જમીન પર કાચા/પાકા ઝૂંપડાઓ, ઈંટોનું ચણતર અને સ્લેબ વિગેરે દબાણ કરી લેતા જમીન મહેસૂલ કાયદાની કલમ ૨૦૨ હેઠળ નોટીસ આપી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી.શુક્રવારે રોજ પ્રાંત અધિકારી રાજકોટ શહેર - ૧ ડો . સી.એમ. પરમારના માર્ગદર્શન તળે મામલતદાર રાજકોટ શહેર દક્ષિણ અને સર્કલ ઓફિસર તથા કચેરીના નાયબ મામલતદાર અને તલાટીની સમગ્ર ટીમ, પીજીવીસીએલ, રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનની ટીમ તથા રાજકોટ મહાનગરપાલિકાની ટીમ અને મશીનરી દ્વારા દબાણ દૂર કરવાની કાર્યવાહી હાથ ધરી અંદાજે ૪૫૦૦-૦૦ ચો.મી. જમીન ખુલ્લી કરવામાં આવેલ. જેની અંદાજિત કિંમત પંદર કરોડ જેવી થાય છે.

# રેસ્ટોરન્ટ-ફરસાણની દુકાનમાં ઘરેલું ગેસનો ઉપયોગ: સિલિન્ડર સીઝ કરાયા

**કૈલાસ ફરસાણ અને શ્રીહરિ ફાસ્ટ ફુડમાંથી ચાર ઘરેલું ગેસ સિલિન્ડર પકડાયા**

**અબતક, રાજકોટ**




રાજકોટ જિલ્લા પુરવઠા અધિકારી આશિષભાઈ ઝાપડાના માર્ગદર્શન હેઠળ મામલતદાર, શહેર (પશ્ચિમ) અને પુરવઠા નિરીક્ષકની ટીમ દ્વારા આજ રોજ જે. કે. ચોક અને યુનિવર્સિટી રોડ ખાતે આવેલી હોટલો, રેસ્ટોરન્ટ, ટી સ્ટોલ, ફરસાણની દુકાન, નાસ્તા હાઉસ તથા ફાસ્ટ ફુડ સ્ટોર પર ઘરેલુ સિલિન્ડરના વપરાશ બાબતે સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

આ દરમિયાન જે. કે. ચોક નજીક આવેલા 'કૈલાશ ફરસાણ'માં ઘરેલુ સિલિન્ડરનો કોમર્શિયલ હેતુ માટે ઉપયોગ થતો હોવાથી ઈન્ડેન કંપનીના ત્રણ ગેસ સિલિન્ડર તેમજ 'શ્રી હરિ ફાસ્ટ ફુડ'માંથી ઈન્ડેન કંપનીનો એક ગેસ સિલિન્ડર એમ કુલ ચાર સિલિન્ડર સીઝ કરી, તેને જપ્ત કરીને ગેસ એજન્સી ખાતે જમા કરાવવામાં આવ્યા હતા. ઉપરાંત, તમામ ખાદ્ય પદાર્થોની દુકાન અને રેસ્ટોરન્ટના સંચાલકોને નિયમો અનુસાર કામગીરી કરવા અંગે સમજ આપવામાં આવી હતી, તેમ જિલ્લા પુરવઠા કચેરીની યાદીમાં જણાવાયું છે.

**અર્હમ યુવા સેવા ગ્રુપના સથવારે**

# કરૂણા ફાઉન્ડેશન અને એનિમલ હેલ્પલાઈન દ્વારા પક્ષીઓના માળા પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ

**અબતક, રાજકોટ**




કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, રાજકોટ દ્વારા અર્હમ યુવા સેવા ગ્રુપના સથવારે, રાષ્ટ્ર સંત ગુરુદેવ નમ્રમૂનિ મહારાજ સાહેબના આશીવર્દિથી પક્ષીઓનાં માળા-પીવાનાં પાણીની કુંડી , 'રામપાતર' નું છેલ્લા ૮ વર્ષથી, બારે મહિના નિઃશુલ્ક વિતરણ થઈ રહયું છે. ધોમધખતાં તાપમાં તેમજ બારે મહિના દરમિયાન અબોલ પશુ-પક્ષીઓ પાણી શોધતાં હોય છે, તરસના લઈને તરફડતા હોય છે. ગૌમાતા, પશુ-પક્ષીઓની તરસ છીપાવવા માટે શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈન, રાજકોટ તથા અર્હમ યુવા સેવા ગ્રૂપનાં સંયુકત ઉપક્રમે સીમેન્ટની મોટી કુંડી (સાઈઝ આશરે ૧.૯ ફૂટ બાય ૦.૭ ફુટ, વજન આશરે ૨૦ કિલો) જીવદયા પ્રેમીઓને બારે મહિના વિનામુલ્યે વિતરણ કરવામાં આવે છે. ઘર આંગણે, વિસ્તારમાં કુંડી રાખી દરરોજ સફાઈ કરી, બારે મહિના ચોખ્ખુ પાણી ભરી આ કાર્યમાં પુણ્યના ભાગીદાર બની શકાય છે. ''વહેલા તે પહેલા'' ના ધોરણે વિનામલ્યે, નિયમાનુસાર, વ્યકિત દિઠ એક કુંડી મળશે (પોતાના વાહનમાં લઈ જવાની રહેશે). રાજકોટના વિવિધ વિસ્તારોના લોકોને આ વિસ્તારનો લાભ મળે તે માટે વિવિધ વિસ્તારોમાં પણ ચકલીના માળા, પાણીના કુંડાનું નિઃશુલ્ક વિતરણ થઈ રહયું છે. તા. ૧૫ માર્ચ, રવીવારનાં રોજ નાગેશ્વર પાર્શ્વનાથ મંદિર ખાતે, તા. ૧૬ માર્ચ, સોમવારનાં રોજ ધારેશ્વર મંદિર - ભક્તિનગર સર્કલ ખાતે, તા. ૧૭ માર્ચ, મંગળવારનાં રોજ મવડી ચોક ૧૫૦ ફૂટ રિંગ રોડ ખાતે, તા. ૧૮ માર્ચ, બુધવારનાં રોજ મોકાજી સર્કલ - સયાજી હોટલ પાસે ખાતે, તા. ૧૯ માર્ચ, ગુરુવારનાં રોજ મણિયાર દેરાસર ખાતે, તા. ૨૦ માર્ચ, શુક્રવારનાં રોજ રેસકોર્સ - ક્રિકેટ સ્ટેડિયમ ગેટ ખાતે, તા. ૨૧ માર્ચ, શનિવારનાં રોજ બાલાજી મંદિર ભૂપેન્દ્ર રોડ ખાતે, તા. ૨૨ માર્ચ, રવિવારનાં રોજ સ્પીડવેલ પાર્ટી પ્લોટ - હવેલી પાસે ખાતે, તા. ૨૩ માર્ચ, સોમવારનાં રોજ કોટેચા ચોક, પૂ.ઈન્દુબાઈ મહાસતીજી ચોક ખાતે, તા. ૨૪ માર્ચ, મંગળવારનાં રોજ આશાપુરા મંદિર - પેલેસ રોડ ખાતે, તા. ૨૫ માર્ચ, બુધવારનાં રોજ કોઠારિયા સોલવેન્ટ, રણુજા મંદિર ખાતે, તા. ૨૬ માર્ચ, ગુરુવારનાં રોજ પૂ.રણછોડદાસજી બાપુ આશ્રમ- કુવાડવા રોડ ખાતે, તા. ૨૭ એપ્રિલ, શુક્રવારનાં રોજ આકાશવાણી ચોક, યુનિવર્સિટી રોડ ખાતે, તા. ૨૮ એપ્રિલ, શનિવારનાં રોજ હનુમાનજી મંદિર - કાલાવડ રોડ પ્રેમમંદિર પાસે ખાતે, તા. ૨૯ એપ્રિલ, રવિવારનાં રોજ જલગંગા ચોક, સંતકબીર રોડ ખાતે, તા. ૩૦ એપ્રિલ, સોમવારનાં રોજ મહાવીર સ્વામી ચોક, એસ્ટ્રોન ચોક ખાતે, તા. ૩૧ એપ્રિલ, મંગળવારનાં રોજ પ્રમુખ સ્વામી ઓડિટોરિયમ - આલાપ ગ્રીન સિટી ખાતે કુંડા - માળાનું નિઃશુલ્ક વિતરણ દરરોજ સવારે ૭:૧૫ થી ૮:૩૦ કલાક સુધી કરવામાં આવશે.

સમગ્ર આયોજન અંગે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઈનના મિતલ ખેતાણી (૯૮૨૪૨ ૨૧૯૯૯), પ્રતિક સંઘાણી સહિતનાઓની ટીમ જહેમત ઉઠાવી રહી છે.

# દશ લાખ મહિલા ઉદ્યોગ સાહસિકોના સશકિતકરણ માટે ડો. પ્રિતિ અદાણીએ બીડું ઉપાડ્યું

## અદાણી ફાઉન્ડેશનની મહિલા સ્વાભિમાન અભિવાદનની ૩૦મી વર્ષ ગાંઠ ભવ્યતાથી ઉજવીશુ

**અબતક, રાજકોટ**

ડો. પ્રીતિ અદાણીએ ભારતભરમાં ૧૦ લાખ મહિલા ઉદ્યોગસાહસિકોના સશક્તિકરણ માટેના સ્વાભિમાન કાર્યક્રમના વિસ્તારનું નેતૃત્વ સંભાળ્યું

અદાણી ગ્રુપની સામાજિક કલ્યાણ અને વિકાસ પ્રવૃત્તિઓ માટેની એક પાંખ એવા અદાણી ફાઉન્ડેશનની સ્થાપનાની ૧૧મી ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ ૩૦મી વર્ષગાંઠ નજીક આવી રહી છે ત્યારે તેની અગ્રીમ મહિલાઓના સશકિતકરણની 'સ્વાભિમાન' પહેલના કદાવર વિસ્તરણની જાહેરાત કરી છે, તેનો ધ્યેય સમગ્ર ભારતમાં ૧૦ લાખ મહિલા ઉદ્યોગસાહસિકોને સક્ષમ બનાવવાનો છે.

ગુરુવારે મુંબઈમાં નેશનલ સેન્ટર ફોર ધ પર્ફોર્મિંગ આર્ટ્સ ખાતે આયોજિત એક કાર્યક્રમ ''સ્વાભિમાન - ધ રાઈઝ ઓફ શી'' માં આ ઘોષણા કરવામાં આવી હતી, જેમાં મહિલાઓની આજીવિકા, ઉદ્યોગસાહસિકતા અને નાણાકીય સ્વતંત્રતા પર વધતી જતી અસર પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

મહારાષ્ટ્ર પર ધ્યાન કેન્દ્રિત કરતી આ પહેલના વિસ્તરણના પ્રથમ તબક્કાનો હેતુ પહેલા વર્ષમાં એક લાખ મહિલાઓને સશકત બનાવી તે અંતર્ગત મહિલાઓ દ્વારા સંચાલિત નાના ઉદ્યોગ સાહસિકતા અને પાયાની ઉદ્યોગસાહસિકતા માટે નવી તકો ઊભી કરવાનો છે.




મહારાષ્ટ્ર સરકારના મહિલા આર્થિક સશક્તિકરણ અને સ્વ-સહાય જૂથ વિકાસ માટેની નોડલ એજન્સી, મહિલા આર્થિક વિકાસ મહામંડળ સાથે જાહેર-ખાનગી ભાગીદારી મોડેલ આધારીત ભાગીદારીમાં શરુ થયેલો 'સ્વાભિમાન' કાર્યક્રમ શરુથી જ મુંબઈમાં વંચિત સમુદાયોની ૪,૫૦૦ થી વધુ મહિલાઓને કૌશલ્ય તાલીમ, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને નાણાકીય અને ડિજિટલ સાક્ષરતા દ્વારા ટકાઉ આજીવિકા વિકસાવવા માટે પીઠબળ આપી રહ્યો છે.

સ્વાભિમાન દ્વારા લાભાર્થી સહભાગીઓ માર્ગદર્શન, બજાર જોડાણો અને ઉદ્યોગ માર્ગદર્શન દ્વારા સમર્થિત ઉદ્યોગસાહસિકતા, નાણાકીય સાક્ષરતા અને આજીવિકા કૌશલ્યોમાં માળખાગત તાલીમ મેળવે છે, ઘણા લોકોએ પહેલાથી જ ગૃહ-ઉદ્યોગ સાહસો અને સામૂહિક સાહસો શરૂ કર્યા છે, જે ઘરની આવકને મજબૂત બનાવે છે અને સાથે જ તેમના સમુદાયોમાં રોલ મોડેલ તરીકે ઉભરી આવે છે. અદાણી ફાઉન્ડેશન હાલમાં શિક્ષણ, આરોગ્યસંભાળ, ટકાઉ આજીવિકા, આબોહવા કાર્યવાહી અને સમુદાય વિકાસ પર કેન્દ્રિત કાર્યક્રમો દ્વારા ભારતના ૨૨ રાજ્યોના ૭,૦૦૦ થી વધુ ગામડાઓમાં આશરે ૯૬ લાખથી વધુ લોકો સુધી પહોંચ્યું છે. ભારતની રાષ્ટ્રીય વિકાસ પ્રાથમિકતાઓ અને સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યો સાથે સુસંગત, સ્વાભિમાનનું વિસ્તરણ ફાઉન્ડેશનની મહિલાઓ માટે વ્યાપક આર્થિક તકોનું નિર્માણ કરવાની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. તેના રાષ્ટ્રીય વિસ્તરણ સાથે સ્વાભિમાન ભારતની સૌથી મોટી મહિલા-આગેવાની હેઠળની આજીવિકા પહેલોમાંની એક બનવા માટે સજજ બની એક શક્તિશાળી રાષ્ટ્રીય ચળવળ તરીકે ઉભરી રહ્યું છે જે મહિલાઓને ઉદ્યોગસાહસિકો, સમુદાયના વડા અને સ્થાનિક આર્થિક વિકાસના ચાલક બળ બનવા સક્ષમ બનાવે છે.

# ગુજરાતમાં ઘરેલુ એલપીજી,પીએનજી અને સીએનજી પુરવઠો અવિરત રહેશે: મુખ્યમંત્રી

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકમાં મહત્વનો નિર્ણય

**વૈશ્વિક યુદ્ધની સ્થિતિ વચ્ચે ગેસ સપ્લાય જાળવી રાખવા રાજ્ય સરકારનું એક્શન પ્લાન; સંગ્રહખોરી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવા કલેક્ટરોને આદેશ**

**અબતક, રાજકોટ**

મધ્ય-પૂર્વના દેશોમાં ઉદ્ભવેલી ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિ અને યુદ્ધના કારણે વિશ્વસ્તરે ઊર્જા ક્ષેત્રે સર્જાયેલા પડકારો વચ્ચે ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં ગેસ પુરવઠો સુનિશ્ચિત કરવા માટે આયોજન કરવામાં આવ્યું છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં રાજ્યના નાગરિકોને ઘરેલુ એલપીજી પીએનજી અને વાહનો માટેના સીએનજીનો પુરવઠો કોઈપણ અવરોધ વગર મળી રહે તે માટે આગોતરા આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા ૫ માર્ચ અને ૯ માર્ચ ૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરાયેલા ગેઝેટ નોટિફિકેશન મુજબ, ઘરેલુ પીએનજી અને સીએનજી ક્ષેત્રોને પ્રાથમિકતા-૧ તરીકે વર્ગીકૃત કરી ૧૦૦% પુરવઠો સુનિશ્ચિત કરવામાં આવ્યો છે. રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી ઋષિકેશ પટેલ અને અન્ય મંત્રીઓના સતત મોનિટરિંગ હેઠળ ઓઈલ માર્કેટિંગ કંપનીઓ સાથે સંકલન સાધવામાં આવી રહ્યું છે. બેઠકમાં જણાવ્યા અનુસાર, મધ્ય-પૂર્વ સિવાયના અન્ય દેશોમાંથી એલએનજીના નવા કાર્ગો ભારત આવવાના હોવાથી આગામી સમયમાં ગેસની સ્થિતિ વધુ સુદ્રઢ બનશે. નાગરિકોને અસુવિધા ન થાય તે માટે નવા નિયમો પણ જાહેર કરવામાં આવ્યા છે, જેમાં બે એલપીજી સિલિન્ડરના બુકિંગ વચ્ચે શહેરી વિસ્તારોમાં ૨૫ દિવસ અને ગ્રામ્ય વિસ્તારોમાં ૪૫ દિવસનું અંતર રાખવાનું રહેશે. વધુમાં, હોસ્પિટલો, શાળાઓ, આંગણવાડી અને મધ્યાહન ભોજન જેવી સામાજિક સંસ્થાઓને પ્રાથમિકતાના ધોરણે ગેસ પૂરો પાડવામાં આવશે. રાજ્ય સરકારે તમામ જિલ્લા કલેક્ટરો અને પોલીસ વડાઓને સૂચના આપી છે કે ગેસની સંગ્રહખોરી કે ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનારાઓ સામે આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળ કડક શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે. નાગરિકોને કોઈ પણ પ્રકારની ખોટી અફવાઓથી ગેરમાર્ગે ન દોરાવા માટે પણ અપીલ કરવામાં આવી છે.

# વિનોબા ભાવે પે સેન્ટર શાળામાં ડ્રિંકિંગ વોટર બેલનો પ્રેરક પ્રયોગ

## બાળકો સમયાંતરે પાણીપીતા રહે તો સ્વાસ્થ્ય જળવાયા

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરની પી.એમ. વિનોબા ભાવે પે સેન્ટર શાળા નં. ૯૩ દ્વારા વિદ્યાર્થીઓના આરોગ્યને ધ્યાનમાં રાખી એક અનોખો અને પ્રેરણાદાયક ઉપક્રમ ડ્રિંકિંગ વોટર બેલ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવ્યો છે. આ પ્રયોગ હેઠળ નિયમિત અંતરે ખાસ પાણી પીવાની ઘંટ (બેલ) આપવામાં આવે છે જેથી વિદ્યાર્થીઓ અભ્યાસ વચ્ચે પૂરતું પાણી પી શકે અને સ્વસ્થ રહે.

ઘંટ વાગતાં જ તમામ વર્ગખંડોમાં વિદ્યાર્થીઓ પોતાની પાણીની બોટલ લઈને પાણી પીવે છે. ઘણી વખત વિદ્યાર્થીઓ અભ્યાસમાં વ્યસ્ત રહેતા પાણી પીવાનું ભૂલી જાય છે, જેના કારણે ડિહાઈડ્રેશન, થાક અને ધ્યાનમાં ઘટાડો જેવી સમસ્યાઓ ઊભી થાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને શાળાએ આ પહેલ શરૂ કરી છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં પાણી પીવાની સારી આદત વિકસાવવી, સ્વાસ્થ્ય જાળવવું અને એકાગ્રતા વધારવી છે. શાળાના શિક્ષકો વિદ્યાર્થીઓને પાણી પીવાના મહત્વ વિશે માર્ગદર્શન આપે છે અને સ્વસ્થ જીવનશૈલી માટે પ્રેરિત કરે છે. વિદ્યાર્થીઓએ પણ આ પ્રયોગને ખૂબ ઉત્સાહપૂર્વક સ્વીકાર્યો છે. ઘંટ વાગતાં જ બાળકો આનંદપૂર્વક પાણી પીવે છે અને સ્વસ્થ જીવન તરફ એક નાનું પણ મહત્વપૂર્ણ પગલું ભરે છે. શાળાના આચાર્યશ્રી અને રાષ્ટ્રીય એવોર્ડ વિજેતા શિક્ષક ડો. વનિતા રાઠોડના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલ આ ડ્રિંકિંગ વોટર બેલ પ્રોજેક્ટ વિદ્યાર્થીઓના આરોગ્ય માટે અત્યંત લાભદાયક સાબિત થઈ રહ્યો છે. બે વર્ષથી આ પ્રોજેક્ટ ખાસ ફેબ્રુઆરી થી મે માસ દરમિયાન ચલાવવામાં આવે છે. આ પ્રોજેક્ટ અન્ય શાળાઓ માટે પણ પ્રેરણારૂપ બની શકે તેવી પહેલ છે.



**સુર, શબ્દ અને સંસ્કૃતિનો ભવ્ય સંગમ**

# ઝીરો ગ્રેવીટી ગ્રુપ દ્વારા કાલે વારસાને વ્હાલ કરતો ઉત્સવ ફોક રંગ ૨.૦ કાર્યક્રમ યોજાશે

## અબતક મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ વિશેષ માહિતી આપી

**અબતક, રાજકોટ**



ઝીરો ગ્રેવીટી પ્રસ્તુત ' ફોક રંગ ૨.૦' દ્વારા ગુજરાતી લોકસંગીત અને સંસ્કૃતિની એક અવિસ્મરણીય સફર માણવાની સુવર્ણ તક આવી ગઈ છે. 'મારું મન મોર બની થનગાટ' થી લઈને ' મનોરથ જીવ (લાલો)' જેવા હૈયે વસેલા પ્રચલિત ગીતો સાથે આ કાર્યક્રમ આપણા ભવ્ય વારસાને જીવંત કરશે. આ સંગીતમય સંધ્યામાં સુરતના ફોરમ-હેતલ, ગાંધીનગરના કંદર્પ-દેવાંગસિંહ, વડોદરાના પાર્થ અને રાજકોટના લોકપ્રિય આર જે જય તથા નીરવ જૈન જેવા પ્રતિભાશાળી યુવા કલાકારો શ્રોતાઓને આનંદ અને ઉલ્લાસની હેલીમાં તરબોળ કરી દેશે.અબતક સાથેની વાતચીતમાં મિત ગણાત્રા, કેવલ શાહ, રક્ષિત વખારિયા, કલ્પેશ ગજ્જરે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ ભવ્ય આયોજન આગામી ૧૫ માર્ચ, ૨૦૨૬ ને રવિવારના રોજ રાત્રે ૯:૩૦ કલાકે રાજકોટના હેમુ ગઢવી ઓડિટોરિયમ ખાતે યોજાનાર છે. કાર્યક્રમને સફળ બનાવવામાં પ્રભુ ગ્રુપ, રસિકભાઈ ચેવડાવાળા સહિત અનેક સહયોગી સંસ્થાઓનો વિશેષ ફાળો રહ્યો છે. કલા અને સંસ્કૃતિના ચાહકો માટે આ એક અચૂક માણવા લાયક અવસર છે. વધુ માહિતી અથવા પૂછપરછ માટે આપ ૯૫૩૭૨૯૮૧૮૧ પર સંપર્ક કરી શકો છો.

"જય હનુમાન જ્ઞાન ગુણ સાગર"

# હનુમાન ચાલીસાનું પઠન શું ચમત્કારો કરે છે ?



અબતક, રાજકોટ

"સંકટ કટૈ મિટૈ સબ પીરા, જો સુમિરૈ હનુમત બલબીરા..." આ પંક્તિઓ માત્ર બોલવા માટે નથી, પણ અનુભવવા માટે છે. હનુમાન ચાલીસા એ શ્રદ્ધા અને વિજ્ઞાનનો એવો સંગમ છે જે વ્યક્તિને માનસિક રીતે લોખંડી પુરુષ બનાવે છે. હનુમાન ચાલીસાની રચના ગોસ્વામી તુલસીદાસજીએ કરી હતી. તેમણે ૧૬મી સદીમાં અવધી ભાષામાં આ ચાલીસા લખી હતી. એવું માનવામાં આવે છે કે જ્યારે મુગલ સમ્રાટ અકબર દ્વારા તેમને જેલમાં રાખવામાં આવ્યા હતા, ત્યારે તેમણે જેલમાં જ હનુમાન ચાલીસાની રચના કરી હતી.

હનુમાન ચાલીસા માત્ર ભક્તિ નથી, પણ સકારાત્મક ઉર્જાનો સ્રોત છે. જાણો ૧૬મી સદીમાં રચાયેલ આ સ્તોત્ર કેવી રીતે માનસિક અને શારીરિક સ્વાસ્થ્યમાં સુધારો કરે છે. હનુમાન ચાલીસા માત્ર ધાર્મિક પાઠ નથી, પરંતુ તે મન અને શરીરને શક્તિ આપતું એક વિજ્ઞાન છે. ગોસ્વામી તુલસીદાસજીએ જ્યારે પોતાની માંદગી દરમિયાન આની રચના કરી હતી, ત્યારે તેનો હેતુ અસાધ્ય પીડામાંથી મુક્તિ મેળવવાનો હતો. આજે પણ આ ૪૦ ચોપાઈઓ વ્યક્તિના જીવનમાંથી ડર દૂર કરી, એકાગ્રતા વધારી અને માનસિક શાંતિ પ્રદાન કરી શકે છે. આજના તણાવપૂર્ણ સમયમાં જ્યારે લોકો ચિંતા અને નકારાત્મકતાથી ઘેરાયેલા છે, ત્યારે હનુમાન ચાલીસા એક 'મેન્ટલ થેરાપી' જેવું કામ કરે છે. હનુમાન ચાલીસા એ માત્ર મંદિર પૂરતી સીમિત નથી, પરંતુ તેને જીવનશૈલીનો ભાગ બનાવવાથી વ્યક્તિ વધુ શક્તિશાળી અને શાંત બને છે.

## 'ચાલીસા' શું છે ?

હિન્દી શબ્દ 'ચાલીસ' (૪૦) પરથી 'ચાલીસા' શબ્દ આવ્યો છે. હનુમાન ચાલીસામાં હનુમાનજીની સ્તુતિ કરતી કુલ ૪૦ ચરણ (ચોપાઈઓ) છે. આ મુખ્ય ૪૦ પંક્તિઓને કારણે જ તેને 'ચાલીસા' કહેવામાં આવે છે. શરૂઆતમાં બે દોહા અને અંતમાં એક દોહો હોય છે, પરંતુ જે મુખ્ય ભાગ છે જેમાં હનુમાનજીના ગુણોનું વર્ણન છે, તે બરાબર ૪૦ ચોપાઈઓનો બનેલો છે. હિન્દુ ધર્મમાં અન્ય દેવી-દેવતાઓની પણ ચાલીસા હોય છે (જેમ કે શિવ ચાલીસા, દુર્ગા ચાલીસા), જેમાં પણ સમાન રીતે ૪૦ પંક્તિઓ જ હોય છે.

## શું થાય છે રોજ હનુમાન ચાલીસાના પાઠ કરવાથી?

* **ડરનો નાશઃ** હનુમાનજી 'સંકટમોચન' છે. રોજ પાઠ કરવાથી ભવિષ્યની ચિંતા અને અજાણ્યા ડર સામે લડવાની આંતરિક શક્તિ મળે છે.
* **એકાગ્રતામાં વધારોઃ** ચાલીસાના લયબદ્ધ જાપથી મન સ્થિર થાય છે. વિદ્યાર્થીઓ અને કામ કરતા લોકો માટે આ એકાગ્રતા વધારવાનો શ્રેષ્ઠ માર્ગ છે.
* **નકારાત્મકતાથી મુક્તિઃ** જો તમને વધુ ગુસ્સો આવતો હોય કે મન અશાંત રહેતું હોય, તો ચાલીસાના કંપનો તમારા વાતાવરણને શુદ્ધ કરી પોઝિટિવ એનર્જી ભરે છે.
* **સારું સ્વાસ્થ્ય :** "નાસૈ રોગ હરૈ સબ પીરા" - આ પંક્તિ મુજબ, જ્યારે મન તણાવમુક્ત થાય છે ત્યારે હૃદય અને શરીર વધુ સારી રીતે કાર્ય કરે છે. તે ઊંઘની સમસ્યામાં પણ રાહત આપે છે.

### હનુમાન ચાલીસાની રચના ગોસ્વામી તુલસીદાસજીએ ૧૬મી સદીમાં અવધી ભાષામાં કરી હતી

---

આ નોતું કરવાનું થતું!!!

# રાજકોટ-તાલાલાના એમબીબીએસ તબીબ એમડીની પ્રેક્ટિસ કરતા જીએમસીએ લાયસન્સ સસ્પેન્ડ કર્યુ

અબતક, રાજકોટ

ગુજરાત મેડિકલ કાઉન્સિલ દ્વારા અમદાવાદ-રાજકોટ-તલાલા ગીર સોમનાથમાં મેડિકલ એથિક્સ અને દર્દીઓની સુરક્ષા સાથે ચેડાં કરનારા તબીબો સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં અમદાવાદના સાયન્સ સિટીમાં વેલીસ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના માલિક ડો.ભાર્ગવ પટેલ, રાજકોટના ડો. મનોજ સીડા અને તાલાલા- ગીર સોમનાથના ડો.અક્ષય હડિયલ સામે જુદા જુદા પ્રકારની ગેરરીતિ અને બેદરકારી બદલ કડક કાર્યવાહી કરીને છ મહિના સુધી લાઈસન્સ સસ્પેન્ડ કરવા સુધીના પગલાં લેવામાં આવ્યા છે. સાયન્સ સિટી અમદાવાદની વેલીસ મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલના ઓનર ડો.ભાર્ગવ દીપકભાઈ પટેલ એમબીબીએસ સમકક્ષ ફોરેન ડિગ્રી ધરાવતાં હોવા છતાં એમડી જનરલ મેડિસીન તરીકે પ્રેક્ટિસ કરીને લોકોને ગેરમાર્ગે દોરવામાં આવતાં હતા. આ પ્રકારની પ્રવૃત્તિના કારણે તેમનું લાઈસન્સ છ મહિના માટે સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. આજ રીતે રાજકોટની સમર્પણ હોસ્પિટલ (હાલ ગોકુલ હોસ્પિટલ)ના મનોજ કેશુભાઈ સીડા દ્વારા મેડિકલ ઈન્સ્યોરન્સ કલેઈમ મેળવવા ખોટા અને શંકાસ્પદ મેડિકલ રેકર્ડ રજૂ કરવા અને ફોરેન એમબીબીએસ સમકક્ષ ડિગ્રી ધરાવતાં હોવા છતાં એમડી જનરલ મેડિસીન તરીકે પ્રેક્ટિસ કરવા બદલ તેમનું લાઈસન્સ પણ છ માસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. તાલાલા-ગીર સોમનાથ જિલ્લાની વઘાસિયા હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમના ગાયનેકોલોજિસ્ટ ડો. અક્ષય જયંતીલાલ હડિયલની સારવારમાં બેદરકારી અને એનેસ્થેટીકની ગેરહાજરીમાં સર્જરી, પોસ્ટ ઓપરેટીવ પ્રોટોકોલનું પાલન ન કરવુ, તપાસમાં સમિતિને સહકાર ન આપવો વગેરે પ્રવૃત્તિને કારણે ત્રણ દર્દીઓ શ્રીમતી કેવીબેન નંદાણિયા, શ્રીમતી મનીષાબેન મકવાણા અને કાજલબેન ત્રાડાનું પ્રેગ્નન્સી-ડિલિવરી દરમિયાન થયેલા મૃત્યુ અને ગીર-સોમનાથ જિલ્લાના મધર ડેથ ઈન્કવાયરીનો રિપોર્ટ વગેરેને ધ્યાનમાં લઈને ડો.અક્ષય હડિયલનું તબીબી લાઈસન્સ એક વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યું છે.

---

# ગ્રામીણ વિકાસને નવી દિશા આપશે 'ગૌ ટેક-૨૦૨૬': ડો. વલ્લભ કથીરિયા

## ગૌ આધારિત અર્થતંત્રને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપવા જીસીસીઆઈ દ્વારા કાલે શિખર સંમેલન

અબતક, રાજકોટ

ગૌ આધારિત ઉદ્યોગો, સંશોધન, કૃષિ, પરંપરાગત જ્ઞાન અને નવીન ટેક્નોલોજીને વૈશ્વિક મંચ પૂરો પાડવાના હેતુથી ગ્લોબલ કન્ફેડરેશન ઑફ કાઉ-બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ (જીસીસીઆઈ) દ્વારા ગૌ ટેક ૨૦૨૬ નામનું આંતરરાષ્ટ્રીય શિખર સંમેલન અને પ્રદર્શનીનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ ભવ્ય આયોજનના પ્રારંભ રૂપ તા.૧૫ માર્ચ, રવિવાર ૨૦૨૬ના રોજ સવારે ૯:૦૦ વાગ્યે એગ્રીકલ્ચર કોલેજ ગ્રાઉન્ડ, શિવાજીનગર, પુના (મહારાષ્ટ્ર) ખાતે ગૌ ટેક ૨૦૨૬ નું ભૂમિ પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ જીસીસીઆઈ અને મહારાષ્ટ્ર ગૌ સેવા આયોગના સંયુક્ત સહયોગથી યોજાઈ રહ્યો છે અને તેને મહારાષ્ટ્ર સરકારનું પણ મહત્વપૂર્ણ સમર્થન પ્રાપ્ત છે.



ગૌ ટેક ૨૦૨૬ના મુખ્ય કાર્યક્રમ તા. ૨૦ માર્ચ થી ૨૩ માર્ચ ૨૦૨૬ દરમિયાન એગ્રીકલ્ચર કોલેજ ગ્રાઉન્ડ, પુના ખાતે યોજાશે. ચાર દિવસ સુધી ચાલનારા આ વૈશ્વિક સમિટ અને એક્સ્પોમાં ગૌ આધારિત ઉદ્યોગો, કૃષિ, આરોગ્ય, પર્યાવરણ સંરક્ષણ, સંશોધન, શિક્ષણ અને ટેક્નોલોજી જેવા વિવિધ ક્ષેત્રોના પ્રતિનિધિઓ ભાગ લેશે. આ કાર્યક્રમ ગૌ આધારિત અર્થતંત્રને વૈશ્વિક સ્તરે પ્રોત્સાહન આપવાનું મહત્વપૂર્ણ મંચ બનશે.

આ આયોજન જીસીસીઆઈના સ્થાપક, પૂર્વ મંત્રી અને રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ડો. વલ્લભભાઈ કથીરિયાના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહ્યું છે. તેમની આગેવાની હેઠળ ગૌ આધારિત અર્થવ્યવસ્થા અને ગ્રામિણ વિકાસને પ્રોત્સાહન આપવાના અનેક પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. જ્યારે ગૌ ટેક ૨૦૨૬ના ઓર્ગેનાઈઝિંગ ચેરમેન અને મહારાષ્ટ્ર ગૌ સેવા આયોગના ચેરમેન શેખર મુંદડા ના નેતૃત્વમાં ગૌ ટેક ઓર્ગેનાઈઝિંગ કમિટી સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે કાર્યરત છે.

જીસીસીઆઈ દ્વારા તમામ ગૌપ્રેમીઓ, ગૌ આધારિત સ્ટાર્ટઅપ્સ, મહિલા ઉદ્યોગકારો, જૈવિક ખેડૂતો, ગૌશાળાઓ, સંશોધકો અને ટેકનોલોજીકલ નવીનકારોને ગૌ ટેક ૨૦૨૬ માં સ્ટોલ બુક કરી તેમના ઉત્પાદનો અને વિચારોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે રજૂ કરવા આમંત્રિત કરવામાં આવ્યા છે.

વધુ માહિતી માટે ડો.વલ્લભભાઈ કથીરિયા (મો.૯૪૨૬૯૧૮૯૦૦),નો સંપર્ક કરવા જણાવ્યું છે.


---

# બાબરાના વલારડીના દિવ્યધામમાં ગુરૂવારથી શિવકથાનો મહાકુંભ

## પૂ.ગીરીબાપુની અમૃતવાણી અને ગંગા આરતીના ત્રિવેણી સંગમથી નવ દિવસ ભક્તિમય માહોલ જામશે



'અબતક' મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા આયોજકોએ આપી માહિતી



અબતક, રાજકોટ

બાબરા તાલુકાના વલારડી સ્થિત દિવ્યધામ ખાતે સુરાપુરા દાદાની પવિત્ર પ્રેરણાથી આગામી ૧૯ માર્ચથી ૨૭ માર્ચ દરમિયાન ભવ્ય શિવકથા અને આધ્યાત્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રખ્યાત કથાકાર પૂજ્ય ગીરીબાપુના શ્રીમુખે વહેનારી આ કથા દરરોજ બપોરે ૩ થી સાંજે ૬ વાગ્યા દરમિયાન યોજાશે, જેમાં ભગવાન શિવના મહિમા અને આધ્યાત્મિક જીવનના ગૂઢ મર્મ પર પ્રકાશ પાડવામાં આવશે.

આ મહોત્સવના આમંત્રણ માટે ગંગાજળ રથયાત્રા દ્વારા સમગ્ર ગુજરાતમાં ભક્તિભાવપૂર્વક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

અબતક મીડિયાની શુભેચ્છા મુલાકાતે આવેલા અંકિત વઘાસીયા સહિતના આયોજકોએ માહિતી આપતા જણાવ્યું હતું કે, આ આધ્યાત્મિક મહોત્સવના પ્રથમ દિવસે તા. ૧૯ માર્ચના રોજ સવારે ૯ વાગ્યે ગંગાજીના સામૈયા અને બપોરે ૨ વાગ્યે દાદાના મંદિરેથી કથા સ્થળ સુધી ભવ્ય પોથીયાત્રા નીકળશે. આ પ્રસંગે પૂજ્ય ગીરીબાપુના હસ્તે શ્રદ્ધાળુઓ માટે આધુનિક દિવ્ય ભવન અને લોકકલ્યાણ અર્થે દિવ્યધામ હેલ્થ સેન્ટરનો શુભારંભ કરવામાં આવશે. કથાના પાવન પ્રસંગોમાં તા. ૨૪ માર્ચે સતી પ્રાગટ્ય અને તા. ૨૫ માર્ચે શિવ-પાર્વતી વિવાહનો ભવ્ય પ્રસંગ ધામધૂમથી ઉજવાશે. શિવકથાના પ્રત્યેક વિરામ બાદ દરરોજ સાંજે હરિદ્વારના પરંપરાગત બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે દિવ્ય ગંગા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે, જે ભક્તોને હરિદ્વાર જેવો જ પવિત્ર અનુભવ કરાવશે.

કથાની સાથે સાથે દરરોજ રાત્રે સાંસ્કૃતિક અને લોકસાહિત્યના કાર્યક્રમોની હારમાળા સર્જાશે. જેમાં ૨૧ માર્ચે લોકસાહિત્યકાર રાજભા ગઢવી, શ્રુતિ પટેલ અને માનસિંહ ગોહિલ, ૨૩ માર્ચે ભજનિક ભગવતી ગૌસ્વામી અને હાસ્ય કલાકાર હિતેશ અંટાળા, ૨૪ માર્ચે ઓસમાન મીર અને આમિર મીર તેમજ ૨૬ માર્ચે આશિષ વઘાસિયા અને ચાંદની પટેલ સહિતના નામાંકિત કલાકારો લોકડાયરા અને સંતવાણીની રમઝટ બોલાવશે. આ ઉપરાંત મનીષ વઘાસિયા દ્વારા શિવનો સંદેશ પ્રેરક વક્તવ્ય અને રાસોત્સવનું પણ આયોજન કરાયું છે. સમગ્ર મહોત્સવ દરમિયાન ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી છે

### લોકડાયરાની રમઝટમાં રાજભા ગઢવી તથા ઓસમાન મીર સહિતના નામી કલાકારો શ્રોતાઓને ડોલાવશે; હેલ્થ સેન્ટર અને દિવ્ય ભવનનું પણ કરાશે લોકાર્પણ

---

# નવરંગ નેચર ક્લબની ૯૪ શિબિરોમાં ૪૯૦૦ વિદ્યાર્થી- શિક્ષકોને મળ્યું પ્રાકૃતિક જીવન અંગેનું જ્ઞાન

## પ્રકૃતિ અનુભૂતિ શિબિરોમાં કુદરતના સાનિધ્ય શિબિરાર્થીઓને મળ્યો જીવન જીવવાના અનુભવનો લ્હાવો



અબતક, રાજકોટ

રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર અને ગુજરાત ભરમાં પ્રાકૃતિક સેવા માટે જાણીતા નવરંગ નેતૃત્વ દ્વારા પ્રાકૃતિક અનુભૂતિ શિબીરો પર્યાવરણ પ્રેમીઓ માટે આશીર્વાદરૂપ બની રહી છે.

નવરંગ દ્વારા એક વર્ષના ગાળામાં ૯૪ સીબીરોમાં ૪૯૦૦ વિદ્યાર્થીઓ અને ૩૭૦ શિક્ષકોએ સહભાગી થઈ પ્રાકૃતિક અનુભૂતિ માં કુદરતના સાનિધ્ય નો લાહવો લીધો હતો.

નવરંગ નેચર કલબ દ્વારા રાજકોટ નવરંગનેચરલ કલબ દ્વારાવિશ્વનિક્રમ ગુરૂફલમ (ઈર્ષારીયા, રાજકોટ), જામનગર,ઓશમ પર્વત અને તા, ૧૭/૧૧/૨૦૧૫ થી તા, ૦૪/૦૩/૨૦૨૬ સુધી સીબીરો નું આયોજન કરવામાં આવ્યું હતુ.

શિબિરમાં ૫૦ વિદ્યાર્થીઓને એક શિક્ષક દ્વારા માર્ગદર્શન આપવામાં આવે છે તેમાં વનસ્પતિ દર્શન પ્રાણી દર્શન પક્ષી દર્શન અને રાત્રે આકાશ દર્શન કરાવવામાં આવે છે સાથે સાથે શેરી રમત પણ રમાડવામાં આવે છે ઓછામાં ઓછી જરૂરિયાતથી જીવન કેવી રીતે જીવવું ?તેની શિખામણ આ શિબિરમાં મળે છે,

વિશ્વનિડમ ગુરુકુલમ શિબિરમાં માં ત્યાની ગૌશાળા, તા થતી વિવિધ પ્રવૃતિઓ બાળકો ને બતાવવામાં આવે છે તેમાં છે અને આદરણીય શ્રી જીતુભાઈ દ્વારા વિદ્યાર્થીઓને જીવન કેવી રીતે જીવવું તેની માહિતી આપવામાં આવી હતી

આ શિબિર અને સફળ બનાવવા નવરંગ નેચર કલબના પ્રમુખ વીડી બાલા દ્વારા સતત પણે માર્ગદર્શન અપાઈ રહ્યું છે વધુ વિક્ટો માટે ૯૪૨૭૫ ૬૩ ૮ ૯૮ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

---

# મહારાષ્ટ્રમાં ધર્મ પરિવર્તન કરાવવાવાળાને ૭ વર્ષની જેલ અને ૧ લાખ સુધીનો દંડ ફટકારાશે

## જે વ્યક્તિએ ધર્મ બદલવો હોય, તેણે ઓછામાં ઓછા ૬૦ દિવસ પહેલા તંત્રને જાણ કરવી પડશે



અબતક , મુંબઈ

મહારાષ્ટ્ર સરકારે રાજ્યમાં છેતરપિંડી, લાલચ કે બળજબરીથી થતા ધર્માંતરણને રોકવા માટે વિધાનસભામાં 'ફ્રીડમ ઓફ રિલીજીયન બિલ, ૨૦૨૬' રજૂ કર્યું છે. આ બિલમાં અત્યંત કડક જોગવાઈઓ કરવામાં આવી છે, જેના કારણે રાજ્યમાં નવી ચર્ચાઓ શરૂ થઈ છે. જો કોઈ વ્યક્તિ લગ્નના બહાને કે લાલચ આપીને ધર્માંતરણ કરાવશે, તો તેને ૭ વર્ષની જેલ અને રૂ. ૧ લાખનો દંડ થઈ શકે છે. જો મોટા પાયે (સામૂહિક) ધર્માંતરણ કરવામાં આવે, તો ૭ વર્ષની જેલ અને રૂ.૫ લાખના દંડની જોગવાઈ છે.

જે વ્યક્તિએ ધર્મ બદલવો હોય, તેણે ઓછામાં ઓછા ૬૦ દિવસ પહેલા તંત્રને જાણ કરવી પડશે. આ નોટિસ પંચાયત કે સ્થાનિક કચેરીમાં જાહેરમાં મૂકવામાં આવશે જેથી કોઈ વાંધો હોય તો ઉઠાવી શકાય. જો કોઈ ધર્માંતરણ પર સવાલ ઉઠે, તો જે વ્યક્તિએ ધર્મ બદલાવ્યો છે તેણે પોતે સાબિત કરવું પડશે કે તેણે કોઈ દબાણ વગર આ ફેરફાર કર્યો છે. જો આવા લગ્નથી કોઈ બાળક જન્મે, તો તે તેની માતાના (લગ્ન પહેલાના) ધર્મનું ગણાશે.

નાગરિક સંગઠનો અને વિરોધ પક્ષો આ બિલને 'ડ્રેકોનિયન' (અત્યંત ક્રૂર) ગણાવી રહ્યા છે. તેમનું કહેવું છે કે આ કાયદો વ્યક્તિની પોતાની પસંદગીના લગ્ન કરવાની અને ધર્મ પાળવાની આઝાદી છીનવે છે. લોકોમાં ડર પેદા થઈ શકે છે, ખાસ કરીને એવા કિસ્સાઓમાં જ્યાં બે અલગ અલગ ધર્મના લોકો લગ્ન કરવા માંગતા હોય. આ કાયદાનો દુરુપયોગ થઈ શકે છે.

---

# ન હોય ... અમેરિકામાં ગેરકાયદેસર ઘૂસેલા ૧૧ "પટેલો" ને હથિયાર લૂંટમાં જેલ ભેગા કરાયા

## ૧૧ લોકોએ પોતાને 'પીડિત' બતાવીને ગ્રીન કાર્ડ મેળવવાનો શોર્ટકટ અપનાવ્યો હતો



અબતક, દિલ્હી

અમેરિકામાં ગ્રીન કાર્ડ અને કાયમી વસવાટ મેળવવા માટે 'U-વીઝા' (ગુનાના ભોગ બનનાર માટેના ખાસ વીઝા) નો દુરુપયોગ કરવાનું એક મોટું આંતરરાજ્ય કૌભાંડ તાજેતરમાં પકડાયું છે. અમેરિકાના બોસ્ટન અને અન્ય શહેરોમાં વીઝા મેળવવા માટે ફિલ્મી સ્ટાઈલમાં ગુનાહિત કાવતરું રચનારા ૧૧ ભારતીયોની ધરપકડ કરવામાં આવી છે. આ ટોળકીએ 'U વીઝા' મેળવવા માટે જાણીજોઈને દુકાનોમાં નકલી લૂંટ કરાવી હતી.

રામભાઈ પટેલ નામના વ્યક્તિએ તેના સાથીઓ સાથે મળીને માર્ચ ૨૦૨૩માં મેસેચ્યુસેટ્સ સહિત અન્ય રાજ્યોમાં દારૂની દુકાનો અને રેસ્ટોરન્ટમાં લૂંટના નાટકો ગોઠવ્યા હતા. એક નકલી લૂંટારો દુકાનમાં આવે, બંદૂક જેવું હથિયાર બતાવે અને કેશ લઈને ભાગી જાય. આ આખી ઘટના સીસીટીવી કેમેરામાં કેદ કરવામાં આવતી. લૂંટારો ભાગી ગયાની ૫ મિનિટ પછી પોલીસને જાણ કરવામાં આવતી જેથી પોલીસ રિપોર્ટ બને.

અમેરિકાના કાયદા મુજબ, જો કોઈ વ્યક્તિ ગંભીર ગુનાનો ભોગ બને તો તેને U વીઝા મળી શકે છે. આ ૧૧ લોકોએ પોતાને 'પીડિત' બતાવીને ગ્રીન કાર્ડ મેળવવાનો શોર્ટકટ અપનાવ્યો હતો. આ તમામ લોકો સામે 'વીઝા ફ્રોડ' (છેતરપિંડી) ના ગંભીર આરોપો લાગ્યા છે. જો દોષિત ઠરે તો તેમને ૫ વર્ષ સુધીની જેલ અને ૨,૫૦,૦૦૦ ડોલર (આશરે રૂ. ૨ કરોડથી વધુ) નો દંડ થઈ શકે છે.

# સમાધાનથી કેસ ફૈસલ થાય તો બંને પક્ષકારો વચ્ચે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે: ડિસ્ટ્રિક્ટ જજ જે. આર. શાહ

## મુખ્ય ન્યાયાધીશ જે. આર. શાહના હસ્તે દિપ પ્રાગટય કરી લોક અદાલતને ખુલ્લી મૂકી, ન્યાયાધીશો, વિમા કંપનીના ઓફીસરો, વકીલો, પીજીવીસીએલ, બેંકના અધિકારીઓ અને પક્ષકારો રહ્યા ઉપસ્થિત

## અદાલતમાં જુદી જુદી કેટેગરીના ૩૫૦૦૦ કેસો હાથ પર લેવામાં આવ્યા,આશરે ૬૦% કેસો સમાધાનથી નિકાલ






તસવીર: અભિષેક આસીયાની

**અબતક, રાજકોટ**

શહેરના જામનગર રોડ પર આવેલા ઘંટેશ્વર ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ ખાતે આજે વર્ષ ૨૦૨૬ની પથમ યોજાયેલી મેગા લોક અદાલતમાં જુદી જુદી કેટેગરીના ૩૫૦૦૦ પેન્ડીંગ કેસો હાથ પર લેવામાં આવ્યા છે. જેમાંથી ૬૦% થી વધુ કેસો પણ વધુની સંખ્યામાં સમાધાનથી કેસોનો નિકાલ થાય તેવી આશા છે. રાષ્ટ્રીય મેગા લોક-અદાલતનું આજરોજ તારીખ ૧૪/૦૩/૨૦૨૬ ના રોજ આયોજન રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, ન્યુ દિલ્હીના આદેશ મુજબ સમગ્ર રાષ્ટ્ર લેવલે કરવામાં આવેલ તેમજ તેના ભાગરુપે ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદનાઓના ઉપક્રમે જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, જીલ્લા ન્યાયાલય રાજકોટ ધ્વારા પણ જે. આર શાહ , ચેરમેન, જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટના માર્ગદર્શન તથા સબળ નેતૃત્વ હેઠળ રાજકોટ જીલ્લાની તમામ અદાલતોમાં આજરોજ મેગા લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું.સદરહું લોક અદાલતનું રાજકોટ મુખ્ય જીલ્લા ન્યાયાધીશ અને જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ચેરમેન જે. આર. શાહ ધ્વારા દિપ પ્રાગટય કરી ઉદઘાટન કરવામાં આવ્યું હતું. સદરહું ઉદઘાટન પ્રસંગે રાજકોટ હેડકવાર્ટરના તમામ ન્યાયાધીશ , બાર એસોસીએશનના પ્રતિનિધિઓ, જુદી જુદી વિમા કંપનીના ઓફીસરો, બાર એસોસિએશનના વર્તમાન સભ્યો, વકીલઓ, પી.જી.વી.સી.એલ.ના , વિવિધ બેંકના અધિકારીઓ અને પક્ષકારો ઉપસ્થિત રહેલ હતા. આ પ્રસંગે રાજકોટ જીલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, રાજકોટના પુર્ણકાલીન સચિવ એચ. વી. જોટાણીયાએ લોક અદાલતથી પક્ષકારોને થતા લાભ તથા કોર્ટનું ભારણ ઘટાડવામાં લોક અદાલત કઈ રીતે મદદરૂપ થાય છે તે અંગે તથા લોક અદાલતમાં કયા કયા પ્રકારના કેટલા કેસો મુકવામાં આવેલ છે અને અંદાજે કેટલા કેસોમાં સફળ સમાધાન શક્ય બનશે તે અંગે માહીતી આપેલ. વધુમાં મુખ્ય જીલ્લા ન્યાયાધીશ શાહ લોક અદાલતની સફળતા માટે શુભેચ્છા પાઠવેલી અને જણાવેલ કે સમાધાનથી કેસ ફૈસલ થાય તો પક્ષકારો વચ્ચે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે છે તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ કેસો સમાધાનથી ફૈસલ થાય તેવી અપેક્ષા છે.સદરહું લોક અદાલત અગાઉ લગભગ છેલ્લા બે મહીનાથી જુદી જુદી વિમા કંપની, ફાયનાન્સ કંપની, પોલીસ અધિકારીઓ વિગેરે સાથે જુદી જુદી મીટીંગો યોજી લોક અદાલત પહેલા પ્રિ-સીટીંગનું આયોજન કરી આજના દિવસે વધુમાં વધુ કેસો સમાધાન રાહે નિકાલ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.આજના દિવસે જુદી જુદી કેટેગરીના ૩૫૦૦૦ પેન્ડીંગ કેસો હાથ પર લેવામાં આવનાર છે. જેમાંથી ૬૦% થી પણ વધુની સંખ્યામાં સમાધાનથી કેસોનો નિકાલ થાય તેવી આશા છે.

### કેસના નિકાલથી ન કોઈની જીત ન કોઈની હાર: સચિવ એચ. પી. જોટાણીયા



જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ એચ. પી. જોટાણીયાએ અબતક સાથે વાતચીતમાં જણાવ્યું હતું કે આ વર્ષની પ્રથમ લોકા અદાલત રાજકોટ સહિત દેશભરમા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. લોક અદાલતમાં કેસ ના નિકાલથી ન કોઈ જીત ન કોઈની હાર ના અભિગમ સાથે યોજાઈ છે. આ લોક અદાલતમાં છેલ્લા બે મહિનાથી જુદી જુદી વીમા કંપની, ફાઈનાન્સ કંપની, પોલીસ અધિકારીઓ વગેરે સાથે મિટિંગો કરી લોક અદાલત થયેલા પ્રિ સેટિંગ કરી અલગ-અલગ વિભાગના ૩૫,૦૦૦ જેટલા કેસો આ લોક અદાલતમાં મૂકવામાં આવ્યા હતા.

# શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરીની હેરિટેજ મીટમાં પોતાની જ આત્મકથાને ચિત્રોમાં ઉતારતા ડો.રવિદર્શન વ્યાસ

## ત્યાગવલ્લભ સ્વામી અને મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ : ૪૭ ચિત્રોમાં જોવા મળી રાજવી ઠાઠ અને હિન્દુ સંસ્કૃતિ



**અબતક, રાજકોટ**

રાજકોટના સાંસ્કૃતિક આંગણે 'હેરિટેજ મીટ આર્ટ ગેલેરી'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રદર્શન આગામી ત્રણ દિવસ સુધી કલાપ્રેમીઓ માટે ખુલ્લું રહેશે. આ આર્ટ ગેલેરીની વિશેષતા એ છે કે વ્યવસાયે ડોક્ટર હોવા છતાં, ડો. રવિદર્શનભાઈ વ્યાસે પોતાની કલા પ્રત્યેની રુચિને જીવંત રાખીને આ સુંદર ગેલેરીનું નિર્માણ કર્યું છે.

આ પ્રદર્શનના ઉદ્દઘાટન પ્રસંગે અનેક નામી-અનામી મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સ્વામિનારાયણ મંદિર યોગીધામના ત્યાગવલ્લભ સ્વામીજી, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર ઉત્પલ જોશી, શહેર ભાજપ પ્રમુખ માધવ દવે અને જયદીપભાઈ ઉદાણી સહિતના અગ્રણીઓએ હાજરી આપી દીપ પ્રાગટ્ય કર્યું હતું.


નોંધનીય છે કે આ પ્રકારની આર્ટ ગેલેરીનું આયોજન અલગ-અલગ શહેરોમાં અત્યાર સુધીમાં કુલ ૧૦ વખત થઈ ચૂક્યું છે, પરંતુ રાજકોટમાં આ પ્રદર્શન પ્રથમ વખત યોજાઈ રહ્યું છે. આ આયોજન રાજકોટના રેસકોર્સ સ્થિત શ્યામાપ્રસાદ આર્ટ ગેલેરી ખાતે કરવામાં આવ્યું છે, જે શહેરના કલા જગત માટે એક મહત્વની ઘટના માનવામાં આવે છે.



આ પ્રદર્શનમાં ડો. રવિદર્શનભાઈ વ્યાસની આત્મકથા પર આધારિત કુલ ૪૭ જેટલા ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા છે. આ ચિત્રોમાં કલાકારે પોતાના જીવનના વિવિધ પાસાઓને કલાના માધ્યમથી કંડાર્યા છે. જેમાં તેમના દ્વારા કરવામાં આવેલા વિવિધ પ્રવાસો અને અંગત અનુભવોની ઝલક સ્પષ્ટપણે જોવા મળે છે. ચિત્રોના વિષયોમાં વૈવિધ્ય જોવા મળે છે, જેમાં હિન્દુ ધર્મની સંસ્કૃતિ, પારિવારિક આભૂષણો, પરંપરાગત પોશાક અને રાજ પરિવાર સાથે જોડાયેલી યાદોનો સમાવેશ થાય છે. આ પ્રદર્શન ૧૩ થી ૧૫ માર્ચ સુધી ચાલશે, જેમાં મુલાકાતીઓને એક અલગ વિચારધારા અને કલાત્મક શૈલીના દર્શન થશે.







તસવીર: ધ્રુવ જેઠવા

### કાળઝાળ ગરમીમાં રાજકોટવાસીઓએ પાણીની હાડમારી નહીં વેઠવી પડે

# આજી અને ન્યારી ડેમને નર્મદાના નીરથી છલોછલ ભરી દેવાશે

## બંને જળાશયોમાં ૧૦ જૂન સુધી ચાલે તેટલો જળજથ્થો સંગ્રહિત થઈ જશે: ભાદર ડેમમાં જુલાઈના અંત સુધી ચાલે તેટલું પાણી



**અબતક,રાજકોટ**

કાળઝાળ ઉનાળામાં રાજકોટવાસીઓએ પાણીની હાડમારી વેઠવી ન પડે તેવું આયોજન કોર્પોરેશન દ્વારા ગોઠવાઈ રહ્યું છે. છેલ્લા ઘણા સમયથી આજી અને ન્યારી ડેમમાં સૌની યોજના અંતર્ગત નર્મદાના નીર ઠાલવવામાં આવી રહ્યા છે. આ બંને જળાશયોને છલોછલ ભરી દેવામાં આવશે. ચોમાસાની સિઝન સુધી પાણીની કોઈ જ પ્રકારની તકલીફ ઉભી ન થાય તેટલો જળજથ્થો સંગ્રહિત થઈ જશે. ભાદર ડેમમાં હાલ જુલાઈ માસના અંત સુધી ચાલે તેટલું પાણી સંગ્રહિત છે. જેથી કોઈ સમસ્યા નથી.

કોર્પોરેશનની વોટર વર્કસ શાખાના ઈજનેરી સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વધુ વિગત મુજબ રાજકોટવાસીઓએ પાણીની કોઈ જ તકલીફ વેઠવી ન પડે તે માટે ગત નવેમ્બર માસમાં જ સરકારમાં પત્ર લખી આજી અને ન્યારી ડેમમાં ચોમાસા સુધીમાં ૩૧૫૦ એમસીએફટી નર્મદાના નીર સૌની યોજના અંતર્ગત ઠાલવવા માટે માંગણી કરવામાં આવી હતી. ગત મહિનાથી આજી ડેમમાં નર્મદાનું પાણી ઠાલવવાનું શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં સૌની યોજના અંતર્ગત ૬૫૪ એમસીએફટી પાણી ઠાલવવામાં આવ્યું છે. આજી ડેમની સપાટી ૨૯ ફૂટ છે અને ડેમમાં ૯૧૭.૮૮ એમસીએફટી પાણી સંગ્રહિત છે. હાલ ડેમની જીવંત જળ સપાટી ૨૬.૪૪ ફૂટ છે અને ડેમમાં ૭૫૪ એમસીએફટી પાણી સંગ્રહિત છે. માર્ચ મહિનાના અંત સુધીમાં ડેમને ૨૮.૮૦ ફૂટ સુધી ભરી દેવામાં આવશે. ૯૦૦ એમસીએફટી પાણી સંગ્રહિત થઈ જશે. જે ૧૦ જૂન સુધી ચાલશે. વચ્ચે જો પાણીની જરૂરિયાત ઉભું થશે તો ફરી સૌની યોજના અંતર્ગત નર્મદાના પાણી ઠાલવવામાં આવશે. હાલ ડેમમાં દૈનિક ૧૮ એમસીએફટી પાણી ઠલવાઈ રહ્યું છે. ન્યારી ડેમની વાત કરવામાં આવે તો ડેમની કુલ સપાટી ૨૫.૧૦ ફૂટની છે અને સંગ્રહશક્તિ ૧૨૪૮.૨૬ એમસીએફટીની છે. સૌની યોજના અંતર્ગત ડેમમાં અત્યાર સુધીમાં ૧૩૮.૦૨ એમસીએફટી પાણી ઠાલવવામાં આવ્યું છે. હાલ આજની તારીખે ડેમની જીવંત સપાટી ૨૦.૮૩ ફૂટ છે અને ૮૦૦ એમસીએફટી પાણી ભરેલું છે. ૧૦ એપ્રિલ સુધીમાં ડેમમાં ૧૦૦૦ એમસીએફટી પાણી સંગ્રહિત થઈ જાય તે પ્રકારનું આયોજન છે. ટૂંકમાં શહેરીજનોને ચોમાસા સુધી નિયમિત ૨૦ મિનિટ પાણી મળી રહે તે પ્રકારની ગોઠવણ કરવામાં આવી રહી છે. ભાદર ડેમમાં ૩૦૦૦ એમસીએફટી પાણી છે. જે જુલાઈ માસ સુધી ચાલશે.

### ભાદરની પાઈપલાઈન બદલવાનું કામ નેશનલ હાઈવે ઓથોરિટીના એનઓસીના કારણે શરૂ ન થયું

**ગ્રીનલેન્ડ ચોકડીથી ગોંડલ રોડ ચોકડી અને રિબડાથી ગોમટા ચોકડી એમ કુલ ૪૨ કિ.મી. વિસ્તારમાં નેશનલ હાઈવેની પેરેલલ ભાદર ડેમની હયાત પાઈપલાઈન બદલવા માટે રૂ.૧૨૬.૧૦ કરોડનો ખર્ચ મંજૂર કરી દેવામાં આવ્યો છે. એજન્સીને વર્કઓર્ડર પણ આપી દેવામાં આવ્યો છે. પાઈપલાઈન પણ આવી ગઈ છે પરંતુ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા કામ શરૂ કરવા માટે જરૂરી એનઓસી આપવામાં આવતી ન હોવાના કારણે કામ શરૂ થઈ શક્યું નથી. ટૂંક સમયમાં એનઓસી મળી રહે તેવી શક્યતા અધિકારીઓ વ્યક્ત કરી રહ્યા છે.**

### આત્મીય યુનિવર્સિટી દ્વારા ધો.૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે 'મોક ગુજકેટ'

# માત્ર પુસ્તકિયું જ્ઞાન જ નહીં, વર્કશોપ અને હેકેથોન દ્વારા વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાને મળે છે નવું પ્લેટફોર્મ

## અંગ્રેજી અને ગુજરાતી બંને માધ્યમના વિદ્યાર્થીઓ લઈ શકશે ભાગ: વિદ્યાર્થીઓ માટે રજિસ્ટ્રેશન ફ્રી

**અબતક, રાજકોટ**

રાજકોટની સુપ્રસિદ્ધ આત્મીય યુનિવર્સિટીમાં વર્તમાન સમયની રોજગારલક્ષી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને આધુનિક અને ટેકનિકલ અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે. અહીં ફેકલ્ટી ઓફ એન્જીનીયરીંગ, સાયન્સ, પેરામેડિકલ, બિઝનેસ એન્ડ કોમર્સ તેમજ ડિપ્લોમા સ્ટડીઝ જેવા ૫ મુખ્ય ફેકલ્ટીના ૨૩ ડિપાર્ટમેન્ટ કાર્યરત છે. નવી શિક્ષણ પદ્ધતિ મુજબ અહીં સ્નાતક, અનુસ્નાતક, ઈન્ટીગ્રેટેડ પીજી અને પીએચ.ડી. કક્ષાના ૬૦ થી વધુ પ્રોગ્રામ્સ દ્વારા વિદ્યાર્થીઓને વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પૂરું પાડવામાં આવે છે.

માત્ર પુસ્તકિયું જ્ઞાન જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓમાં સંશોધન, નવીનતા અને સર્જનાત્મકતા ખીલે તે માટે યુનિવર્સિટી સતત પ્રયત્નશીલ રહે છે. આ હેતુથી અહીં નિયમિતપણે ટેકનિકલ વર્કશોપ્સ, નિષ્ણાતો દ્વારા કારકિર્દી માર્ગદર્શન સેમિનારો, હેકેથોન અને વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. આવી પ્રવૃત્તિઓથી વિદ્યાર્થીઓને શૈક્ષણિક અભ્યાસની સાથે વાસ્તવિક દુનિયાના પડકારો ઝીલવા માટેની નવીન તકો અને પ્લેટફોર્મ પ્રાપ્ત થાય છે.



રજીસ્ટ્રેશન માટે સ્કેન કરો

વિદ્યાર્થીઓ માટે મોક ટેસ્ટ એ 'પરીક્ષા પહેલાની પરીક્ષા' સમાન છે, જે આગામી મુખ્ય પરીક્ષાઓની તૈયારી માટે અત્યંત અનિવાર્ય છે. મોક ટેસ્ટ આપવાથી વિદ્યાર્થીઓને સાચી પરીક્ષાનો પ્રત્યક્ષ અનુભવ મળે છે અને તેઓ પોતાની તૈયારીનું સચોટ મૂલ્યાંકન કરી શકે છે. આ ઉપરાંત, મુખ્ય પરીક્ષા અગાઉ પોતાની ભૂલો સુધારવાની તક મળતી હોવાથી વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ વધે છે અને પરીક્ષાના ડરમાંથી મુક્તિ મળે છે.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આત્મીય યુનિવર્સિટી ખાતે આગામી ૨૦ માર્ચ, ૨૦૨૬ (શુક્રવાર) ના રોજ બપોરે ૨ થી ૫ વાગ્યા દરમિયાન 'મોક ગુજકેટ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ પરીક્ષા ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમના વિદ્યાર્થીઓ આપી શકશે. આ પરીક્ષા યોગિધામ ગુરુકુલ, કાલાવડ રોડ સ્થિત આત્મીય યુનિવર્સિટીના કેમ્પસ પર યોજાશે, જેમાં ભાગ લેનાર તેજસ્વી વિદ્યાર્થીઓને આકર્ષક ઈનામો જીતવાની તક પણ મળશે.

આ મોક ગુજકેટ પરીક્ષામાં જોડાવા માટે નોંધણી કરાવવી ફરજિયાત છે, જે વિદ્યાર્થીઓ માટે તદ્દન મફત રાખવામાં આવી છે. રસ ધરાવતા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન લિન્ક https://shorturl.at/zOTcA પર જઈને અથવા આપેલ ક્યુઆર કોડ સ્કેન કરીને પોતાની એન્ટ્રી કન્ફર્મ કરી શકે છે. વધુ માહિતી કે પૂછપરછ માટે વિદ્યાર્થીઓ યુનિવર્સિટીના હેલ્પલાઈન નંબર ૯૦૯૯૦ ૭૬૧૫૨ / ૯૦૯૯૦ ૭૬૧૫૫ / ૯૦૯૯૦ ૭૬૧૪૧ પર સંપર્ક કરી શકે છે.



# અદભુત "હીટર" શિવમ દુબેએ શા માટે પિતાને મેડલ સમર્પિત કર્યો?

## શિવમે પિતાને તેમના જીવનના વાસ્તવિક હીરો તરીકે સંબોધિત કર્યા અને તેમની સફળતા પાછળ પિતાના અથાગ પ્રયત્નો, ત્યાગ અને સતત સમર્થન વિના શક્ય ન હોત

**અબતક, રાજકોટ**

ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર શિવમ દુબેએ આઈસીસી મેન્સ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬માં ભારતની ઐતિહાસિક જીત પછી એક ખૂબ જ લાગણીસભર અને હૃદયસ્પર્શી ક્ષણ શેર કરી છે, જેણે સોશિયલ મીડિયા પર ધૂમ મચાવી દીધી છે.

ભારતે ૨૦૨૬ના ટી૨૦ વર્લ્ડ કપમાં વિજય મેળવ્યો ત્યારબાદ શિવમ દુબે મુંબઈમાં પોતાના ઘરે પરત ફર્યા અને તેમણે પોતાનો વિજેતા મેડલ પોતાના પિતા રાજેશ દુબેને સમર્પિત કર્યો. એક વાયરલ વીડિયોમાં જોવા મળે છે કે શિવમ પોતાના પિતાના ગળામાં આ મેડલ પહેરાવી રહ્યા છે. આ ક્ષણ દરમિયાન પિતાના ચહેરા પર ગર્વ અને ખુશીની લાગણી સ્પષ્ટ દેખાઈ રહી છે.

શિવમે પોતાના પિતાને ''મારા જીવનના વાસ્તવિક હીરો'' તરીકે સંબોધિત કર્યા અને કહ્યું કે આ સફળતા તેમના પિતાના અથાગ પ્રયત્નો, ત્યાગ અને સતત સમર્થન વિના શક્ય ન હોત.

શિવમ દુબેના પિતા રાજેશ દુબે ઉત્તર પ્રદેશના ભદોહી જિલ્લામાંથી મુંબઈ આવ્યા હતા અને તેમણે જ શિવમને ક્રિકેટની શરૂઆતથી જ કોચિંગ આપી છે. શિવમના કહેવા પ્રમાણે તેમના પિતાએ તેમની કરિયરના દરેક તબક્કે અડગ વિશ્વાસ રાખ્યો છે. ખાસ કરીને તે સમયે જ્યારે શિવમે ફૂટબોલથી ક્રિકેટ તરફ વળ્યા અને પછી ૫ વર્ષના લાંબા બ્રેક પછી પણ પરત ફરીને ભારતીય ટીમમાં સ્થાન મેળવ્યું. આ વર્લ્ડ કપમાં શિવમ દુબેએ બેટિંગ અને બોલિંગ બંનેમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું.

તેમણે મહત્વના મેચોમાં મોટા શોટ્સ ફટકાર્યા અને વિકેટ પણ લીધી, જેના કારણે ભારતની જીતમાં તેમનું યોગદાન અમૂલ્ય રહ્યું. પરંતુ આ જીતને વધુ ખાસ બનાવી દીધી.

ફેન્સે શિવમની આ નમ્રતા અને પરિવાર પ્રત્યેના પ્રેમની ખૂબ પ્રશંસા કરી છે. ઘણા લોકોએ કહ્યું કે, દરેક સફળ ખેલાડી પાછળ એક પરિવાર હોય છે જે અદૃશ્ય રીતે તેને સપોર્ટ કરે છે.

આ ઘટના એક વખત વધુ યાદ અપાવે છે કે સફળતા માત્ર વ્યક્તિગત નથી, પરંતુ તે પરિવારના સમર્પણ અને બલિદાનનું પરિણામ છે.

શિવમ દુબેની આ હૃદયસ્પર્શી ગર્જના દરેકને પ્રેરણા આપે છે કે સફળતાનો સાચો આનંદ તેને પોતાના પ્રિયજનો સાથે વહેંચવામાં જ છે!

# કેકેઆરને મુઝરબાનીનો ડોઝ મળશે



**અબતક, રાજકોટ**

ઝિમ્બાબ્વેનો ૨૯ વર્ષીય રાઈટ-આર્મ પેસ બોલર બ્લેસિંગ મુઝરબાની આવતા મહિને શરૂ થનારી પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ)માં રમવાનો હતો, પરંતુ તેણે એ ટૂર્નામેન્ટ છોડીને ભારતની ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રમવાનું નક્કી કર્યું જેને પગલે આઈપીએલના ત્રણ ટાઈટલ જીતનાર કોલકાતા નાઈટ રાઈડર્સ તેને મેળવી લીધો છે.ઉલ્લેખનીય છે કે મુઝરબાનીએ તાજેતરમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં કેટલાક જાણીતા બૅટ્સમેનોની વિકેટ લીધી હતી જેમાં મૅન ઑફ ધ ટૂર્નામેન્ટનો પુરસ્કાર જીતનાર સંજુ સૅમસનનો પણ સમાવેશ હતો.

૨૬મી ફેબ્રુઆરીએ ચેન્નઈમાં ભારતની સુપર-એઈટ મૅચ ઝિમ્બાબ્વે સામે રમાઈ હતી જેમાં મુઝરબાનીએ સૅમસન (૨૪ રન)ને કૅચઆઉટ કરાવ્યો હતો. એ મૅચમાં ખાસ કરીને અભિષેક શર્માના પંચાવન રન અને હાર્દિક પંડ્યાના અણનમ ૫૦ રન તેમ જ તિલક વર્માના અણનમ ૪૪ રનની મદદથી ભારતે ચાર વિકેટે ૨૫૬ રન બનાવ્યા પછી મૅચ જીતી લીધી હતી. એ મૅચ પછી સૅમસને છેલ્લી ત્રણ મૅચમાં અણનમ ૯૭ રન તેમ જ ૮૯ રન અને ૮૯ રનની મદદથી ભારતને ટ્રોફી અપાવી હતી.મુઝરબાની છ ફૂટ આઠ ઈંચ ઊંચો છે. તેણે વર્લ્ડ કપમાં કુલ ૧૩ વિકેટ લીધી હતી અને તમામ બોલર્સમાં બીજા નંબરે હતો. તેણે આ ટૂર્નામેન્ટમાં સૅમસન ઉપરાંત ઑસ્ટ્રેલિયાના ટિમ ડેવિડ, મૅથ્યૂ રૅન્શો, શ્રીલંકાના કુસાલ પરેરા અને દાશુન શનાકા, વેસ્ટ ઈન્ડિઝના રૉવમૅન પોવેલ અને જેસન હોલ્ડર તેમ જ સાઉથ આફ્રિકાના ડેવિડ મિલરની વિકેટ પણ લીધી હતી.

## કેકેઆરને ઝટકો ઈજાને કારણે હર્ષિત રાણા આઈપીએલમાંથી બહાર



ઈન્ડિયન પ્રીમિયર લીગના ૨૦૨૬ સીઝન શરૂ થાય તે પહેલા જ કોલકાતા નાઈટ રાઈડર્સને મોટો ઝટકો લાગ્યો છે. ટીમના ઝડપી બોલર હર્ષિત રાણા આખી ટુર્નામિન્ટમાંથી બહાર થઈ ગયો છે. ઈજાને કારણે હર્ષિત રાણા આઈપીએલ ૨૦૨૬ માં રમી શકશે નહીં. કોલકાતા નાઈટ રાઈડર્સે તેમને ૪ કરોડ રૂપિયાની રકમમાં રિટેન કર્યો હતો.હર્ષિત રાણાને દક્ષિણ આફ્રિકા સામેના ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ ના વોર્મ-અપ મેચ દરમિયાન ઈજા થઈ હતી, જેના કારણે તેઓ ટી૨૦ વર્લ્ડ કપમાંથી પણ બહાર થઈ ગયો હતો. અત્યાર સુધી કેકેઆરે તેમના રિપ્લેસમેન્ટની સત્તાવાર જાહેરાત કરી નથી.

# બાંગ્લાદેશને બીજી વન-ડેમાં હાર અપાવામાં સદાકતનો અદભુત દેખાવ

## ૨૭૪ રનનો પીછો કરવા ઉતરેલી બાંગ્લાદેશની ટીમ ૧૧૪ રનમાં જ ઓલઆઉટ થઇ ગઇ



**અબતક, રાજકોટ**

બીજી વનડેમાં પાકિસ્તાને બાંગ્લાદેશને ૧૨૮ રનથી હરાવ્યું. ઢાકાના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમ ખાતે રમાયેલી આ મેચમાં બાંગ્લાદેશે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. પહેલા બેટિંગ કરતા પાકિસ્તાને ૨૭૪ રન બનાવ્યા. જવાબમાં બાંગ્લાદેશ માત્ર ૧૧૪ રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. પાકિસ્તાનની ટીમે બાંગ્લાદેશને ૧૨૮ રનથી કારમી હાર આપી હતી. પહેલા બેટિંગ કરવા આમંત્રણ આપતા મેજર સદાકતે માત્ર ૪૬ બોલમાં ૭૫ રનની ઈનિંગ રમીને બાંગ્લાદેશી બોલરોને ચકનાચૂર કરી દીધા. સલમાન આગાએ પણ ૬૪ રનની અડધી સદી ફટકારી હતી પરંતુ વિવાદાસ્પદ રીતે રન આઉટ થયો હતો. મોહમ્મદ રિઝવાને પણ ૪૪ રનનું યોગદાન આપ્યું હતું, પરંતુ પાકિસ્તાની ટીમ ૪૮મી ઓવરમાં ૨૭૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી.જ્યારે બાંગ્લાદેશ લક્ષ્યનો પીછો કરવા ઉતર્યું ત્યારે તેના ત્રણેય ઓપનર ૧૫ રનના સ્કોરે આઉટ થઈ ગયા. દરમિયાન, લિટન દાસ અને તૌહીદે ચોથી વિકેટ માટે ૫૮ રનની ભાગીદારી સાથે બાંગ્લાદેશને મેચમાં પાછુંલાવવામાં સફળતા મેળવી. દાસ ૪૧ રન બનાવીને આઉટ થયો જ્યારે હૃદોય ૨૮ રન બનાવીને આઉટ થયો હતો.એક સમયે બાંગ્લાદેશે ૩ વિકેટે ૭૩ રન બનાવ્યા હતા, પરંતુ કોણ જાણતું હતું કે પાકિસ્તાની બોલરો બાંગ્લાદેશની બેટિંગ લાઈનઅપને તોડી નાખશે. બાંગ્લાદેશે પોતાની છેલ્લી ૭ વિકેટ માત્ર ૪૧ રનમાં ગુમાવી દીધી હતી.હવે ૨ મેચ પછી શ્રેણી ૧-૧ થી બરાબર છે. પાકિસ્તાનની આખી ટીમ ૪૭.૩ ઓવરમાં ૨૭૪ રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ હતી. પાકિસ્તાન તરફથી માઝ સદાકત અને સલમાન આગાએ શાનદાર બેટિંગ કરી અને અડધી સદી ફટકારી.

# ભારતીય મહિલા હોકી ટીમે ઈટાલીને હરાવી ફાઈનલમ કરી એન્ટ્રી




**અબતક, રાજકોટ**

ભારતે મહિલા હોકી વર્લ્ડ કપ માટે ક્વોલિફાઈ કરી લીધું છે. વર્લ્ડ કપ ક્વોલિફાયર્સની સેમિફાઈનલમાં ભારતે ઈટાલીને ૧-૦થી હરાવી દીધું હતું. ઈટાલી સામે મેચમાં ટીમ ઈન્ડિયા તરફથી એક માત્ર ગોલ મનીષા ચૌહાણે કર્યો હતો. હવે ફાઈનલમાં ભારત અને ઈંગ્લેન્ડની ટક્કર થશે. ભારતીય મહિલા હોકી ટીમ હવે ૧૫થી ૩૦ ઓગસ્ટ સુધી બેલ્જિયમ અને નેધરલેન્ડ્સની યજમાનીમાં રમનાર વર્લ્ડ કપમાં ભાગ લેશે.

ભારતીય ટીમની મિડફિલ્ડર મનીષા ચૌહાણે ૪૦મી મિનિટે ગોલ કર્યો હતો. પહેલા ક્વાર્ટરમાં બંને ટીમ વચ્ચે બરાબરની ટક્કર જોવા મળી હતી. ભારતે બે વખત સંપૂર્ણ

(અનુ. આઠમા પાને)

# જેતપુરના કેબલના ધંધાર્થી પાસે ચાર વ્યાજખોરોએ માસિક ૨૪% સુધીનું વ્યાજ વસુલ્યું

## ધંધા માટે નાણાંની જરૂરિયાત ઉભી થતાં પિતા-પુત્ર વ્યાજના વિષચક્રમાં ફસાયા : વ્યાજ પેટે લાખો રૂપિયા ચૂકવી દીધા છતાં વ્યાજખોરોએ ખૂનની ધમકી આપતા અંતે કંટાળી પ્રૌઢે ફીનાઈલ ગટગટાવી આપઘાતનો પ્રયાસ કર્યો

**અબતક, રાજકોટ**

જેતપુરના કેબલના ધંધાર્થી પિતા-પુત્રને ધંધા માટે નાણાંની જરૂરિયાત ઉભી થતાં વ્યાજના વિષચક્રમાં ફસાયા હતા. ચાર વ્યાજખોરોને માસિક ૨૪% સુધીનું વ્યાજ ચૂકવ્યા છતાં ખૂનની ધમકીઓ આપતાં કંટાળી પ્રૌઢએ ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં જેતપુર સીટી પોલીસે મનીલેન્ડ એક્ટ સહિતની કલમ હેઠળ ચાર વ્યાજખોર સામે અલગ અલગ ત્રણ ગુના દાખલ કર્યા હતાં.

બનાવ અંગે જેતપુરના અમરનગર રોડ પર મંત્રી સોસાયટીમાં રહેતાં જયદીપભાઈ સંજયભાઈ વસાણી (ઉ.વ.૨૭) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વ્યાજખોર મહાવીરસિંહ ચુડાસમા (રહે. રાજેશ્વરી સોસાયટી શંકરના મંદિર પાસે,, જેતપુર), જયદિપ અશ્વિન સિંધી (રહે. મંત્રી સોસાયટી જેતપુર), અશોક સરવૈયા (રહે અમરનગર રોડ સમર્પણ આઈસ્ક્રીમ પાસે જેતપુર) અને ભરત ઉર્ફે ભયકુ વાંક (રહે. દેસાઈ વાળી શાક માર્કેટ પાસે જેતપુર) નું નામ આપતા જેતપુર સીટી પોલીસે મનીલેન્ડ એક્ટ સહિતની કલમ હેઠળ અલગ અલગ ત્રણ ગુના દાખલ કરી કાર્યવાહી કરી હતી.

વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તે પીતાજી સાથે કેબલ નેટવર્કનું કામ કરે છે. છ વર્ષ પહેલા પિતા સંજયભાઈને ધંધો કરવામાં રૂપીયાની જરૂરીયાત પડતા પિતાએ જેતપુરમાં વ્યાજનો ધંધો કરતા મહાવીરસિંહ ચુડાસમાને વાત કરેલ કે, મારે ધંધો કરવા માટે રૂપીયા દોઢ લાખની જરૂરીયાત છે તેમ વાત કરતા મહાવીરસિંહે કહેલ કે, માસીક ૩ ટકા વ્યાજ ચુકવવું પડશે, તમો મારી ખોડલ હોટેલ નીચે ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલ ઓફિસેથી આવતી કાલે પૈસા લઈ જજો. બીજા દિવસે મહાવીરસિંહની ઓફિસેથી રૂપીયા દોઢ લાખ લઈ આવેલ હતા. બાદ આ દોઢ લાખ રૂપીયાનુ દર માસની એક થી પાંચ તારીખમાં માસીક રૂ. ૪૫૦૦ વ્યાજ તેમની ઓફિસે જઈને આપતો હતો. બાદ કેબલ નેટવર્કના ભાડાનુ ઉઘરાણ આવતુ ના હોય અને ઘર ખર્ચ પણ આવતો હોય જેથી પિતાએ મહાવીરસિંહનુ વ્યાજ ચુકવી શકતા નહિ અને વ્યાજના ચુકવણામાં થોડુ મોડુ થાય તો તે વ્યાજના રૂપીયા નહિ આપો તો હાથ પગ ભાગી નાખીશ તેમ કહીને વ્યાજનુ ઉઘરાણી કરી બે ચેક ધમકીઓ આપીને લઈ ગયેલ હતા. વ્યાજની ચુકવણું કરવા પિતાને આરોપીએ ધાક ધમકી આપતાં ઘરે ફીનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં તેઓને સારવારમાં પણ ખસેડેલ છે.

### વ્યાજના ચકરડામાંથી બહાર નિકળવા અશ્વિન સિંધી અને અશોક સરવૈયા પાસે ગયા : બંનેએ પણ લાખો પડાવ્યા

ફરીયાદીએ મહાવીરસિંહને વ્યાજ અને મુદલ ચૂકવવા ૧૭ માસ પહેલા અશ્વિન સીંધી પાસેથી ૪.૫૦ લાખ માસીક ૪ % લેખે વ્યાજે લીધેલ હતા. તે રૂપીયા અશોક સરવૈયાના લઈ આવેલ હતા. બાદ તેના પીતા વ્યાજના ગુચળામાં ફસાઈ ગયેલ હોય અને બંને શખ્સો વ્યાજનુ ઉઘરાણ કરી વ્યાજના રૂપીયા નહિ આપો તો હાથ પગ ભાગી નાખી મારી નાખવાની ધમકીઓ આપીને મારા પિતાના સહિ કરેલ બે ચેક લઈ ગયેલ છે.

બાદ ગઈ તા.૧૭/૦૨/૨૦૨૬ ના પિતા-પુત્ર અશોક પાસે વ્યાજના પૈસા માફ કરવાની વાત કરવા માટે ગયેલ હતા તો તેને વાત કરેલ કે, વ્યાજમાં કોઈ બાધછોડ થશે નહિ તમારે મને વ્યાજ તો આપવું પડશે અને તમારે કોઈ ફરીયાદ કરવી હોય તો કરી આપો હું લડી લઈશ તેમ વાત કરેલ હતી. અત્યાર સુધીમાં ત્રણ લાખ રૂપીયા વ્યાજ ચુકવી આપેલ છે. તેમછતા હજુ સાડા ચાર લાખની ઉઘરાણી કરેલ છે.

### ભરત ઉર્ફે ભયકુ બેફામ બન્યો : ચામડતોડ ૨૪ ટકા વ્યાજ પડાવતાં પ્રૌઢએ વખ ઘોળ્યું

ત્રણે વ્યાજખોરોને રૂપીયા ચૂકવવા ફરીયાદી પિતા-પુત્રએ વ્યાજખોર ભરત ઉર્ફે ભયકુનો ૧૧ માસ પહેલા સંપર્ક કરી રૂ.૫૦ હજાર માસીક ૨૪ % લેખે વ્યાજે લીધેલ હતા. આ પચાસ હજારનુ દર દસ દિવસે રૂપીયા ચાર હજાર વ્યાજ ચુકવવાનુ હતુ. બાદ ફરીયાદીના પિતા વ્યાજના ગુચળામાં ફસાઈ ગયેલ હોય જેથી આ ભરત ઉર્ફે ભયકુને વ્યાજ ચુકવી શકેલ નહિ. જેથી શખ્સે જો તમો મારા વ્યાજના પૈસા નહિ આપો તો હું તમને બન્ને બાપ દિકરાને હાથ પગ ભાગીને મારી નાખીશ તેમ ધમકાવીને બે કોરા ચેક લઈ ગયેલ છે. આ ભરત ઉર્ફે ભયકુએ આજદિન સુધીમાં રૂ.૧.૩૮ લાખ વ્યાજ વસુલ કરેલ છે. બનાવ અંગેની ત્રણેય ફરિયાદ પરથી જેતપુર સીટી પોલીસ મથકના પીઆઈ એ.ડી.પરમાર અને ટીમે વ્યાજખોર મહાવીરસિંહ ચુડાસમા અને અશોક સરવૈયાની ધરપકડ કરી છે, જ્યારે વ્યાજખોર અશ્વિન સિંધી અને ભરત ઉર્ફે ભયકુ વાકની શોધખોળ આદરી છે.

### જેતપુર સીટી પોલીસે મનીલેન્ડ એકટ સહિતની કલમ હેઠળ ચાર વ્યાજખોર સામે અલગ અલગ ત્રણ ગુના નોંધ્યા

# હીરાસર એરપોર્ટ પાસે કારે રિક્ષાને અડફેટે લેતા દંપતી અને પુત્રી ઈજાગ્રસ્ત

## રાણીપર ગામે લગ્ન પ્રસંગમાંથી પરત ફરતી વેળાએ નડ્યો અકસ્માત

**અબતક, રાજકોટ**

શહેરના હીરાસર એરપોર્ટ નજીક ગત રાત્રિના સમયે લગ્ન પ્રસંગ પતાવીને રિક્ષામાં પોતાના ઘરે પરત ફરી રહેલા એક જ પરિવારના પાંચ સભ્યોને અજાણ્યા ફોરવીલર ચાલકે અડફેટે લીધા હતા. આ અકસ્માતમાં પતિ, પત્ની અને પુત્રીને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.પ્રાપ્ત વિગતો મુજબ, રાજકોટના બામણબોર વિસ્તારમાં રહેતા જેસીંગભાઈ ભગાભાઈ બાવરીયા (ઉ.વ. ૩૬), તેમના પત્ની શારદાબેન (ઉ.વ. ૩૨), પુત્રી પ્રિયા (ઉ.વ. ૧૬), પુત્રી શિલ્પા અને પુત્ર રોનક સાથે રાણીપર ગામે માસીના દીકરાના લગ્નમાં ગયા હતા. ગઈકાલે રાત્રે આશરે ૯:૦૦ વાગ્યાની આસપાસ જ્યારે આ પરિવાર પોતાની રિક્ષામાં લગ્ન પ્રસંગ પતાવી બામણબોર પરત ફરી રહ્યો હતો, ત્યારે હીરાસર એરપોર્ટ પાસે પૂરપાટ ઝડપે આવતા અજાણ્યા ફોરવીલર ચાલકે રિક્ષાને અડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો, અકસ્માતમાં રિક્ષામાં બેઠેલા જેસીંગભાઈ, તેમના પત્ની શારદાબેન અને દીકરી પ્રિયાને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જીને કાર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે જેસિંગભાઈ ઈમિટેશનનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે, તેમને સંતાનમાં ત્રણ દીકરી એક દીકરો છે. અકસ્માત સર્જીને નાસી છૂટેલા અજાણ્યા ફોરવીલર ચાલક વિરુદ્ધ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સાત વર્ષની માસુમ પર નિર્લજ્જ હુમલો કરવાના ગુનામાં આરોપીને ૫ વર્ષની સજા

## ફરિયાદી, તબીબ,પાસનિશની જુબાનીએ કેસને સમર્થન આપ્યું પીડિતાએ આરોપીને ઓળખી બતાવેલ, સરકારી વકીલ


સરકારી વકીલ મુકેશ પીપળીયા

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા વાવડી વિસ્તારની સાત વર્ષની માસુમ બાળકી સાથે શારીરિક અડપલા કરવા અંગેના કેસ ચાલી જતા અદાલતે આરોપી ને પાંચ વર્ષની સજા અને વિકટીમ કમ્પોઝિશન અન્વયે રૂપિયા બે લાખનું વળતર આપવાનો હુકમ કર્યો છે.

વધુ વિગત મુજબ શહેરના વાવડી વિસ્તારમાં રહેતી મહિલાએ ગત તારીખ ૬-૩-૨૦૦૨૧ના રોજ મૂળ સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા ગામનો વતની અને હાલ વાવડી ગામે ઓમ સુપર માર્કેટ પાછળ રહેતો અલ્પેશ વાલજીભાઈ લાણીયા નામના શખ્સે માસુમ બાળકી સાથે છેડતી કર્યાની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદીની સાત વર્ષની પુત્રી મોબાઈલમાં બીભસ્ત ફોટા વિડીયો જોતી હોય ત્યારે માતા જોઈ જતા બાળકીને પૂછતા કે તું શું કરે છે તો બાળકીએ જણાવેલ કે મામા તરીકે સંબોધતા અલ્પેશ વાલજીભાઈ લાણીયાએ વિડીયો જોઈ ને ડીલીટ કરવાનું શીખવાડેલ તેમજ અલ્પેશ મામા તેના ઘરમાં લઈ જઈ તેણી ઉપર સૂઈ જઈ શારીરિક અડપલા કરતા હોવાની હકીકત જણાવી હતી. પોલીસે આરોપી અલ્પેશ લાણીયાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કરેલ અને આરોપી વિરુદ્ધ પોક્સો અદાલતમાં ચાર્જશીટ દાખલ કરતા કેસ પોક્સો અદાલતમાં શરૂ થતા પ્રોસિક્યુશન દ્વારા ડોક્ટર , તપાસ કરનાર પોલીસ અધિકારી, ફરિયાદીની અને ભોગ બનનાર ૭ વર્ષની બાળકીની જુબાનીમા શારીરિક અડપલા કર્યાની અને આરોપીને ઓળખી બતાવેલો હતો. તેમજ દસ્તાવેજી પુરાવા લિસ્ટ રજૂ રાખવામાં આવ્યું હતું. પ્રોસિક્યુશન દ્વારા દલીલમાં આરોપી સામે પુરવાર કરેલો છે.૧૬૪ નું મેજિસ્ટ્રેટ સમક્ષનું બાળકીનું નિવેદનમાં પણ બાળકીએ બનાવની સંપૂર્ણ હકીકત જણાવેલી છે. કબજે લેવામાં આવેલો મોબાઈલ ફોન એફએસએલમાં મોકલવામાં આવેલો જેમા પણ પ્રોસિક્યુશને તેમનો કેસ સાબિત કરેલ હોવાની રજૂઆત કરી હતી. આરોપી સામેનો કેસ પુરવાર કરેલ હોય તેવી રજૂઆત ધ્યાને લઈ સેશન્સ જજ ટી. એસ. બ્રહ્મભટ્ટે આરોપીને ૫ વર્ષની સખત કેદની સજા કરી છે. ભોગબનનાર બાળકીને વિકટીમ કમ્પોઝિશન અન્વયે રૂપિયા બે લાખ નું વળતર આપવાનો હુકમ કરેલ છે. આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા અને સહાયક તરીકે નિલમબેન સાગઠીયા તથા નિલમબેન નાવર રોકાયેલ હતા.

# શૈક્ષણિક સંસ્થાઓ નજીક તંબાકુ-ગુટખાના વેચાણ સામે લાલ આંખ: ૪૮૦ કેસો કરાયા

## રાજકોટ રેન્જ આઈજી અને એસપી દ્વારા આદેશના ઘોડા છુટતા વિશેષ ડ્રાઈવ: એક જ દિવસમાં ૯૬ હજારનો રોકડ દંડ ફટકારાયો

**અબતક, રાજકોટ**

શૈક્ષણિક પરિસર પાસે તંબાકુ સહિતનાનું વેચાણ કરવા પર પ્રતિબંધ હોવા છતા આ શૈક્ષણિક સંકુલો પાસે આ તંકાબુ-ગુટકા સહિતનાનું વેચાણ કરવામાં આવતું હોય છે ત્યારે આવી પ્રવૃત્તિ અટકાવવા માટે રાજકોટ ગ્રામ્ય પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવ યોજવામાં આવી હતી. રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં તમ્બાકુ નિયંત્રણ અધિનીયમ સ્પેશ્યલ ડ્રાઈવ દરમિયાન એક જ દિવસમાં કુલ ૪૮૦ કેસ શોધી કુલ ૯૬,૦૦૦ નો રોકડનો દંડ કરવામાં આવ્યો હતો.રાજકોટ ગ્રામ્ય જિલ્લામાં આવેલ સ્કુલ-કોલેજ કેમ્પસની આસપાસના વિસ્તારમાં ગુટખા-તમ્બાકુનું વિતરણ કરનારાઓ તેમજ સેવન કરનારા લોકો વિરુધ્ધ તમ્બાકુ નિયંત્રણ અધિનીયમ મુજબ અસરકારક કાયદેસર કાર્યવાહી કરવા માટે રાજકોટ રેન્જના આઈ.જી. નિર્લીપ્ત રાય તથા રાજકોટ જિલ્લા પોલીસવડા વિજયસિંહ ગુર્જર દ્વારા સ્પેશ્યલ ડ્રાઈવનું અયોજન કરવા સૂચના આપી હોય જેના અનુસંધાનમાં એએસપી સીમરન ભારદ્વાજ, જસદણ એએસપી નવીન ચક્રવર્તી,ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલા, જેતપુર ડીવાયએસપી આર.એ.ડોડીયાના માર્ગદર્શન હેઠળ રાજકોટ ગ્રામ્ય જિલ્લાના દરેક પોલીસ સ્ટેશનમાં અલગ અલગ પોલીસ ટીમો બનાવી ટીમો ડીવીઝન વાઈઝ તમ્બાકુ નિયંત્રણ અધિનીયમ મુજબ કામગીરી કરવામં આવી હતી.

તમ્બાકુ નિયંત્રણ અધિનીયમ અંગેની સ્પેશ્યલ ડ્રાઈવ દરમિયાન અધિનીયમનો ભંગ કરનારા શખસો વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી કુલ ૪૮૦ કેશો શોધી કુલ રૂ, ૯૬,૦૦૦ નો રોકડ દંડ વસુલવામાં આવ્યો હતો.

### ડિવિઝન વાઈઝ કેસ અને દંડની રકમ

ગોંડલ ડિવિઝનમાં ૨૦૬ કેસ કરી ૪૧,૨૦૦ નો દંડ, જસદણ ડિવિઝનમાં ૯૯ કેસ ૧૯,૮૦૦ નો દંડ, જેતપુર ડિવિઝનમાં ૮૧ કેસ કરી ૧૬,૨૦૦ નો દંડ, ધોરાજી ડિવિઝનમાં ૯૪ કેસ કરી ૧૮,૮૦૦નો દંડ કરવામાં આવ્યો હતો.

# લોન અને ક્રેડિટ કાર્ડના હપ્તા ચૂકવવામાં નિષ્ફળ ગયેલા ૧૩ કેસમાં આરોપીઓ તકસીરવન

## એચડીએફસી બેન્કના યુવા એડવોકેટ સંકેત વસાણી દ્વારા કરવામાં આવેલી દલીલ ધ્યાને લેતી અદાલત

**અબતક,રાજકોટ**

એચડીએફસી બેન્કમાંથી લીધેલી લોન અને ક્રેડિટ કાર્ડના હપ્તા ચૂકવવામાં નિષ્ફળ ગયેલા ૧૩ કેસમાં આરોપીને ત્રણ માસથી એક વર્ષ સુધીની સજાનો અદાલતે હુકમ ફરમાવીઓ કર્યો છે. વધુ વિગત મુજબ એચડીએફસી બેન્કના ક્રેડિટ કાર્ડ પર પાર્થ ધર્મેન્દ્ર પુરોહિત અંકુર ચીમનલાલ વાછાણી ભરત નાગજી ચૌહાણ મહેન્દ્ર કિશન બાંભણિયા નીતા કિશન કુમાર ભેડા, પર્સનલ લોન લેનાર કેતન જગજીવન વિકાણી મથુપત્ર લતીફ પંકજ કનૈયાલાલ પરમાર અને બિઝનેસ



લોન લેનાર કનોજીયા ઝાહિદા બેન ગફારશા વાહન પર લોન લેનાર પ્રફુલાબેન નરોતમ નીરવ રમેશભાઈ પટેલ બામણીયા પ્રવેશ ઓસમાણ સહિત ૧૩ લોનધારકોએ ક્રેડિટ કાર્ડ અને ચેક બાઉન્સ થતા પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ ફરિયાદ દાખલ કરતા જે તમામ સામે કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ ફરિયાદી એચડીએફસી બેન્કના યુવા એડવોકેટ સંકેત વસાણી દ્વારા કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદા ને ધ્યાને લઈ અદાલતે તમામ શખ્સોને તકસીરવાન ઠરાવી ત્રણ માસથી લઈ એક વર્ષ સુધીની સજાનો હુકમ કરવામાં આવ્યો છે.

# વડાળી ગામે બંધ મકાનમાંથી રૂ.૪.૦૭ લાખની મતા ઉઠાવી તસ્કરો ફરાર

## પુનિતનગરમાં રહેતા ક્ષત્રિય યુવાને મકાનના લોકરમાં રાખેલી રૂ.૪ લાખની રોકડ, ચાંદીના ઘરેણાંની ચોરી : જાણભેદું જ કળા કરી ગયાની આશંકા

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે ભાવનગર હાઈવે પર આવેલા વડાળી ગામે બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવી મકાનમાં લોકરમાંથી રોકડ રૂ.૪ લાખ, બે ચાંદીના સિક્કા સહિત રૂ.૪.૦૭ લાખની મત્તા ચોરી કરી ગયાનો બનાવ બન્યો છે. હાલ રાજકોટમાં પનીતનગરમાં રહેતા મૂળ વડાળીના વતની ક્ષત્રીય યુવાન દ્વારા આ અંગે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તસ્કરોના સગળ મેળવવા તપાસ હાથ ધરી છે ચોરીના આ બનાવ માં જણ ભેદુનો હાથ હોવાની શંકા સેવાઈ રહી છે.

ચોરીના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, હાલ ગોંડલ રોડ પર પુનિતનગર શેરી નંબર ત્રણ આશાપુરા નિવાસમાં રહેતા મૂળ વડાળી ગામના વતની વિરેન્દ્રસિંહ પ્રવિણસિંહ જાડેજા (ઉ.વ. ૪૧) દ્વારા ચોરીના આ બનાવ અંગે ફરિયાદ નોંધાવવામાં આવી છે. વિરેન્દ્રસિંહે ફરિયાદમાં જણાવ્યું હતું કે તેમને પિતાની માલિકીની જમીન વડાળી ગામે આવેલી છે. વાડીએ મકાન છે. ગઈ તારીખ ૧૦/૩ ના રોજ બપોરના તેઓ અહીં ગયા હતા ત્યારે તેમણે મકાનમા લોકરમાં ચાર લાખ રોકડ અને ગીફટમાં મળેલા ચાંદીના સિક્કા રાખ્યા હતાં. બાદમાં તારીખ ૧૩/૩ ના ફરિયાદી અહીં વડાળી ગામે આવેલા પોતાના ઘરે આવતા મકાનના તાળા તૂટેલા હોય જેથી ચોરી થયાની શંકા ગઈ હતી.

ઘરમાં તપાસ કરતા ઓશરીની બાજુના રૂમના દરવાજા તેમજ લોકર તોડી લોકરની અંદર રાખેલ રોકડ રૂ.૪ લાખ, બે ચાંદીના સિક્કા, એક ચાંદીનો હાથમાં પહેરવાનો પંજો, એક બલોયુ સહિત ૨૫ ગ્રામ ચાંદી કિં.રૂ. ૭૦૦૦ મળી કુલ રૂપિયા ૪.૦૭ લાખની મત્તા ચોરી થઈ ગઈ હોવાનું માલુમ પડ્યું હતું. જેથી તેમણે આ અંગે આજીડેમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જે ફરિયાદના આધારે પીઆઈ એ.બી. જાડેજાની રાહબરી હેઠળ પીએસઆઈ પી.કે. ગામેતીએ તપાસ હાથ ધરી તસ્કરોના સગડ મેળવવા શોધખોળ શરૂ કરી છે. ચોરીના આ બનાવમાં જાણભેદુનો હાથ હોવાની શંકા સેવાઈ રહી છે.

# રૂ.૨.૧૧ લાખના ૧૪ મોબાઈલ શોધી કાઢી મૂળ માલિકોને પરત આપતી ગોંડલ તાલુકા પોલીસ

**અબતક, રાજકોટ**

ગોંડલ તાલુકા પોલીસ મથકના સ્ટાફે ટેકનિકલ એનાલિસિસ અને સીઈઆઈઆર પોર્ટલની મદદથી ગુમ થયેલા અને ચોરાયેલા ૧૪ મોબાઈલ કિંમત રૂપિયા ૨.૧૧ લાખ શોધી કાઢી તેરા તુજકો કાર્યક્રમ અંતર્ગત મૂળ માલિકને પરત આપ્યા હતા.રાજકોટ રેન્જ આઈજી નિર્લિપ્ત રાય તથા રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર,ગોંડલ ડીવાએસપી કે.જી.ઝાલાએ નાગરીકોના ગુમ-ચોરાયેલ મોબાઈલ ફોન રીકવર કરવા સુચના આપેલ હોય જે અંગે પ્રો.આઈપીએસ પ્રખરકુમારના માર્ગદર્શન અને ગોંડલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ વી.એમ.ડોડીયાએ વિસ્તારમાંથી ગુમ થયેલ મોબાઈલ ફોન શોધી કાઢવા માટે ટેક્નીકલનુ કામ કરતા કોન્સ. જયદીપભાઈ ધાધલને જરૂરી માર્ગદર્શન અને સુચના આપેલ. જે આધારે સીઆર પોર્ટલની મદદથી કુલ-૧૪ મોબાઈલ ફોન કિં.રૂ.૨,૧૧,૯૬૫ શોધી કાઢી રીકવર મોબાઈલ ફોન તેરા તુજકો અર્પણ કાર્યક્રમ કાર્યક્રમ અંતર્ગત મુળ માલીકોને પરત સોંપવામાં આવ્યા હતાં. આ કામગીરીમાં આઈપીએસ પ્રખર કુમારના માર્ગદર્શન હેઠળ પીઆઈ વી.એમ. ડોડીયાની રવિરાજસિંહ, હેડ કોન્સ્ટેબલ પ્રતાપસિંહ, અજયસિંહ, જ્યદીપસિંહ, કોન્સ્ટેબલ રવિરાજસિંહ, જયદીપભાઈ, ભગીરથભાઈ, રાજેન્દ્રસિંહ, નયનાબેન અને અલ્પાબેન સહિતનો સ્ટાફ સાથે રહ્યો હતો.

# નોકરી અપાવવાના બહાને લીધેલા નાણા ચુકવવા આપેલા બે ચેક રિટર્ન કેસમાં શિક્ષકને એક વર્ષની જેલ

## ચેકની રકમનું વળતર ચુકવવામાં કસુર ઠરે તો વધુ છ માસની સજા ભોગવવાનો હુકમ

**અબતક, રાજકોટ**

રેલવેમાં નોકરી અપાવવા લલચાવી લીધેલા નાણા બાદમાં પાછા ચુકવવાના થતા આપેલા બે ચેક રિટર્ન થવાના કેસમાં અદાલતે મહારાષ્ટ્રના શિક્ષકને એક વર્ષની જેલસજા અને બંને ચેકની રકમ વળતર તરીકે ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે.હાલ રાજકોટમાં રહેતા મુળ મહારાષ્ટ્રના વતની દેવેન્દ્રભાઈ લોટનભાઈ પાટીલે રાજકોટની અદાલતમાં વર્ષ ૨૦૨૨માં નેગોશ્યેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ ફરીયાદ નોંધાવી હતી. તેમાં તેમના સંબંધી મહારાષ્ટ્રના જલગાંવની મમતા સ્કૂલના શિક્ષક ગોરખ છાબુ નાયકવાડે પોતાને રેલ્વે તંત્રમાં ખુબ મોટી ઓળખાણ છે અને ફરીયાદીના યુવાન પુત્રને તેઓ રેલ્વેમાં નોકરી અપાવી દેવાની ખાતરી આપીને દેવેન્દ્ર પટેલ પાસેથી ઓનલાઈન તથા રોકડથી મોટી રકમ મેળવી હતી અને ગોરખ છાબુ નાયકવાડે રેલ્વેના એપોઈન્ટમેન્ટ લેટર પણ આપેલ હતા, પરંતુ ખરાઈ કરતા જાણવા મળેલ કે સદરહું ડોકયુમેન્ટ બોગસ છે, તેથી છેતરાયેલા દેવેન્દ્ર પાટીલને ગોરખ છાબુ પાટીલે વિનંતી કરેલ કે ‘‘મારી નોકરી જતી રહેશે, હું તમોને તમારી રકમ પરત આપી દઈશ, ફરિયાદ કરતા નહીં‘‘ તેમ કહી રકમ પરત આપવા અંગે નોટરાઈઝડ લખાણ કરી આપેલ અને અમુક રકમ પણ પરત ચુકવેલ હતી. ત્યારબાદ કાયદેસરની લેણી નીકળતી રકમ પેટે આરોપી ગોરખ છાબુ નાયકવાડ દ્વારા અલગ અલગ બે ચેકો આપેલ હતા, જે ચેકો દેવન્દ્રભાઈ દ્વારા બેંકમાં રજુ રાખતા બંને ચેકો ‘‘ફંડસ ઈનસફિસ્યન્ટ‘‘ ના શેરા સાથે પરત ફરેલ જેથી ફરીયાદી એ પોતાના એડવોકેટ મારફત લીગલ નોટિસ બાદ અદાલતમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ હેઠળ કેસ દાખલ કરવામાં આવેલ હતો.સદરહું કેસ ચાલવા ઉપર આવતા ફરીયાદપક્ષ દ્વારા રજુઆત કરવામાં આવેલ કે ચેક મુજબની રકમ આરોપી દ્વારા ફરીયાદીને ચુકવવામાં આવેલ નથી. અદાલત દ્વારા માનવામાં આવેલ કે ફરીયાદીને યોગ્ય ન્યાય વળતર મળે તે એક વર્ષની કેદની સજા તથા સી.આર.પી.સી. ની કલમ-૩૫૭ (૩) અન્વયે ફરીયાદીને ૨ ચેકની રકમનું વળતર ચુકવવામાં કસુર કરે તો આરોપીને વધુ છ માસની કેદની સજા ભોગવવાનો


એડવોકેટ કીરીટ નકુમ

હુકમ કરેલ હતો. આ કામમાં ફરીયાદી તરફે લો ફર્મ યુવા લો એસોસિએટના એડવોકેટ કીરીટ નકુમ, હેમાંસુ પારેખ, કુલદીપ ચૌહાણ, યશપાલ ચૌહાણ, અશ્વિન અખેજા, નિધિ રાયચુરા, ડેનીશા રાઠોડ, દિલીપ વઘેરા રોકાયા હતા.

# બાળકી સાથે અડપલા કરવાના ગુનામાં આરોપીની જામીન અરજી રદ

**અબતક, રાજકોટ**

ગાંધીગ્રામ પોલીસ મથક વિસ્તારમાં ચાર વર્ષની માસુમ બાળકી સાથે અડપલા કરવાના ગુનામાં જેલ હવાલે રહેલા આરોપીની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. ગાંધીગ્રામ પોલીસ મથક વિસ્તારમાં રહેતી પરણીતા પરિવાર સાથે ટેમ્પામાં ઘરવખરીનો સામાન લઈ ગત તારીખ ૩૧ ૫ ૨૦૨૪ ના રોજ મોરબી જવા માટે નીકળ્યા ત્યારે તેમની ચાર વર્ષની માસુમ બાળકીને ટેમ્પામાં આગળ બેસેલ હતી. ત્યારે માધાપર ચોકડી થી બેડી ચોકડી વચ્ચે ટેમ્પાનો ચાલક અને સાથેના માણસે બાળકીને ગુપ્ત ભાગે અડપલા કર્યા અંગેની ફરિયાદ નોંધાવતા હતી.પોલીસે બે આરોપીની ધરપકડ કરી હતી. જેમાં કાલાવડ રોડ અવધના ઢાળિયા પાસે વીરસાવરકર નગર રહેતો યશ મિલનભાઈ ત્રિવેદીએ જામીન ઉપર છૂટવા સેશન્સ કોર્ટમાં અરજી કરી હતી. જામીન અરજી સુનાવણી પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકારી વકીલે જામીન અરજીનો વિરોધ કરતા રજૂઆત કરી કે આરોપી સામે નો કેસ પોકસો કોર્ટમાં ચાલુ છે અને તે કેસમાં ફરિયાદી તથા ભોગ બનનાર બાળકીની જુબાની લેવાઈ ગયેલ છે તેઓએ બનાવને સંપૂર્ણ સમર્થન કરતા જુબાની આપેલ છે. આરોપીને ભોગબનનાર બાળકીએ ઓળખી બતાવેલ છે તેથી આવા ગંભીર ગુનામાં આરોપીને જામીન આપવા જોઈએ નહીં તે રજૂઆત ધ્યાને લઈ સેશન્સ જજ ટી એસ બ્રહ્મભટ્ટએ આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ કરી છે. આ કામમાં સરકાર તરફે સરકારી વકીલ મુકેશભાઈ પીપળીયા રોકાયેલ હતા

### કેન્દ્ર સરકારે ફાળવેલા ૧૪૫૨ કેએલ જથ્થામાંથી

# ગુજરાતના દરેક જિલ્લામાં ૩૬ હજાર લીટર કેરોસીનનો જથ્થો ફાળવાશે

## પરિવાર દીઠ પાંચ લીટર અને સંસ્થાઓને ૨૫ લીટર કેરોસીન અપાશે

**અબતક, રાજકોટ**

રાજ્યના દરેક જિલ્લામાં ૩૬ હજાર લીટર કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવશે જેમાંથી પરિવાર દીઠ પાંચ લીટર અને સંસ્થાદીઠ ૨૫ લીટર કેરોસીન આપવામાં આવશે.

વિશ્વસ્તરે પ્રવર્તમાન ભૌગોલિક-રાજકીય પરિસ્થિતિને કારણે ઉર્જા પુરવઠા પર ઉભા થયેલા જોખમોને પહોંચી વળવા માટે ભારત સરકાર દ્વારા ગુજરાત રાજ્યને વર્ષ ૨૦૨૫-૨૬ માટે ૧૪૫૨ કેએલ કેરોસીનનો એડહોક જથ્થો ફાળવવામાં આવ્યો છે. આ જથ્થાનો મુખ્ય ઉપયોગ રાંધવા અને પ્રકાશ માટે કરવાનો રહેશે

રાજ્યના આદિજાતિ જિલ્લાઓના ગ્રામીણ વિસ્તારના અંત્યોદય તથા પીએચએચ પરીવારોને કેરોસીનનો જથ્થો ફાળવવાની કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. જેની કાર્યપધ્ધતિ નીચે મુજબ રહેશે.

'' કેંન્દ્ર સરકારે ફાળવેલ ૧૪૫૨ કેએલ માથી દરેક જિલ્લામાં કલેકટર હસ્તક ૩૬ કેએલ (૩૬ હજાર લીટર ) ની ફાળવણી કરવામા આવશે.,

કેરોસીનના જથ્થામાથી પરીવાર દીઠ ૫ (પાંચ) લીટર તથા સંસ્થા દીઠ ૨૫ (પચ્ચીસ) લીટર ફાળવણી કલેક્ટર કરી શકશે., '' આ જથ્થો ૧૨ હજાર લીટરના ગુણાંકમા કલેક્ટર દ્વારા ડીમાન્ડ મોકલી ઉપાડ કરવાનો રહેશે.,

કેરોસીનના વિતરણમા ગ્રામીણ પરિવારો અને અંતરિયાળ વિસ્તારોમાં વસતા લાભાર્થીઓ., શાળા હોસ્ટેલોમાં રહેતા બાળકો અને મધ્યાહ્ન ભોજન કાર્યક્રમ હેઠળની સંસ્થાઓ., રજિસ્ટર્ડ વૃદ્ધાશ્રમો, અન્નક્ષેત્રો અને અન્ય સેવાકીય સંસ્થાઓ., બાંધકામ કે ઔદ્યોગિક એકમોમાં કાર્યરત મજૂર વર્ગની ભોજન તૈયારીના હેતુ માટે. અને અન્ય સરકારી કે ખાનગી સામાજિક સંસ્થાઓ જે બળતણ માટે સંપૂર્ણપણે એલપીજી પર આધારિત છે.

રાજ્યમાં પેટ્રોલ,ડીઝલ તથા એલ.પી.જી નો પુરતો જથ્થો ઉપલબ્ધ છે.

એક જ ગ્રાહક દ્વારા બે સિલિન્ડરના બુકીંગ વચ્ચે શહેરી વિસ્તારમાં ૨૫ દિવસ તથા ગ્રામીણ વિસ્તારમાં ૪૫ દિવસનુ અંતર રાખવા બાબતની સૂચના બહાર પાડેલ છે. જેથી ગ્રાહકો દ્વારા બિનજરૂરી ઓનલાઇન બુકીંગ માટે પ્રયત્ન કરવામાં ન આવે જેથી સર્વર પરનો લોડ ઘટાડી શકાય.

રાંધણ ગેસનો બચાવ કરવા બને ત્યા સુધી કુકરનો ઉપયોગ,કઠોડને પલાળીને તેને બાફવા જેવી બાબતો તેમજ વૈકલ્પિક ઉર્જાસ્રોત તરીકે સોલર કુકર વિગેરેનો ઉપયોગ હિતાવહ છે.

વધુમાં ઘરમાં ઉર્જાની બચત માટે એસીનુ ટેમ્પરેચર ૨૫ તે ઈચ્છનીય છે. સેલ્સીયસ કે તેથી વધુ રાખવામાં આવે

### હોટલ - રેસ્ટોરન્ટને તાત્કાલીક અસરથી પીએનજી કનેકશન આપવા સીએમનો આદેશ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યમાં પીએનજી ગેસ તથા પેટ્રોલિયમ પ્રોડક્ટ્સની સ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક ગાંધીનગરમાં યોજવામાં આવી હતી.

મુખ્યમંત્રીએ આ બેઠકમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે, રાજ્યના જે વિસ્તારોમાં સિટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન માટેનું પાઈપલાઈન ગેસ વિતરણ નેટવર્ક ઉપલબ્ધ છે તેવા વિસ્તારોમાં રેસ્ટોરન્ટ, હોટેલ્સ, શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક-ધાર્મિક સંસ્થાઓ તેમની જરૂરિયાત મુજબ નવા પીએનજી કનેકશનની માંગણી કરે તો ત્યાં તત્કાલ અસરથી કનેકશન આપી દેવાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી,ઊર્જામંત્રી ઋષિકેશ પટેલ, અન્ન નાગરિક પુરવઠામંત્રી રમણભાઈ સોલંકીની ઉપસ્થિતિમાં યોજાયેલી આ બેઠકમાં પ્રાકૃતિક ગેસ પુરવઠાની વર્તમાન સ્થિતિ અંગેની સમીક્ષામાં જણાવવામાં આવ્યું હતું કે, રાજ્યમાં પ્રાકૃતિક ગેસ પુરવઠો (પીએનજી)ના ડોમેસ્ટિક ઉપયોગ માટે ઘરે ઘરે પાઈપલાઈન દ્વારા ગેસ પુરવઠો મેળવી રહેલા નાગરિકો માટે હાલ રાજ્યમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

(અનુ. આઠમા પાને)

# ખેડુતોને રવિ પાક માટે ૩૦ એપ્રિલ સુધી સિંચાઈનું પાણી અપાશે

## રવિ સીઝન લંબાતા રાજય સરકારનો મહત્વપૂર્ણ નિર્ણય

**અબતક, રાજકોટ**

રાજ્યના ખેડૂતોના હિતમાં રવિ સિઝનમાં સિંચાઈ માટે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેમાં આગામી તા.૩૦ એપ્રિલ સુધી સિંચાઈ માટે જળ સંપત્તિ હેઠળ આવતી કેનાલમાંથી પાણી ચાલુ રાખવામાં આવશે તેમ, જળ સંપત્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલે જણાવ્યું હતું. રાજ્યમાં ગત ચોમાસું સમય કરતાં વહેલું શરૂ થવાની સાથે મોડું પૂર્ણ થયું હતું.

ઉપરાંત પાછોતરા કમોસમી વરસાદના કારણે ખેડૂતોનો ખરીફ પાક મોટા પ્રમાણમાં નિષ્ફળ ગયો હતો. વળી ચોમાસુ લંબાવવાના કારણે રવિ સીઝનની વાવણી મોડી થઈ શકી હતી. જેથી આ વર્ષે રવિ સીઝનની પાકની લળણીમાં પણ વાર થવાની શકયતાઓ છે. સામાન્યતઃ રવિ સીઝન માટે જે તે વર્ષના ફેબ્રુઆરી માસના અંત સુધીમાં જળ સંપત્તિ હેઠળની કેનાલમાં સિંચાઈ માટે પાણી આપવામાં આવે છે. આ પરિસ્થિતિઓ ધ્યાને લઈ ખેડૂત આગેવાનો દ્વારા રવિ સિઝનનું પાણી માર્ચ અને એપ્રિલમાં પણ ચાલુ રાખવાની માંગણી કરવામાં આવી હતી.આ બાબતે ઉચ્ચ કક્ષાની બેઠકમાં ચર્ચા થઈ હતી, તેમાં નક્કી થયા મુજબ ચાલુ વર્ષે રવિ સીઝન પાછળ લંબાયેલ હોવાથી પીવાના પાણી અને અન્ય આરક્ષણને ધ્યાને લઈ ખેડૂતોના હિતમાં રવિ સીઝન માટે આગામી તા.૩૦ એપ્રિલ સુધી સિંચાઈ માટે જળ સંપત્તિ હેઠળ આવતી કેનાલમાંથી પાણી ચાલુ રાખવા નિર્ણય કરવામાં આવ્યો છે તેમ, મંત્રી ઉમેર્યું હતું.

# ''ગાય''ને રાજમાતાનો દરજ્જો આપવાનું બિલ વિધાનસભામાં રજૂ કરતા કોંગ્રેસ પ્રમુખ

## અમિત ચાવડાએ જગતગુરૂ શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરજીને આપેલું વચન પાળ્યું



**અબતક, રાજકોટ**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ધારાસભ્ય અમિત ચાવડાએ રાજ્યમાં ગૌવંશના સન્માન અને સુરક્ષા માટે એક અત્યંત મહત્વપૂર્ણ પહેલ કરી છે. થોડા સમય પહેલા અમદાવાદ ખાતે પરમ પૂજ્ય જગતગુરૂ શંકરાચાર્ય શ્રી સ્વામી અવિમુકતેશ્વરજીની પાવન ઉપસ્થિતિમાં યોજાયેલી સભામાં અમિત ચાવડાએ આમંત્રિત મહેમાન તરીકે હાજરી આપી હતી. તે સમયે પૂજ્ય જગતગુરૂ શંકરાચાર્યજી દ્વારા શરૂ કરવામાં આવેલા 'ગૌમાતા રાષ્ટ્રમાતા' અભિયાનને સમર્થન આપતા અમિત ચાવડાએ જાહેરમાં વચન આપ્યું હતું કે, તેઓ ગૌમાતાના સન્માન અને અધિકારો માટે વિધાનસભામાં અવાજ ઉઠાવશે અને જરૂરી કાયદો લાવવા પ્રયત્ન કરશે. પોતાના એ વચનને પૂર્ણ કરતા તેમણે વિધાનસભામાં ''ગુજરાત રાજમાતા (ગૌમાતા દરજ્જો, રક્ષણ અને કલ્યાણ) વિધેયક, ૨૦૨૫'' રજૂ કર્યું છે.

આ વિધેયક દ્વારા રાજ્યમાં ગૌમાતાને પ્રતીકાત્મક રીતે 'રાજમાતા'નો દરજ્જો આપવાની માંગ કરવામાં આવી છે. બિલમાં એવી પણ જોગવાઈ છે કે રાજ્યના દરેક જિલ્લામાં ખાસ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવે, જે ગૌમાતાના ખોરાક, રહેઠાણ અને આરોગ્યની સુવિધાઓનું નિરીક્ષણ કરે. આ ઉપરાંત, બીમાર કે અશક્ત ગૌમાતાને

(અનુ. આઠમા પાને)

# શાળાઓ-સેન્ટ્રલાઈઝડ કિચન માટે ગેસનો પુરવઠો પૂરો પાડવા પોષણ યોજનાના કમિશનરનો આદેશ

## મિડલ ઈસ્ટમાં યુદ્ધના કારણે ઊભી થયેલી એલપીજી ગેસની અછતની સીધી અસર શાળાઓના મધ્યાહન ભોજન પર ન પડે તે માટે રાજ્ય સરકાર એક્શન મોડમાંઃ જિલ્લા પુરવઠા અધિકારીઓને ગેસ પુરવઠો સુનિશ્ચિત કરવા જવાબદારી સોંપવામાં આવી

**અબતક, રાજકોટ**

મિડલ ઈસ્ટમાં યુદ્ધના કારણે ઊભી થયેલી એલપીજી ગેસની અછતની સીધી અસર શાળાઓના મધ્યાહન ભોજન પર ન પડે તે માટે રાજ્ય સરકાર એક્શન મોડમાં આવી છે. પીએમ પોષણ યોજનાના કમિશનરે તમામ જિલ્લા કલેકટરો અને મ્યુનિસિપલ કમિશનરોને પત્ર લખીને શાળાઓ અને સેન્ટ્રલાઈઝ્ડ કિચન માટે ગેસનો પુરવઠો કોઈપણ અવરોધ વિના અને પ્રાથમિકતાના ધોરણે પૂરો પાડવા સૂચના આપી છે.

પીએમ પોષણ યોજનાના સંયુક્ત કમિશનર એન.એસ. ગુપ્તા દ્વારા ૧૩મી માર્ચ ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા પરિપત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે, આ યોજના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ ૨૦૧૩ અંતર્ગત આવે છે. બાલવાટિકાથી ધોરણ ૮ સુધીના બાળકોને નિયમિત ભોજન પહોંચાડવું એ રાજ્ય સરકારની કાનૂની બાંહેધરીરૂપ ફરજ છે. આથી, કોઈપણ સંજોગોમાં શાળાઓમાં રસોઈ બંધ થવી જોઈએ નહીં.



આ ગંભીર મુદ્દે શિક્ષણ વિભાગ અને અન્ન તથા નાગરિક પુરવઠા વિભાગના નાયબ સચિવોને પણ જાણ કરવામાં આવી છે. તમામ મહાનગરપાલિકાઓના નાયબ કલેક્ટરોને આદેશ અપાયો છે કે તેઓ સ્થાનિક સ્તરે ગેસ સપ્લાય પર દેખરેખ રાખે જેથી બાળકોના પોષણ પર કોઈ વિપરીત અસર ન પડે.

ઉલ્લેખનીય છે કે ૧૧ માર્ચે આણંદ જિલ્લાની આસોદર પ્રાથમિક કન્યા શાળાના આચાર્ય દ્વારા મધ્યાહન ભોજન યોજના ખોરવાય નહીં તે માટે વહીવટી તંત્ર પાસે ગેસ સિલિન્ડરની માગ કરી હતી. અને આ ગંભીર મુદ્દે ગેસ એજન્સીને પત્ર લખીને જણાવ્યું હતું કે, માર્ચ ૨૦૨૬થી શાળાના મધ્યાહન ભોજન માટે પુરવઠામાં ૬ રાંધણગેસના સિલિન્ડરની ફાળવણી તાત્કાલિક ધોરણે કરવામાં આવે. પી.એમ. પોષણ યોજના અંતર્ગત બાળકોને આપવામાં આવતા ભોજનમાં ગેસની અછતને કારણે મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. ભવિષ્યમાં બાળકોનું ભોજન બંધ ન થાય તે માટે આ પૂર્વતૈયારીના ભાગરૂપે રજૂઆત કરાઈ હતી. સમય જતા રાજ્યના અનેક જિલ્લામાં આવી સમસ્યા સામે આવી હોવાથી સરકારે આ નિર્ણય લીધો હોઈ શકે છે.

### ગેસ એજન્સીઓને પીએમ પોષણ યોજનાના કેન્દ્રોને અગ્રતા આપવા પણ આદેશ

પરિપત્રમાં જણાવાયું છે કે, રાજયની શાળાઓમાં વિદ્યાર્થીઓ માટેનું ભોજન એલપીજી સિલિન્ડર પર રાંધવામાં આવે છે, જ્યારે એનજીઓ સંચાલિત શાળાઓમાં સેન્ટ્રલાઈઝ્ડ કિચન મારફતે ભોજન તૈયાર થાય છે. વૈશ્વિક અસ્થિરતાને કારણે ગેસ સપ્લાયમાં અડચણો આવી રહી છે, ત્યારે ગેસ એજન્સીઓને પીએમ પોષણ યોજનાના કેન્દ્રોને અગ્રતા આપવા આદેશ અપાયો છે. જિલ્લા પુરવઠા અધિકારીઓને ગેસ પુરવઠો સુનિશ્ચિત કરવા જવાબદારી સોંપવામાં આવી છે. સેન્ટ્રલાઈઝ્ડ કિચન માટે જરૂરી ઇંધણના જથ્થામાં કોઈ વિધ્ન ન પડે તે જોવાની તાકીદ કરી છે.

# એઈમ્સ હોસ્પિટલના રાજસ્થાની તબીબી વિદ્યાર્થીએ ટ્રેન હેઠળ પડતું મૂકી જીવન ટૂંકાવ્યું

## ૨૮ જાન્યુ.એ હોસ્ટેલમાંથી ગુમ થયા બાદ પરાપીપળીયા પાસે રેલવે ટ્રેક પર આપઘાત કરવા પહોંચ્યો પરંતુ સ્થાનિકની સતર્કતાથી જીવ બચયો તો એજ સ્થળે મૃતદેહ મળી આવ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટની એઈમ્સ હોસ્પિટલની હોસ્ટેલમાં રહીને એમબીબીએસના અંતિમ વર્ષમાં અભ્યાસ કરતા રાજસ્થાનના ૨૬ વર્ષીય તબીબ છાત્રએ ટ્રેન નીચે પડતું મૂકી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. બનાવથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.ઘટનાને પગલે ગાંધીગ્રામ પોલીસ



સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ રાજસ્થાનના જેસલમેરનો વતની અને હાલ એઈમ્સ () હોસ્પિટલની હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતા રતનકુમાર મોહનલાલ મેઘવાણ (ઉં ૨૬) આજે સવારે ઘંટેશ્વર અને પરાપીપળીયા ફાટક વચ્ચે ટ્રેન નીચે કપાયેલી હાલતમાં તેનો મૃતદેહ મળી આવ્યો હતો.આ બનાવની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ મૃતદેહને પીએમ અર્થે ખસેડી મૃતકના પરિવારને જાણ કરતા આવવા માટે નીકળ્યા હોવાનું જાણવા મળ્યું છે. પ્રાથમિક તપાસમાં રતનકુમાર અગાઉ ૨૮ જાન્યુઆરીએ પણ હોસ્ટેલમાંથી ભેદી રીતે ગાયબ થયો હતો. તે

(અનુ. આઠમા પાને)

### અગાઉ મળી આવેલી સ્યુસાઈડ નોટમાં અંગત પરેશાની, એક સાથી છાત્રા પ્રત્યેની એકતરફી લાગણી અને સતત વિચારોમાં ખોવાયેલો રહેતો

# સસ્તા અનાજની દુકાનદારોના કમિશનમાં વધારો તુવેરદાળ, ચણા અને ખાંડ હવે પેકિંગમાં મળશે

## રાજયના દરેક જિલ્લામાં પ્રિ-લિટીગેશન અને સમાધાન કેન્દ્રો સ્થપાશે

**અબતક, રાજકોટ**

વિધાનસભા ગૃહમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા વિભાગની અંદાજપત્રીય માગણીઓ વિશે વાત કરતાં મંત્રી રમણભાઈ સોલંકીએ કહ્યું કે વર્ષ ૨૦૨૬-૨૭ના બજેટમાં આ વિભાગ માટે કુલ રૂ. ૨,૮૫૬ કરોડની ઐતિહાસિક જોગવાઈ કરવામાં આવી છે. જે રાજ્ય સરકારની ગરીબો પ્રત્યેની સંવેદનશીલતા દર્શાવે છે.

રાજ્યના ૪.૨૩ કરોડ રેશનકાર્ડ સભ્યોનું ઈ-કેવાયસી પૂર્ણ કરવામાં આવ્યું છે.

અન્ન-પુરવઠા મંત્રીએ કહ્યું કે જાહેર વિતરણ વ્યવસ્થાની મહત્વની કડી એવા ૧૭,૦૦૦થી વધુ વાજબી ભાવના દુકાનદારોના કમિશનમાં મોટો વધારો કરવામાં આવ્યો છે. હવે, તેમને રૂ. ૧૫૦ના બદલે રૂ. ૧૮૫ પ્રતિ ક્વિન્ટલ કમિશન ચૂકવવામાં આવશે. આ માટે રૂ. ૬૭.૨૦ કરોડની વિશેષ જોગવાઈ અલગથી કરાઈ છે.

'સજાગ ગ્રાહક, સુરક્ષિત ગુજરાત'ના મંત્ર સાથે ગ્રાહકોના હિતોના રક્ષણ માટે નવીન પહેલ કરવામાં આવી છે. રાજ્યના દરેક જિલ્લામાં ગ્રાહક તકરાર નિવારણ આયોગોમાં 'પ્રિ-લિટિગેશન અને સમાધાન કેન્દ્રો' સ્થાપવામાં આવશે. જેથી ફરિયાદોનો કોર્ટની લાંબી પ્રક્રિયા વિના ઝડપી ઉકેલ આવશે. વધુમાં, કાયદાકીય માપ વિજ્ઞાન તંત્રની કામગીરીને વધુ પારદર્શક બનાવવા ઈન્વેસ્ટર ફેસિલિટેશન પોર્ટલ (ઈંશ્ર્ક્ષ) કાર્યરત કરાયું છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું.તુવેર દાળ, ચણા અને ખાંડના વિતરણમાં પારદર્શિતા વધારવા અને ફરિયાદો ઘટાડવા માટે હવેથી છૂટકને બદલે ૧ કિલોગ્રામના પ્રમાણિત પેકિંગમાં વિતરણ કરવામાં આવશે

૨૪ X ૭ અનાજ મળી રહે તે માટે 'મેડ ઈન ગુજરાત' ગ્રેઈન એટીએમની સુવિધા શરૂ કરાશે. જેમાં લાભાર્થી માત્ર ૩૫ સેકન્ડમાં ૨૫ કિલો અનાજ મેળવી શકશે. વિશ્વમાં પ્રથમવાર કંપનીઓને ગ્રાહકો પ્રત્યેના વર્તન અને ફરિયાદ નિવારણના આધારે રેટિંગ આપવા માટે સીઆરઆઈ તૈયાર કરવા એમઓયુ કરવામાં આવ્યા છે.નવા ગોડાઉનોનું નિર્માણઃ રાજ્યમાં સંગ્રહ ક્ષમતા વધારવા માટે નાબાર્ડની સહાયથી ૪૫ તાલુકાઓમાં ૫૧ નવા ગોડાઉનો બાંધવાની વિચારણા છે, જેનાથી ૯૩,૪૦૦ મેટ્રિક ટન વધારાની ક્ષમતા ઊભી થશે.

કાનૂની માપ વિજ્ઞાન તંત્ર માટે ૬૭ વર્કિંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરી સાધનોની ખરીદી માટે રૂ. ૨૮.૩૮ કરોડની જોગવાઈ કરાઈ છે.

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સંદર્ભ

# પ્રદેશ ભાજપ ચૂંટણી સંચાલન સમિતિની રચનાઃ ગોરધન ઝડફિયા સંયોજક

## આઠ સભ્યોની સમિતિમાં રાજકોટ પૂર્વના ધારાસભ્ય ઉદય કાનગડને સ્થાન





**અબતક, રાજકોટ**

ગુજરાતમાં મહાનગરપાલિકા, નગરપાલિકા, જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચુંટણીની તારીખ જાહેર થવાની ઘડીઓ ગણાય રહી છે. ત્યારે રાજયમાં ફરી કમળનો કલરવ ગુંજી ઉઠે તે માટે પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા દ્વારા આઠ સભ્યોની પ્રદેશ ચૂંટણી સંચાલન સમિતિની રચના કરવામાં આવી છે.

જેના પ્રદેશ સંયોજક તરીકે રાજયના પૂર્વ ગૃહમંત્રી અને પૂર્વ પ્રદેશ ભાજપ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફીયાની નિયુકિત કરવામાં આવી છે.

ચૂંટણી સંચાલન સમિતિના સભ્ય તરીકે પૂર્વ પ્રદેશ ઉપાધ્યક્ષ જયસિંહ ચૌહાણ, પૂર્વ મંત્રી બાબુભાઈ બોખિરીયા, દાહોદ ના સાંસદ જશવંતસિંહ ભાભોર, પૂર્વ મંત્રી પ્રદિપભાઈ પરમાર, રાજકોટ પૂર્વના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, ગુજરાત ભાજપ રમત ગમત સેલના પ્રદેશ કન્વીનર મનિષભાઈ પટેલ અને વલસાડ જિલ્લા ભાજપના પૂર્વ મહામંત્રી શિલ્પેનભાઈ દેસાઈની નિયુકિત કરવામાં આવી છે. ચુંટણી સંચાલન સમીતી દ્વારા સ્થાનીક સ્વરાજયની ચુંટણી માટેની તમામ વ્યવસ્થાઓ અને આયોજનની રુપરેખા તૈયાર કરવામાં આવશે.